The Voice Of Gujarat
Multi Language Newspaper

# નમસ્તે ગુજરાત
Namaste Gujarat

Free Copy

March-2021, Page-24 | ન્યુઝીલેન્ડથી પ્રકાશિત થતુ પ્રથમ ગુજરાતી અખબાર | www.namastegujarat.co.nz | Email : info@namastegujarat.co.nz


## કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરની મહત્વપૂર્ણ જાહેરાત

## ભારત : ૧લી માર્ચથી ૬૦થી વધુના લોકોને કોવિડની રસી અપાશે

નવી દિલ્હી : કોરોના રસીકરણ અભિયાનનો બીજો તબક્કો ૧ માર્ચથી શરૂ થશે. આમાં ૬૦ વર્ષથી ઉપરના લોકોને રસી આપવામાં આવશે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું કે આવા લોકોની સંખ્યા ૧૦ કરોડથી વધુ છે. જાવડેકરે જણાવ્યું હતું કે, બીજા તબક્કામાં ૧૦,૦૦૦ સરકારી કેન્દ્રો અને ૨૦,૦૦૦થી વધુ ખાનગી કેન્દ્રો પર રસી આપવામાં આવશે. કેબિનેટ બ્રીફિંગ દરમિયાન જાવડેકરે જણાવ્યું હતું કે, સરકારી કેન્દ્રો પર રસીકરણ નિઃ શુલ્ક રહેશે. જો કે, ખાનગી કેન્દ્રો / હોસ્પિટલોમાં રસીની કિંમત ૨૫૦ રૂ.ચૂકવવાની રહેશે. રસીકરણના બીજા તબક્કામાં ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકો પણ શામેલ હશે, જે કો-મોર્બિડ છે.


કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, 'સરકારી હોસ્પિટલોમાં રસી મફત હશે અને ખાનગીમાં રસી



લેનારાઓને કિંમત ચૂકવવી પડશે. હવે તમામ સંબંધિત ઉત્પાદકો અને હોસ્પિટલો સાથે ચર્ચા કરવામાં આવશે.ભારતમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના અને કો-મોર્બિડિટીઝનો સામનો કરતા લોકોને રસી માટે સેલ્ફ રજિસ્ટ્રેશન કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે. આ લોકો તે સ્થાનને પણ પસંદ કરી શકશે જ્યાં તેમને રસી લેવાની છે. આ માટે મોબાઈલ એપ્લિકેશનમાં બદલાવ કરવામાં આવ્યા છે. અગાઉ ૫૦ વર્ષથી વધુ ઉંમરનાને નોંધણી કરાવી દેવાની ચર્ચા થઈ હતી, પરંતુ તે વધારીને ૬૦ વર્ષ કરી દેવામાં આવી કારણ કે તેઓ વધુ જોખમી છે. રસીકરણનું પ્રમાણપત્ર કોવિન અને ડિજિલોકર જેવા સરકારી પ્લેટફોર્મ પર ઉપલબ્ધ રહેશે.

એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું હતું કે, આગામી તબક્કામાં સરકારની દરરોજ ૫૦ હજાર લોકોને રસી આપવાની યોજના છે. આજ સુધીમાં દેશભરમાં ૧.૦૭ કરોડ આરોગ્ય કર્મચારીઓ અને ફ્રન્ટલાઈન કામદારો રસી અપાઈ છે. સૂત્રએ જણાવ્યું હતું કે આગામી તબક્કામાં આશરે ૪૦થી ૫૦ ટકા રસીકરણ ખાનગી ક્ષેત્ર દ્વારા કરવામાં આવશે. ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને કેન્દ્રશાસિત પ્રદેશો લક્ષદ્વીપમાં ૭૫ ટકાથી વધુ આરોગ્ય અને આગળના કામદારો રસી અપાઈ છે. કેન્દ્ર સરકારે રાજ્યોને કોરોના રસીકરણની ગતિ વધારવા જણાવ્યું છે.

## પાણીના સંરક્ષણ માટે અત્યારથી જ પ્રયાસ શરૂ કરવા પડશે : મોદી



નવી દિલ્હી : ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી મન કી બાત થકી ૭૪મી વખત રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. આ વખતે પીએમ મોદીએ રેડિયો કાર્યક્રમમાં પાણીના સંરક્ષણ માટે ખાસ ભાર આપ્યો હતો. પીએમ મોદીએ પાણીને પારસથી પણ મહત્ત્વનું ગણાવ્યું હતું. સાથે જ લોકોને પાણીના સંરક્ષણ માટે કામ કરવાની અપીલ કરી હતી. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, જળ આપણા માટે જીવન અને આસ્થા છે. જળ વિકાસની ધારા છે. પાણી તમામ માટે જરૂરી છે. આ પારસથી પણ વધારે મહત્ત્વપૂર્ણ છે. આ પહેલા પ્રસારિત થયેલા મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ દેશના લોકોને કળા, સંસ્કૃતિ અને પ્રવાસન ક્ષેત્રે પ્રેરણા આપતી વાર્તાઓ શેર કરવાનું જણાવ્યું હતું. આ પહેલાના મન કી બાત રેડિયો કાર્યક્રમમાં પીએમ મોદીએ દિલ્હીમાં ગણતંત્ર દિવસ પર થયેલી હિંસાની ઘટનાઓની ટીકા કરી હતી. પાણીના સંરક્ષણ માટે અત્યારથી જ પ્રયાસ શરૂ કરવા પડશે. પાણી આપણા માટે પારસ છે. જળ આપણા માટે જીવન અને આસ્થા છે.

જળ વિકાસની ધારા છે. પાણી તમામ માટે જરૂરી છે. આ પારસથી પણ વધારે મહત્ત્વપૂર્ણ છે. પીએમ મોદીએ પાણીના સંરક્ષણ માટે કરવામાં આવી રહેલા પ્રયાસોનો ઉલ્લેખ કર્યો. આગામી દિવસોમાં 'જલશક્તિ અભિયાન'ની શરૂઆત કરાશે. ગામોમાં જળ સ્ત્રોતોની સફાઈ કરવામાં આવશે. તેમાં આવતા અવરોધો દૂર કરાશે. પીએમ મોદીએ લોકોને અપીલ કરી કે, જળના સંગ્રહ માટે અત્યારથી જ પ્રયાસ શરૂ કરવામાં આવે. જેનાથી ચોમાસામાં જે વરસાદ પડે તે પાણીનો સંગ્રહ કરી શકાય.

મન કી બાત કાર્યક્રમમાં જળ સંરક્ષણ પર ભાર આપતા પીએમ મોદીએ કહ્યુ કે, થોડા દિવસ પછી ૨૨ તારીખે વર્લ્ડ વોટર ડે છે. એક સમય હતો કે ગામમાં કૂવા, તળાવની તમામ લોકો મળીને દેખરેખ રાખતા હતા. હવે આવો જ એક પ્રયોગ તમિલનાડુના તિરુવન્નામલાઈમાં થઈ રહ્યો છે. મધ્ય પ્રદેશના અગરોથા ગામના બબીતા રાજપૂત પણ જે કરી રહ્યા છે તેમાંથી તમને પ્રેરણા મળશે.

પીએમ મોદીએ કહ્યુ કે, આજે નેશનલ સાઇન્સ ડે છે. આજનો દિવસ ભારતના મહાન વૈજ્ઞાનિક ડોક્ટર સી.વી.રામન તરફથી આપવામાં આવેલા 'રમન ઇફેક્ટ' શોધને સમર્પિત છે. આપણે જેવી રીતે બીજા દેશના વૈજ્ઞાનિકો વિશે જાણીએ છીએ તેવી જ રીતે ભારતના વૈજ્ઞાનિકો વિશે જાણવું જોઈએ. મોદીના મન કી બાત કાર્યક્રમ પહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને પીએમ મોદી પર નિશાન તાક્યું છે. તેમણે પીએમ મોદીને પડકાર ફેંક્યો છે કે હિંમત હોય તો ખેડૂતો અને રોજગારીની વાત કરો.

રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને લખ્યું છે કે, હિંમત હોય તો ખેડૂતો અને નોકરીની વાત કરો. ઉલ્લેખનીય છે કે છેલ્લા એક અઠવાડિયાથી રાહુલ ગાંધી પીએમ મોદી પર નિશાન તાકતા રહ્યા છે. તાજેતરમાં તેમણે મોંઘવારીના મુદ્દા પર સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે ટ્વીટ કરતા લખ્યું હતું કે શું ક્યાંક એવી જગ્યા છે જ્યાં દરરોજનું કમાઇને ખાનારા લોકો માટે જરૂરિયાતની વસ્તુઓ મળતી હોય અને ત્યાં જઈને તમને એવું ન લાગે કે સરકાર તમને લૂંટી રહી છે.

## સોમનાથ દાદાનો પ્રસાદ હવે ઘરે બેઠા જ મળશે

સોમનાથ : પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવનાં ભક્તો માટે ખુશીના સમાચાર છે. સોમનાથ મંદીરનો પ્રસાદ પોસ્ટ વિભાગ ભાવિકોનાં ઘર સુધી પહોંચાડશે. ટ્રસ્ટી સેક્રેટરી પ્રવીણ લહેરીએ ઇ-સિસ્ટમથી પોસ્ટલ પ્રસાદ સેવાનો પ્રારંભ કરાવ્યો ૨૫૦ રૂપિયામાં ભારતીય ડાકનાં માધ્યમથી સમગ્ર ભારતમાં મળશે. ૨૦૦ ગ્રામ મગજનાં લાડુ અને ૨૦૦ ગ્રામ ચીક્કી ભારતનાં ગમે તે ખૂણામાં ભારતીય ડાક વિભાગ બેથી ત્રણ દિવસમાં પહોંચાડશે. જેના માટે કોઈપણ વ્યક્તિએ નજીકની પોષ્ટ ઓફીસનો જ સંપર્ક કરવાનો રહેશે. ભક્તોને રૂ.૨૫૦/- (પેકીંગ શીપીંગ ચાર્જ સાથે) અલગથી મનીઓર્ડર ચાર્જ ચુકવી ભારત દેશના તમામ પ્રદેશો ખાતે પોસ્ટ ઓફિસ ખાતેથી પ્રસાદ માટે રજીસ્ટ્રેશન કરાવી પ્રસાદી મેળવી ધન્ય બની શકશે. જેમા સોમનાથ ટ્રસ્ટનાં નામનું રૂપિયા ૨૫૦નું મનીઓર્ડર કરવાથી બેથી ત્રણ જ દિવસમાં ભાવિકોને પોતાના ઘરે જ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવનો પ્રસાદ મળી જશે. આ સંદર્ભે સોમનાથ ખાતે આવેલા રામ મંદિરના ઓડિટોરિયમમાં સોમનાથ ટ્રસ્ટ અને પોસ્ટ વિભાગ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.સોમનાથ ટ્રસ્ટનાં ટ્રસ્ટી સેક્રેટરી પ્રવીણભાઈ અને પોસ્ટ વિભાગનાં અધિકારીઓએ ઈ-સિસ્ટમ દ્વારા આ સુવિધાની શરૂઆત કરી હતી. સોમનાથ ટ્રસ્ટનો પ્રસાદ ભારતીય ફૂડ વિભાગ દ્વારા પ્રમાણિત છે. લાંબા સમય સુધી સારો રહી શકે છે. પોસ્ટ વિભાગ પણ ડાયનેમિક બન્યું છે. આથી ટૂંકા સમયમાં જ સોમનાથનાં ભક્તોને નજીવી રકમે ભારતનાં કોઈપણ સ્થળ સુધી પ્રસાદ પહોંચાડવામાં આવશે. આથી સોમનાથનાં ભક્તોમાં ખુશી વ્યાપી છે.


ન્યુઝીલેન્ડના પ્રથમ ગુજરાતી અખબાર નમસ્તે ગુજરાતમાં
આજે જ આપની જાહેર ખબર બુક કરાવો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
namastegujarat7@gmail.com
જાહેરાત તમારી, માધ્યમ અમારૂં
નમસ્તે ગુજરાતની લેટેસ્ટ ઇ કોપી માટે e copy લખીને આ નંબર પર મોકલો અને આજે જ આપની ઇ કોપી મેળવો +64 219 60 000

# રમકડાં ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાની જરૂર : નરેન્દ્ર મોદી



નવી દિલ્હી : વોકલ ફરો લોકલને પ્રમોટ કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના સૌપ્રથમ ટોય ફેરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. પીએમ મોદીએ આત્મનિર્ભર ભારતનો ઉલ્લેખ કરતા કહ્યું કે ભારતે રમકડાં ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની જરૂર છે અને વૈશ્વિક બજારની માગ સંતોષવા પ્રયાસ કરવો જોઈએ. આ માટે વડાપ્રધાન મોદીએ વર્ચ્યુઅલ સંબોધનમાં જણાવ્યું કે, રમકડા ક્ષેત્રે પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડીને ઈકો-ફ્રેન્ડલી ટોય્ઝનું ઉત્પાદન કરવું જોઈએ. પીએમ મોદીએ આંકડાકીય માહિતી આપતા જણાવ્યું કે, રમકડાનાં વૈશ્વિક સ્તરે ૧૦૦ અબજ ડોલરના બજારમાં ભારતનો હિસ્સો ખૂબજ ઓછો છે અને દેશમાં વેચાતા રમકડાં પૈકી ૮૫ ટકા રમકડાં આયાત કરવામાં આવે છે. દેશમાં મેડ ઈન ઈન્ડિયા ટોય્ઝનું ઉત્પાદન વધારવું જોઈએ.

વર્ચ્યુલ કાર્યક્રમમાં વડાપ્રધાને પારંપરિક રમકડાંનું ઉત્પાદન કરતા ચેન્નાપટ્ટનમ, વારાણસી અને જયપુરના ટોય ક્લસ્ટર સંચાલકો સાથે વાતચીત કરી હતી. પીએમ મોદીએ તેમને બાળકોની પસંદગીને ધ્યાને રાખીને નવીનીકરણ સાથેના રમકડાંનું ઉત્પાદન કરવા પણ આહ્વાન કર્યું હતું. આ ઉપરાંત રમકડાંમાં પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડી ઈકો-ફ્રેન્ડલી રમકડાં બનાવવા અપીલ કરી હતી. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ટોય એક્શન પ્લાન તૈયાર કર્યો છે જેમાં ૧૫ મંત્રાલયોનો સમાવેશ કરાયો છે જેથી દેશનો રમકડા ઉદ્યોગ સ્પર્ધાત્મક રીતે સક્ષમ બની શકે. પીએમ મોદીએ કેટલાક ટોય ક્લસ્ટરને સ્થાનિક સંસ્થાઓનો સંપર્ક કરી તેમના ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ બનાવવા પણ સુચન કર્યું હતું. આ ઉપરાંત રમકડાં ઉત્પાદકોને નવીનીકરણ માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા.

# ગુજરાતના ૪ મહાનગરોમાં રાત્રિ કર્ફ્યુ વધુ ૧૫ દિન લંબાવાયો



અમદાવાદ : ભારતમાં કોરોનાના કેસોમાં બ્લાસ્ટ થતા રાજ્ય સરકારે વધુ એક વખત ચાર મહાનગરોમાં રાત્રિ કરફ્યૂની મુદત લંબાવવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ૨૮ ફેબ્રુઆરીના રોજ રાત્રિ કરફ્યૂની મુદત પૂર્ણ થતી હોવાથી રાજ્ય સરકારે કરફ્યૂને વધુ ૧૫ દિવસ લંબાવવાની જાહેરાત કરી છે. આ અંગે સત્તાવાર નિવેદનમાં રાજ્ય સરકારે જણાવ્યું હતું કે કોરોનાના કેસોમાં વધારો થવાથી ચાર મહાનગરોમાં રાત્રિ કરફ્યૂ વધુ ૧૫ દિવસ લંબાવવામાં આવશે. રાજ્યમાં હાલ ચાર શહેરોમાં રાત્રિના ૧૨થી સવારના ૬ વાગ્યા સુધી કરફ્યૂ લાગુ છે. સરકારે દિવાળી પછીથી સતત પાંચમી વખત કરફ્યૂની મુદત વધારી છે. રાજ્ય સરકારે કરફ્યૂની મુદતમાં વધારો કરતા પરિપત્રમાં સમયનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. રાજ્યમાં કોરોનાનો બોમ્બ ફાટતાં ફરી દૈનિક કેસો ૪૦૦ને પાર પહોંચી ગયા હોવાથી સરકારે રસીકરણને વેગ આપવાનો પણ નિર્ણય કર્યો છે.

# રિલાયન્સ સહિતની કંપનીઓ ડિજિટલ પેમેન્ટ બજારમાં પ્રવેશ કરશે




નવી દિલ્હી : દેશમાં રિલાયન્સ, ગુગલ, ફેશબુક, ટાટા, એમેઝોન, એચડીએફસી બેંક, કોટક મહિન્દ્રા બેંક સહિતની અનેક ફાયનાન્સિયલ કંપનીઓ ડિઝિટલ પેમેન્ટ બજારમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. રિઝર્વ બેક્રએ કહ્યું કે ન્યું અમ્બ્રેલા એન્ટીટી એટલે કે એનયુઈ માટે એપ્લિકેશન ભરવાની તારીખ વધારીને ૩૧ માર્ચ સુધી કરી દીધી છે, પહેલા એપ્લિકેશન ભરવાની છેલ્લી તારીખ ૨૬ ફેબ્રુઆરી સુધી હતી, એનયુઈની મદદથી આ કંપનીઓ યુપીઆઈની જેમ પેમેન્ટ નેટવર્ક તૈયાર કરી શકશે, તેનાથી ડિઝિટલ પેમેન્ટ માર્કેટમાં સ્પર્ધા વધશે.

જાહેર ક્ષેત્રની એક્ટરની એક પણ બેંકે ન્યું અમ્બ્રેલા એન્ટીટીમાં રસ બતાવ્યો નથી, કોઈ પણ સરકારી બેંક પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિકસીત કરવામાં રસ બતવ્યો નથી, ન્યું અમ્બ્રેલા એન્ટીટી અંગે બેંકર્સનું કહેવું છે કે તેનાથી યુપીઆઈ અને આઈએમપીએસનું માળખુ મજબુત બનશે, આ કંપનીઓ માટે અલગથી પેમેન્ટ પ્લેટફોર્મ તૈયાર નહીં કરે. હવે વિવિધ કોન્સોર્ટિયમ પોતાના પ્રપોઝલ પર કામ કરી રહ્યા છે, તે રિઝર્વ બેંકને તે અંગે પ્રભાવિત કરવામાં લાગ્યા છે કે કઈ રીતે ડિઝિટલ ઈકોનોમીને પ્રમોટ કરશે અને વધુને વધુ લોકોને તેના પ્લેટફોર્મ સાથે જોડવાનું કામ કરશે, તમામ કંપનીઓનાં પ્રનિનિધીઓ રિઝર્વ બેંકનાં અધિકારીઓનાં સંપર્કમાં છે, તે ઉપરાંત રેગ્યુલેશન સંબંધીત કામ પણ ચાલું જ છે, એવું મનાય છે કે એપ્લિકેશન રજુ થયા બાદ રિઝર્વ બેંક ઓછોમાં ઓછા ૬ મહિના માટે પ્રસ્તાવનો અભ્યાસ કરશે, ત્યાર બાદ ૨ એનયુઈને લાયસન્સ જારી કરશે, રિઝર્વ બેંક માટે ડેટા સિક્યુરિટી પણ એક મોટો અને મહત્વનો મુદ્દો છે.

# કોરોના : ગુજરાત સહિત ૮ રાજ્યોને કડક પગલાંનો કેન્દ્રનો આદેશ

નવી દિલ્હી : દેશના કેટલાક રાજ્યોમાં કોરોના સંક્રમણના કેસોમાં અચાનક આવેલા ઉછાળાથી દેશભરમાં ચિંતાની લહેર ફરી વળી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેબિનેટ સચિવ રાજીવ ગૌબાએ મહારાષ્ટ્ર, પંજાબ, ગુજરાત, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને જમ્મુ-કાશ્મીરના ચીફ સેક્રેટરી સાથે ઉચ્ચ સ્તરની બેઠક કરી હતી. આ રાજ્યોમાં વિતેલા દિવસો દરમિયાન સંક્રમણના કેસો વધી રહ્યા છે. બેઠક દરમિયાન કેબિનેટ સચિવે રાજ્યોને સાવચેતી અને જાગૃકતા વધારવાના નિર્દેશ આપ્યા હતા. આ રાજ્યોમાં સરકારે કોરોના ગાઈડલાઈનના કડક પાલન પર જોર આપતાં દૈનિક સ્તરે કોવિડ ટેસ્ટિંગ વધારવાના આદેશ કર્યા હતા. રસીકરણ અભિયાન વચ્ચે વિતેલા દિવસોમાં દેશભરમાં કોરોના સંક્રમણના કેસોમાં વધારો નોંધાયો હતો. જેના લીધે પ્રભાવિત રાજ્યો અને પ્રદેશોમાં કડક પ્રતિબંધો ફરીથી લાગૂ કરવાની સ્થિતિ પેદા થઈ હતી. સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્રમાં પણ સ્થિતિ ગંભીર પરિણામ લઈ ચૂકી છે. અહીં દૈનિક સ્તરે સૌથી વધુ ૮,૩૩૩ નવા કેસ સામે આવ્યા હતા અને કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. અહીંના ૩૬માંથી ૨૮ જીલ્લાઓમાં કોરોના સંક્રમણના કેસ સતત વધી રહ્યા છે, જ્યારે વિતેલા ૧૦ દિવસમાં ૨૧ જીલ્લાઓમાં સંક્રમણ વધ્યુ હોવાના સરકારી અહેવાલ છે. વિદર્ભ, અમરાવતી, અકોલા અને યવતમાલ કોરોના સંક્રમણના નવા હોટસ્પોટ તરીકે ઉભરી આવવાથી મહારાષ્ટ્ર ફરી એકવાર કોરોના સંક્રમણની ઝપેટમાં આવતું દેખાઈ રહ્યું છે. બીજી તરફ કેરળમાં દૈનિક ૩૬૭૧ અને પંજાબમાં ૬૨૨ નવા કેસ સામે આવતા કેન્દ્ર સરકાર માટે ચિંતા વધી રહી છે. સ્વાસ્થ મંત્રાલયના જણાવ્યા મુજબ વિતેલા ૨૪ કલાકમાં દેશભરમાંથી ૧૬ હજારથી વધુ કેસ સામે આવ્યા હતા, જેમાંથી ૮૫.૭૫ ટકા કેસ છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી સામે આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે દેશમાં હાલ કોરોના રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે અને પહેલી માર્ચથી રસીકરણનો બીજો તબક્કો શરુ થશે, એવામાં દેશમાં કોરોના સંક્રમણે ફરીવાર માથુ ઉંચકતા કેન્દ્ર સરકારે રાજ્યોને રસીકરણ ઝડપી બનાવવાના ઉપાયો અમલમાં લાવવાના આદેશ આપ્યા હતા.

# ચાઈનીઝ વેક્સીન હોલ્ડ પર રાખી લંકા ભારતીય વેક્સીન વાપરશે



નવી દિલ્હી : દુનિયાભરને કોરોના વાયરસની ભેટ આપનારું ચીને ભલે તેના નાબૂદી માટે વેક્સીન બનાવી લીધી હોય, પરંતુ દુનિયાને ચીની વેક્સીન પર વિશ્વાસ થઈ નથી રહ્યો. હવે શ્રીલંકાએ સ્પષ્ટ કરી દીધું કે, તેને ચીનની કોરોના વેક્સીન સિનોફાર્મ પર ભરોસો નથી. શ્રીલંકાએ ચીની વેક્સીનનો ઉપયોગ રોકીને ભારતીય વેક્સીનના ઉપયોગનો નિર્ણય લીધો છે. શ્રીલંકા તરફથી કહેવામાં આવ્યું છે કે, તેને ચીનની વેક્સીનના પ્રોગ્રામને હાલ હોલ્ડ પર રાખ્યો છે. તેમજ ભારતમાં બનેલ ઓક્સફોર્ડ અને એસ્ટ્રાજેનેકની વેક્સીનના ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે. શ્રીલંકાઈ કેબિનટના પ્રવક્તા ડો.રમેશ પથીરાનાએ કહ્યું કે, ચીની વેક્સીન સિનોફાર્મનું ત્રીજું ટ્રાયલ હજી સુધી પૂરુ થયુ નથી. સિનોફાર્મ વેક્સીનના રજિસ્ટ્રેશનનું ડોઝિયર પણ અમને મળ્યુ નથી. તેથી અમે હાલ તેનો પ્રોગ્રામ હોલ્ડ પર રાખ્યો છે. ડો.પથીરાનાએ આગળ કહ્યું કે, શ્રીલંકા સીરમ ઈન્સ્ટિટ્યૂટમાં તૈયાર એસ્ટ્રાજેનેકાની વેક્સીન પર જ નિર્ભર રહેશે. જ્યારે ચીની કંપની પાસેથી જરૂરી દસ્તાવેજ મળશે, તેના બાદ જ તેના પર વિચાર કરવામાં આવશે. જોકે, તેમણે એમ પણ કહ્યું કે, સિનોફાર્મ વેક્સીનની રજિસ્ટ્રેશનમાં સમય લાગશે. કેમ કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશે હજી પણ તેને મંજૂરી આપી નથી, પરંતુ હાલ આ બાબતે વિચાર ચાલી રહ્યું છે. પ્રવક્તાએ આગળ કહ્યું કે, રશિયાની વેક્સીન સ્પુતનિકને હજી સુધી કોઈ મંજૂરી મળી નથી. તેથઈ શ્રીલંકા પોતાના ૧૪ મિલિયન લોકોને વેક્સીનેશન માટે ભારત દ્વારા નિર્મિત વેક્સીન પર જ નિર્ભર છે. સ્થાનિક મીડિયાના રિપોર્ટ અનુસાર, શ્રીલંકાઈ કેબિનેટે મેડ ઈન ઈન્ડિયા વેક્સીનની ૧૦ મિલિયન ડોઝ ખરીદવા માટે ૫૨.૫ મિલિયન ડોલરની ડીલ કરવામાં આવી છે.

## વિમાનમાં મુસાફરી કરનારાઓ માટે સારા સમાચાર

# ઓછો સામાન લઈને જનારને ટિકિટ દરમાં રાહતની શક્યતા

નવી દિલ્હી : પ્રવાસ કરતી વખતે હંમેશા ઓછો સામાન લઈ જવાથી સરળતા રહે છે. જો કે હવે ઓછો સામાન લઈ જવો તમારા માટે ફાયદારૂપ પુરવાર થઈ શકે છે. સ્થાનિક ઉડ્ડયન ક્ષેત્રે એરલાઈન કંપનીઓ ઓછો સામાન લઈને મુસાફરી કરનાર મુસાફરોને ટિકિટભાડામાં મોટી રાહત આપે તેવી સંભાવના છે. ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ પોતાના એક પરિપત્રમાં તમામ ડોમેસ્ટિક એરલાઈન કંપનીઓને જણાવ્યું છે કે જે મુસાફર ઓછા લગેજ સાથે ટ્રાવેલ કરે છે તેમની માટે આ વ્યવસ્થા હોવી જોઈએ. ડીજીસીએએ ઝીરો બેગેજ/નો બેગેજ પોલિસી અંતર્ગત પ્રવાસીઓને ભાડાંમાં છૂટ આપવાનું સુચન કર્યું છે. ડીજીસીએએ આ અંગેનો સંપૂર્ણ નિર્ણય એરલાઈન કંપનીઓ પર છોડ્યો છે કે તેઓ કિંમતોમાં છૂટ આપે છે કે કેમ. ઝીરો બેગેજ/નો બેગેજ પોલિસીને લઈને ડીજીસીએએના નવા સર્ક્યુલરમાં જણાવાયું છે કે ફક્ત કેબિન બેગેજ લઈને જતા પ્રવાસીઓને ભાડાંમાં રાહત મળી શકશે. વર્તમાન નિયમો મુજબ જે પેસેન્જર ૧૫ કિલોથી વધુ લગેજ લઈને ટ્રાવેલ કરે છે તો તેની પાસેથી વધારાના લગેત પર ચાર્જ વસૂલવામાં આવે છે. અત્યાર સુધી એક વ્યક્તિ ૭ કિલો હેન્ડબેગેજ અને ૧૫ કિલો ચેક ઈન લગેજ લઈને ટ્રાવેલ કરી શકે છે. હવેથી જે લોકો ફક્ત કેબિન બેગેજ લઈને ટ્રાવેલ કરે છે તો તેમને ભાડાંમાં રાહત મળવાની સંભાવના છે. જે મુસાફર ચેકઈન બેગેજ લઈને નથી જતા તેમણે ટ્રાવેલ અગાઉ ટિકિટ બુકિંગ વખતે આ જાણકારી આપવી પડશે જેથી તેમને ટિકિટ ભાડાંમાં છૂટ મળી શકે.

# આસામમાં ત્રણ અને બંગાળમાં આઠ તબક્કામાં મતદાન યોજાશે

નવી દિલ્હી : ચૂંટણી પંચે પાંચ રાજ્યો, અસામ, કેરળ, તમિલનાડૂ, પશ્ચિમ બંગાળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પોંડિચેરીમાં થનારી વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી છે. ચૂંટણી પંચની જાહેરાત મુજબ અસામમાં ત્રણ તબક્કામાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન યોજાશે, જેમાં ૨૭ માર્ચે પહેલાં તબકકાનું મતદાન, પહેલી એપ્રિલે બીજા તબક્કાનું મતદાન, ૬ એપ્રિલે ત્રીજા તબક્કાનું મતદાન થશે. તમિલનાડૂ અને કેરળમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન એક જ તબક્કે આવરી લેવામાં આવશે. આ બંને રાજ્યોમાં ૬ એપ્રિલના રોજ મતદાન યોજાશે. કેન્દ્રશાસિત પ્રદેશ પોંડિચેરીમાં પણ વિધાનસભા ચૂંટણી માટે મતદાન ૬ એપ્રિલના રોજ યોજાશે.

જ્યારે ચૂંટણીને લઈને રાજકીય ઘટનાક્રમોમાં ઘેરાયેલા પશ્ચિમ બંગાળમાં આઠ તબક્કાઓમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન યોજાશે. જે પૈકી ૨૭ માર્ચે પહેલા તબક્કાનું મતદાન, ૧લી એપ્રિલે બીજા તબક્કા માટે મતદાન, ૬ એપ્રિલે ત્રીજા, ૧૦ એપ્રિલે ચોથા, ૧૭ એપ્રિલે પાંચમાં, ૨૨ એપ્રિલે છઠ્ઠા, ૨૬ એપ્રિલે સાતમા અને ૨૯ એપ્રિલે આઠમાં તબક્કા માટે મતદાન યોજાશે. આ તમામ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પરિણામ ૨જી મેના રોજ જાહેર કરાશે.

મુખ્ય ચૂંટણી કમિશ્નર સુનિલ અરોડાએ કહ્યું કે, આપણા માટે મતદાતાઓને સુરક્ષિત અને જાગૃત રાખવા સૌથી મોટું કામ છે. આપણે કોરોનાકાળમાં રાજ્યસભાની ૧૮ સીટો માટે ચૂંટણીની શરૂઆત કરી, બાદમાં બિહાર ચૂંટણી અને હવે આ પાંચ વિધાનસભા ચૂંટણી વધારે પડકારજનક છે. મુખ્ય ચૂંટણી કમિશ્નરે કહ્યું કે, ચૂંટણી દરમિયાન ઘણાં કર્મચારીઓ અને અધિકારી તો કોરોના સંક્રમણની ચપેટમાં આવ્યા, સ્વસ્થ થયાં અને ફરી ચૂંટણી ફરજ નિભાવી.



કેન્દ્ર શાસિત પ્રદેશ પોંડીચેરીમાં એક તબક્કામાં મતદાન યોજાશે અને ૨જી મેએ ચૂંટણી પરિણામ આવશે, ૧૨ માર્ચે નોટિફિકેશન બહાર પડશે, ઉમેદવારી નોંધાવવાની છેલ્લા તારીખ ૧૯ માર્ચ, ઉમેદવારી પરત ખેંચવાની અંતિમ તારીખ ૨૨ માર્ચ, ૬ એપ્રિલે યોજાશે મતદાન, ૨ મેએ પરિણામ આવશે. તમિલનાડુ અને કેરળમાં એક તબક્કમાં મતદાન યોજાશે, કેરળ અને તમિલનાડુંમાં મતદાન ૬ એપ્રિલે થશે, ૨જી મેએ પરિણામ આવશે.

પ્રથમ તબક્કામાં ૪૭ બેઠકો પર ચૂંટણી યોજાશે. અસમ વિધાનસભાની ચૂંટણી માટેનું મતદાન ત્રણ તબક્કામાં યોજાશે. ૨જી મેએ મતગણતરી થશે, ચૂંટણીનું નોટિફિકેશન ૨જી માર્ચે જાહેર થશે, ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૯ માર્ચ, ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ તારીખ ૧૨ માર્ચ, ૨૭મી માર્ચે મતદાન, ૨જી મેએ પરિણામ આવશે. બીજા તબક્કામાં ૩૯ બેઠકો માટે ચૂંટણીનું નોટિફિકેશન ૫ માર્ચે જાહેર થશે, ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ ૧૦ માર્ચ, ઉમેદવારી પરત ખેંચવાની તારીખ ૧૭ માર્ચ, ૦૧લી એપ્રીલે મતદાન થશે.

ત્રીજા તબક્કાની ચૂંટણીમાં ૪૦ બેઠક માટે ચૂંટણીનું નોટિફિકેશન ૧૨ માર્ચે જાહેર થશે, ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ ૧૯ માર્ચ, ઉમેદવારી પરત ખેંચવાની અંતિમ તારીખ ૨૨ માર્ચ, ૦૬ એપ્રીલે મતદાન થશે. પશ્ચિમ બંગાળમાં ટીએમસીનું શાસન છે. ૨૦૧૬ની ચૂંટણીમાં ટીએમસીએ ૨૧૧ બેઠકો જીતી હતી. કોંગ્રેસ અને ડાબેરીઓના ગઠબંધન ૭૬ બેઠકો જીતવામાં સફળ રહ્યું હતું. જ્યારે ભાજપ માત્ર ૩ સીટ જ મેળવી શક્યું હતું અને અન્યના ફાળે ૪ બેઠક આવી હતી. વર્ષ ૨૦૧૬માં અસમમાં ભાજપની સરકાર બની હતી. અહીં ભાજપને ૮૬ બેઠક મળી હતી. કોંગ્રેસને ૨૬ બેઠક મળી અને એઆઈયુડીએફને ૧૩ બેઠક મળી હતી. જ્યારે અન્ય પાસે ૧ બેઠક હતી.

તમિલનાડુમાં એઆઈડીએમકે ગઠબંધને ગત ચૂંટણીમાં ૧૩૪ બેઠક જીતીને સરકાર બનાવી હતી. જ્યારે ડીએમકે અને કોંગ્રેસ ગઠબંધનને ૯૮ બેઠક મળી હતી. કેરળમાં લેફ્ટ પાર્ટીઓ અને કોંગ્રેસના ગઠબંધનની સરકાર છે. અહીં ૧૪૦ બેઠક પર ચૂંટણી યોજાવાની છે. હાલ કેરળમાં કોંગ્રેસ પાસે ૪૭ અને લેફ્ટ પાસે ૯૧ બેઠક છે જ્યારે ભાજપ અને અન્યના ફાળે ૧-૧ સીટ છે. પોંડીચેરીમાં અત્યાર સુધી કોંગ્રેસની સરકાર હતી. હાલ અહીં રાષ્ટ્રપતિ શાસન છે. પોંડીચેરીમાં ૩૦ બેઠકો છે. અહીં કોંગ્રેસ ગઠબંધનની સરકાર પડી ભાંગવાથી સીએમ નારાયણસામીએ રાજીનામું આપવું પડ્યું હતું. હાલમાં અહીં રાષ્ટ્રપતિ શાસન લાગૂ છે.

---

વેબ સિરિઝ તાંડવને કોર્ટની વધુ એક લપડાક

# હિન્દુ દેવી અને દેવતાઓનું અપમાન યોગ્ય નથી : કોર્ટ

નવી દિલ્હી : એમેઝોન પ્રાઈમ વિડિયો પર તાજેતરમાં રિલિઝ થયેલી વેબ સિરિઝ તાંડવ સામે હિન્દુ દેવી દેવતાઓની લાગણી દુભવતા દ્રશ્યોના કારણે ભારે વિરોધ થયો હતો. આ વેબ સિરિઝ કાનૂની વિવાદમાં પણ ફસાઈ ચુકી છે અને હવે સુપ્રીમ કોર્ટ બાદ અલ્હાબાદ હાઈકોર્ટે પણ સિરિઝના નિર્માતાઓની આકરી ઝાટકણી કાઢી છે. હાઈકોર્ટે કહ્યુ છે કે, અભિવ્યક્તિની આઝાદીના નામે હિન્દુ દેવી દેવતાઓનુ અપ માન કરવું યોગ્ય નથી.

તાંડવના મેકર્સને આ પહેલા સુપ્રીમ કોર્ટે ધરપકડથી બચવા માટે રાહત આપવા માટે ઈનકાર કરી દીધો હતો. એ પછી મેકર્સે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. જોકે અહીંથી પણ તેમને નિરાશા જ હાથ લાગી છે.હાઈકોર્ટે પણ આ સિરિઝમાં લોકોની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવામાં આવી હોવાની દલીલને માન્ય રાખી છે.હાઈકોર્ટે એમેઝોનની કન્ટેન્ટ હેડ અપર્ણા પુરોહિતની જામીન અરજી ફગાવી દીધી છે.હવે એવી આશંકા છે કે, આ મામલામાં જે બીજા લોકો સામે ફરિયાદ કરાઈ છે તેમના પર પણ ધરપકડની તલવાર લટકી રહી છે.

આ કેસમાં અપર્ણા પુરોહિત સિવાય ડાયરેક્ટર અબ્બાલ અલી ઝફર , પ્રોડ્યુસર હિમાંશુ મહેરા અને રાઈટર ગૌરવ સોલંકી પર ફરિયાદ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, તાંડવના એક સીનમાં એક્ટર ઝીશાન ઐયુબ દ્વારા ભગવાન શિવ અને ભગવાન રામની મજાક ઉડાવવામાં આવી હતી.

# કેન્દ્ર સરકારે છ વર્ષમાં ૧૫ એઈમ્સને મંજૂરી આપીઃ મોદી

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી તમિલનાડુની ડૉ. એમજીઆર મેડિકલ યુનિવર્સિટીના ૩૩મા દીક્ષાંત સમારોહને સંબોધિત કર્યો હતો. પીએમઓએ આ સમારંભમાં કુલ ૧૭,૫૯૧ કેન્ડિડેટ્સને ડિગ્રી અને ડિપ્લોમાથી સન્માનિત કરવામાં આવશે તેવી માહિતી આપી હતી. તમિલનાડુના રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત પણ આ પ્રસંગમાં સહભાગી બન્યા હતા.

પોતાના સંબોધનમાં વડાપ્રધાને તેમની સરકારે તમિલનાડુમાં ૧૧ નવી મેડિકલ કોલેજની સ્થાપનાને મંજૂરી આપી હોવાનું જણાવ્યું હતું. જે જિલ્લાઓમાં વર્તમાન સમયમાં એક પણ મેડિકલ કોલેજ કાર્યરત નહીં હોય ત્યાં આ નવી કોલેજ સ્થાપિત કરવામાં આવશે. તમિલનાડુમાં બનનારી પ્રત્યેક મેડિકલ કોલેજ માટે ભારત સરકાર ૨,૦૦૦ કરોડ રૂપિયા આપશે. વડાપ્રધાને આપણા દેશમાં ડૉક્ટર્સ સૌથી સન્માનિત વ્યવસાયિકો પૈકીના એક છે અને કોરોના મહામારી બાદ તેમના પ્રત્યેના સન્માનમાં વધારો થયો છે તેમ જણાવ્યું હતું.

વડાપ્રધાને આગળ કહ્યું કે, ૨૦૧૪માં આપણા દેશમાં માત્ર ૬ એઆઈઆઈએમએસ હતી. છેલ્લા ૬ વર્ષમાં તેમની સરકારે દેશભરમાં વધુ ૧૫ એઆઈઆઈએમએસને મંજૂરી આપી છે. ઉપરાંત છેલ્લા ૬ વર્ષોમાં ૨૦૧૪ની સરખામણીએ એમબીબીએસની સીટમાં ૫૦ ટકાનો એટલે આશરે ૩૦,૦૦૦થી વધુનો વધારો થયો હોવાની માહિતી આપી હતી. તે સિવાય ૨૦૧૪ની સરખામણીએ પીજીની સીટમાં ૮૦ ટકાનો એટલે આશરે ૨૪,૦૦૦નો વધારો થયો હોવાનું જણાવ્યું હતું.

---

ચીનમાં નિયમોનો ભંગ કરનારને સજા-દંડ થાય છે

# લો બોલો... ૭ બાળકો જન્મ આપનારા દંપતીને એક કરોડનો દંડ

નવી દિલ્હી : ચીનમાં એક દંપતિએ બે બાળકોની પોલિસિનું ઉલ્લંઘન કર્યુ અને સાત બાળકો પેદા કર્યા. ત્યારબાદ આ દંપતિએ તેની સજાના ભઆગરુપે એક કરોડનો દંડ ભરવો પડ્યો છે. ચીની મીડિયાના એક રિપોર્ટ પ્રમાણે સાત બાળકો પેદા કરવા બદલ આ દંપતિને ૧ લાખ ૫૫ હજાર ડોલર ટલે કે એક કરોડ કરતા વધારેનો દંડ ભર્યો છે.

૩૪ વર્ષની ઝાંગ રોંગરોંગ અને તેના ૩૯ વર્ષના પતિને આ દંડ ભરવો પડ્યો છે. તે બંનેને પાંચ દીકરા અને બે દિકરી છે. જેના કારણે તેમણે સરકારની ટૂ ચાઈલ્ડ પોલિસિનો ભંગ કર્યો છે. જો તેઓ દંડ ના ભરત તો તેમને સાતમાંથી પાંચ બાળકોની સરકારી ઓળખ અને દસ્તાવેજો ના મળત.



જહાંગ નામની મહિલાએ કહ્યું કે તેના પતિ જ્યારે વેપાર માટે બહાર જાય ત્યારે તેને ઘરમાં એકલું લાગતું. જ્યારે તેના જે મોટા બાળકો હતા તેઓ પણ અભ્યાસ માટે બીજી શહેરમાં રહેતા હતા. જેથી તેને કંપની મળી રહે તે માટે તેણે આટલા બાળકોને જન્મ આપ્યો છે. જેનો તને કોઈ અફસોસ પણ નથી. બાળકોને જન્મ આપતા પહેલા અમે આર્થિક રીતે સંપન્ન થયા હતા, જેથી બાળકોને આર્થિક સુરક્ષા મળી રહે.

ઉલ્લેખનીય છે કે વસતી નિયંત્રણ માટે ચીનમાં ૧૯૭૯ના વર્ષમાં વન ચાઈલ્ડ પોલિસિ લાગુ કરવામાં આવી હતી. જ્યારે ૨૦૧૫ના વર્ષમાં ૩૬ વર્ષ બાદ ચીનમાં ટૂ ચાઈલ્ડ પોલિસિ લાગુ કરવામાં આવી છે. જે પ્રમાણે દેશના તમામ નાગરિકોને બે બાળકો પેદા કરવાની જ અનુમતિ છે, જો બેથી વધારે બાળકોને જન્મ આપે તો તેમને દંડ કરવામાં આવે છે.

નમસ્તે ગુજરાત
Namaste Gujarat

**Publisher**
Varun Manek

**Editor - in - Chief**
Varun Manek

**Executive Editor**
Amit Bharwad

**Co-Ordinator**
Ashwini Bharwad

**Distributor and marketing**
Jignesh Shah : 0273840062
info@namastegujarat.co.nz

**Digital Marketing**
Jignesh shah : 0273840062
Varun Manek 021960000
email - info@namastegujarat.co.nz


**For Advertisement**
Contact on
Varun Manek : 021960000
0800626600
(0800NAMO00)
info@namastegujarat.co.nz Or
varun@namastegujarat.co.nz

**Disclaimer:** Namaste Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or commission in the content. Namaste Gujarat is not responsible or liable for any claim made in advertisement or classified. Any questions or comments concerning advertisement or classified within this newspaper should be directed to the Advertiser. The views, advice, opinion and information in letters to the editor, analysis section, legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaste Gujarat.

**આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અને ફોટો અમને અમારા નીચેના ઇ-મેઇલ પર મોકલી શકો છો.**
**info@namastegujarat.co.nz**

### રહસ્ય : ડાયનાસોર ખુબ મહાકાય હતા કે પછી ખુબ નાના હતા

# ડાયનાસોર પાછળના અનેક રહસ્ય



૧૫ કરોડ વર્ષ સુધી દુનિયા પર રાજ કરનાર ડાયનાસોરમાં ખુબ મોટી પ્રજાતિના જીવ હતા કે પછી કદમાં ખુબ નાના રહેતા હતા. ડાયનાસોરને લઇને કેટલીક વિગત સતત સપાટી પર આવતી રહે છે. ડાયનાસોરના સંબંધમાં માહિતી મેળલી લેવા માટે અમેરિકી વૈજ્ઞાનિકોની એક ટીમ દિન રાત એક કરીને મહેનત કરી રહી છે. હજુ સુધીની શોધમાં કેટલીક વિગત ખુલીને સપાટી પર આવી છે. વૈજ્ઞાનિકોએ શોધ બાદ શોધી કાઢ્યુ છે કે ડાયનાસોરે નાની શત્રુ પ્રજાતિઓને બહાર કરીને પોતાની આસપાસની પરિસ્થિતીમાં ફેરફાર કર્યા છે.

હાલમાં જ ડાયનાસોર પર કરવામાં આવેલા અભ્યાસમાં જે વિગત સપાટી પર આવી હતી તે બાબતો સાયન્સ જર્નલમાં પ્રકાશિત કરવામાં આવીછે. ડાયનાસોરના સમુદાયમાં કિશોર એટલે કે ટીનેજર્સની સંખ્યા વધારે રહેતી હતી. એટલે કે કિશોર ડાયનાસોર પોતાની પ્રજાતિમાં સૌથી વધારે હિસ્સામાં હતા. એટલુ જ નહીં બલ્કે કિશોર ડાયનાસોરની વધારે વસ્તીની સમુદાય માટે સ્ત્રોતોની સૌથી વધારે અસર રહેતી હતી.

પૂર્ણ મેસોજોઇક કાળમાં જે ૨૫ કરોડ વર્ષથી લઇને ૬.૬ કરોડ વર્ષ પહેલાનો સમય હતો. એ ગાળામાં એક ટનથી વધારે વજન ધરાવતા ડાયનાસોરની પ્રજાતિ ૧૬૦ કિલોની ઓછી પ્રજાતિઓની તુલનામાં વધારે હતી. કેટલાક વૈજ્ઞાનિકો તો અહીં સુધી પણ કહે છે કે મહાકાય ડાયનાસોરની લાઇફ નાનકડા ઇન્ડાથી શરૂ થતી હતી અને સાથે સાથે મોટા થયા બાદ અલગ અલગ સ્ત્રોતનો ઉપયોગ કરતા હશે. આ ડાયનાસોર પોતાની પરિસ્થિતીની વધારે જગ્યાએ ઘેરતા હતા.

વૈજ્ઞાનિકોના આ મતની ખાતરી કરવા માટે શોધ કરનાર લોકોએ દુનિયાભરના જીવાશ્મોના આંકડા ભેગા કર્યા છે. સાથે સાથે તેમાં અભ્યાસની કામગીરી હાથ ધરી છે. જેમાં ૫૫૦થી વધારે ડાયનાસોર પ્રજાતિઓ સામેલ હતી. વૈજ્ઞાનિકોને માહિતી મળી છે કે મધ્યમ કદના માંસાહરીની હાજરીમાં અંતર દેરક સમુદાયમાં રહેતા હતા. જેમાં ટિ રેક્સ જેવા શિકારી જીવ હતા. આ અંતરને દુર કરવા માટે યુવા અથવા તો કિશોર ડાયનાસોર કામ કરતાહતા.

જુરાસિક સમુદાયમાં આ અંતર ઓછુ રહ્યુ હતુ. જ્યારે ક્રિટેશિયસમાં આ અંતર વધારેજોવા મળે છે. શોધ કરનાર નિષ્ણાતોએ જીવાશ્મ રેકોર્ડના આધાર પર એક સમયના યુવા વિશાળ ડાયનાસોરના ભારના ગુણા દરેક વર્ષના સંભવિત બચી જતા ડાયનાસોર સાથે કર્યા છે. શોધ કરનાર લોકો એ તારણ પર પહોંચીગયા છે કે ડાયનાસોર પર પણ પરિસ્થિતી પાસાને લાગુ કરવાની બાબત ઉપયોગી જુરાસિક પાર્ક નામની ફિલ્મ થોડાક વર્ષો પહેલા બનાવવામા આવી હતી.જે ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા હાંસલ કરી ગઇ હતી.ત્યારબાદ ડાયનાસોર પર અનેક ફિલ્મ બની ચુકી છે.

તમામ ફિલ્મો ચાહકોને પસંદ પણ પડી છે.ડાયનાસોર જેનો અર્થ યુનાની ભાષામાં મોટી ગરોળી થાય છે. આશરે ૧૬ કરોડ વર્ષ સુધી આ પૃથ્વીના સૌથી મહત્વપુર્ણ અને શક્તિશાળી જીવ હતા. આશરે ૨૩ કરોડ વર્ષ પહેલાથી લઇને ૬.૫ કરોડ વર્ષ પહેલા સુધી તેમની પ્રજાતિ જીવિત રહી હતી. ત્યારબાદ તેમાંતી મોટા ભાગની પ્રજાતિ ક્રિટેશિયસની ઘટના અથવાતો વિલુપ્ત થવાની ઘટનાના કારણે વિલુપ્ત થઇગયા હતા.

અમેરિકાના પ્રાકૃતિક ઇતિહાસ સંગ્રહાલયમાં સંગૃહિત ડાયનાસોરની બેપ્રજાતિના કંકાલ રાખવામાં આવ્યા છે. હિન્દીમાં ડાયનાસોર શબ્દનો અર્થ ભીમસરટ થાય છે. જેનુ સંસ્કૃતમાં અર્થ ભયાનક ગરોળી થાય છે. ડાયનાસોર પશુઓના વિવિધ સમુહ હતા. જીવાશ્મ અને જંતુવૈજ્ઞાનિકોએ હજુ સુધી ડાયનાસોરની ૫૦૦ જુદી જુદી વંશ અને ૧૦૦૦થી વધારે પ્રજાતિઓની ઓળખ કરી છે. કેટલાક ડાયનાસોર શાકાહારી અને કેટલાક માંસાહારી હતા.

કેટલીક પ્રજાતિઓની કંકાળની રચના જુદા જુદા સુધારાની સાથે વિકસિત થઇ હતી. ડાયનાસોરને સામાન્ય રીતે તેમના મહાકાય કદના કારણે ઓળખવામાં આવે છે. જો કે વાસ્તવિકતા એ છે કે કેટલાક ડાયનાસોરના કદ માનવી જેટલા તો કેટલાક માનવી કરતા નાના પણ હતા. ડાયનાસોરના કેટલાક મહત્વપૂર્ણ સમુદાય ઇન્ડા આપવા માટે ખાસ માળા બનાવતા હતા. ડાયનાસોર જીવાશ્મ મળ્યા બાદ ડાયનાસોરના કંકાળ દુનિયા માટે ખાસ આકર્ષણના કેન્દ્ર બની ગયા હતા.

# NASAનું રોવર મંગળ પર સફળતાપૂર્વક લેન્ડ થયું



વૉશિંગ્ટન : અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાએ મંગળ ગ્રહ પર માર્સ પર્સિવરેંસ રોવર મોકલવામાં સફળતા પ્રાપ્ત કરી છે. અમેરિકાની અંતરિક્ષ એજન્સીએ પોતાના માર્સ પર્સિવેરેંસ રોવરનો જેજેરા ક્રેટરમાં સફળતાપૂર્વક લૅન્ડ કરાવ્યું. ૬ પૈડાવાળું આ ઓવર મંગળ ગ્રહ પર ઉતરીને ત્યાં અનેક પ્રકારની જાણકારી એકત્ર કરશે અને એવા ખડકોને લઈને આવશે, જેનાથી એ સવાલોના જવાબ મળી શકે કે શું લાલ ગ્રહ પર ક્યારેય જીવન હતું. જેજેરા ક્રેટર મંગળ ગ્રહનું અંતિર્મ દુર્ગમ સ્થળ છે. અહીં ઊંડી ઘાટીઓ અને પહાડો છે. તેની સાથે જ અહીં રેતીના ટીલા અને મોટામોટા પથ્થર તેને વધુ ખતરનાક બનાવી દે છે. એવામાં પર્સિવેરેંસ માર્સ રોવરની લૅન્ડિંગની સફળતા પર સમગ્ર દુનિયાની નજર હતી.

રોવરના મંગળ ગ્રહ પર લૅન્ડિંગની સાથે જ અમેરિકા મંગળ ગ્રહ પર સૌથી વધુ રોવર મોકલનારો દુનિયાનો પહેલો દેશ બની ગયો છે. એવું માનવામાં આવે છે કે જેજેરા ક્રેટરમાં પહેલા નદી વહેતી હતી જે એક લેકમાં જઈને મળતી હતી. ત્યારબાદ ત્યાં પંખાના આકારનો ડેલ્ટા બની ગયો. વૈજ્ઞાનિકો તેના માધ્યમથી એ જાણવાનો પ્રયાસ કરશે કે શું મંગળ ગ્રહ પર ક્યારેય જીવન હતું. વૈજ્ઞાનિકોનું માનવું છે કે જો ક્યારેય મંગળ ગ્રહ પર જીવન રહ્યું હતું તો તે ત્રણથી ચાર અરબ વર્ષ પહેલા રહ્યું હશે, જ્યારે ગ્રહ પર પાણી વહેતું હતું. વૈજ્ઞાનિકોને આશા છે કે રોવરથી દર્શનશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને અંતરિક્ષ વિજ્ઞાન સાથે જોડાયેલા અગત્યના સવાલના જવાબ મળી શકે છે.

આ પ્રોજેક્ટના વૈજ્ઞાનિક કેન વિલિફોર્ડે કહ્યું કે, શું આપણે એક વિશાળ બ્રહ્માંડ રુપી રણમાં એકલા છીએ કે બીજે ક્યાંય પણ જીવન છે? શું જીવન ક્યારે પણ, ક્યાં પણ અનુકૂળ પરિસ્થિતિઓના કારણે હોય છે? પર્સિવરેંસ નાસા દ્વારા મોકલવામાં આવેલું અત્યાર સુધીનું સૌથી મોટું રોવર છે. ૧૯૭૦ના દશક બાદથી નાસાનું આ નવમું મંગળ અભિયાન છે. નાસાના વૈજ્ઞાનિકોએ કહ્યું કે રોવરને મંગળની સપાટી પર ઉતારવા દરમિયાન સાત મિનિટનો સમય શ્વાસ થંભાવી દેનારો હતો. રોવરે જેવું મંગળ ગ્રહ સફળતાપૂર્વક લૅન્ડ કર્યું તો વૈજ્ઞાનિકોની ખુશીનો પાર ન રહ્યો.

# અમેરિકામાં ભારતીય વસ્તુઓની માગમાં સતત વૃધ્ધિ થઈ રહી છે

ચાર માસમાં ભારતથી અમેરિકાની નિકાસમાં વધારો

નવી દિલ્હી : છેલ્લા ચાર માસથી ભારતમાંથી અમેરિકા ખાતે થતી નિકાસમાં સતત વધારો થઈ રહ્યો છે. જે જોતા એમ કહી શકાય કે અમેરિકામાં ભારતીય વસ્તુઓની માંગમાં વધારો થઈ રહ્યો છે. ઉપલબ્ધ ડેટા મુજબ ગત ડિસેમ્બર માસ દરમિયાન ગત વર્ષની તુલનાએ નિકાસમાં ૧૪.૨ ટકાની વૃધ્ધિ જોવા મળી હતી. જો કે, મહામારીના પગલે ગત વર્ષે એપ્રિલથી ઓગસ્ટ સુધી અમેરિકા ખાતે થયેલી નિકાસમાં ઘટાડો નોંધાયો હતો.

આ પ્રતિકૂળતાના કારણે ચાલુ નાણાંકીય વર્ષમાં એપ્રિલથી ડિસેમ્બરના સમયગાળા દરમિયાન ગત વર્ષના સમાન સમયની તુલનાએ અમેરિકા ખાતે થતી નિકાસમાં ૧૧.૩ ટકાનો ઘટાડો થયો હતો. આ સમયગાળા દરમિયાન અમેરિકાથી થતી આયાતમાંપણ ૨૦.૧ ટકાનો ઘટાડો જોવાયો હતો. સૂચિત સમયગાળા દરમિયાન ભારતે અમેરિકા ખાતે ૫૧.૧૯ અબજ ડોલર (અંદાજે રૂ. ૩.૬૯ લાખ કરોડ) મુલ્યની નિકાસ કરી હતી. જ્યારે ૨૭.૩૯ અબજ ડોલર મુલ્યની આયાત કરી હતી.

ગત ડિસેમ્બર માસ દરમિયાન ભારતે અમરિકા ખાતે ૪.૮૯ અબજ ડોલર (અંદાજે રૂ. ૩૫,૨૦૮ કરોડ) મુલ્યની નિકાસ કરી હતી. જે ડિસે. ૨૦૧૯ દરમિયાન ૪.૨૮ અબજ ડોલરની હતી. જ્યારે ગત ડિસેમ્બરમાં આયાત મુલ્ય ૨.૭૮ અબજ ડોલર રહ્યું હતું. જે ડિસેમ્બર'૧૯ની તુલનાએ ૭.૪ ટકા ઓછું હતું. અમેરિકા સાથેના વેપારમાં ભારત સરપ્લસ સ્થિતિમાં છે. એટલે કે અમેરિકાથી થતી આયાતની સરખામણીએ ત્યાં નિકાસ વધુ થાય છે.

# યુએસની ફાર્મા કંપનીએ એક ડોઝની કોરોના રસી બનાવી



વોશિંગ્ટન : દુનિયાભરમાં કોરોનાનો કહેર વર્તાઈ રહ્યો છે. ભારતના કેટલાક રાજ્યોમાં બીજી લહેર જોવા મળી રહી છે. કોરોના સામે લડવા માટે વિશ્વમાં અનેક કોરોના વેક્સિન તૈયાર કરાઈ છે. જેમાં મોટાભાગની વેક્સિનના બે ડોઝ જરૂરી છે. પરંતુ હવે એક એવી વેક્સિન સામે આવી છે, જેના બે ડોઝની જરૂર નથી. તેનું એક જ ડોઝ પૂરતું હશે.

જોનસન એન્ડ જોનસન નામની કંપનીએ વેક્સિન બનાવી છે. આ કંપનીએ દાવો કર્યો છે કે, એક ડોઝ જ કોરોના વાયરસથી બચવા માટે પૂરતું છે. એફડીએના સલાહકાર શુક્રવારે ચર્ચા કરશે, જેના આધારે તેના ઉપયોગ માટે આગામી દિવસોમાં મંજૂરી મળી શકે છે. સાથે જ એફડીએના વૈજ્ઞાનિકોનું માનીએ તો, આ રસી કોરોના વાયરસ રોકવા માટે ૬૬ ટકા ક્ષમતા રાખે છે. જોનસન એન્ડ જોનસનની આ રસીનો એક જ ડોઝ લેવો જરૂરી હશે અને તે ઉપયોગ માટે સુરક્ષિત છે. એફડીએના સ્વતંત્ર સલાહકાર આ અંગે ચર્ચા કરશે કે આ રસીને મંજૂરી આપવા માટે પૂરતાં પુરાવા છે.

જે બાદ એફડીએ દ્વારા અંતિમ નિર્ણય કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં અત્યાર સુધી લગભગ ૪.૪૫ કરોડ લોકોને કોરોના વેક્સિનનો એક ડોઝ આપવામાં આવ્યો છે. જ્યારે બે કરોડ લોકોને બે ડોઝ મળ્યાં છે.

# બોર્ડર પર શાંતિ જાળવવા ભારત અને પાકિસ્તાનની વચ્ચે સમજૂતી

નવી દિલ્હી : ઘણા લાંબા સમય બાદ ફરી એક વખત ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં સુધારો લાવવા પહેલ થઈ છે. બંને દેશના સૈન્ય અભિયાનોના ડાયરેક્ટર જનરલ વચ્ચે બુધવારે એક બેઠક યોજાઈ હતી. તેમાં આજથી એટલે કે ૨૪-૨૫ ફેબ્રુઆરીની રાતથી જ સમયાંતરે બંને દેશો વચ્ચે જે સમજૂતીઓ થયેલી તેને ફરી અમલમાં લાવવા નક્કી થયું છે. ભારતીય સેનાના લેફ્ટિનન્ટ જનરલ પરમજીત સિંહ અને તેમના પાકિસ્તાની સમકક્ષે હોટલાઈનના માધ્યમથી થયેલી વાતચીતમાં સીઝફાયરનું ઉલ્લંઘન, યુદ્ધવિરામ, કાશ્મીર મુદ્દો સહિત અનેક બાબતોની સમજૂતી પર ચર્ચા કરી હતી. બંને દેશોએ નિયંત્રણ રેખાની સ્થિતિ અંગે પણ સમીક્ષા કરી હતી. ત્યાર બાદ બંને દેશ દ્વારા સંયુક્ત નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું. ભારત-પાકિસ્તાને સંયુક્ત વક્તવ્યમાં જણાવ્યું કે, બંને દેશો આંતરિક સમજૂતીઓ, કરારો અને સંઘર્ષવિરામના સખ્તાઈથી પાલન માટે રાજી છે. સાથે જ ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીની મધ્યરાત્રિથી નિયંત્રણ રેખાના તમામ ક્ષેત્રોમાં તેનું પાલન કરવામાં આવશે. બંને દેશોએ નિયંત્રણ રેખા અને અન્ય તમામ ક્ષેત્રોમાં સ્વતંત્ર, સ્પષ્ટ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સ્થિતિની સમીક્ષા કરી હતી. સરહદ પર સ્થાયી શાંતિ જાળવી રાખવા બંને ડીજીએમઓ એક-બીજાના પ્રમુખ મુદ્દાઓ અને ચિંતાઓ પર ધ્યાન આપવા સહમત થયા છે. બંને દેશોએ હોટલાઈન સંપર્કના વર્તમાન તંત્ર માટે સહમતિ વ્યક્ત કરી હતી.

સાથે જ કોઈ પણ અનપેક્ષિત સ્થિતિ કે શંકાના નિવારણ માટે ફ્લેગ બેઠકોનો ઉપયોગ કરવા મામલે પણ સહમતિ દર્શાવી હતી. તે સિવાય વાતચીત દ્વારા તમામ વિવાદો ઉકેલવા પણ વાત થઈ હતી. બન્ને દેશો દ્વારા હોટલાઈન તંત્ર સ્થાપિત કરવામાં આવશે જેની મદદથી બંને દેશો વચ્ચે સમય-સમય પર વાતચીત કરાશે, સીઝફાયર ઉલ્લંઘન, ફાયરિંગ, ઘૂસણખોરી સહિતના અન્ય મુદ્દાઓને વાતચીત દ્વારા ઉકેલવામાં આવશે, ફરીથી નિયમિતપણે ફ્લેગ મીટિંગ શરૂ કરવામાં આવશે. તેના દ્વારા બંને દેશો વચ્ચે જે ગેરમાન્યતાઓ પ્રવર્તી છે તેને દૂર કરવાનો નિર્ણય કરાયો છે.



# Indian Paisa League (IPL) 2021 diary



Sports special
Aakar Vyas

On February 18th, mini IPL auction took place in Chennai for an upcoming IPL 2021. A total of 1114 players registered to be a part of IPL auction out of which 292 players went under hammer.

Total 57 players were sold, out of which the cheapest player being sold for Rs 20 lakh and the costliest player sold for Rs 16.25 Crore. Following is the list of top 3 costliest buys, top 3 surprise buys and a full list of players bought in IPL 2021 auction.

### Top 3 costliest buys of IPL 2021 auction:

**Chris Morris (Rajasthan Royals): Rs 16.25 crore**



South African all-rounder Chris Morris is not a new name in IPL. Previously he has been part of Rajasthan Royals, Delhi Daredevils and Royal Challengers Bangalore. Since 2013, Morris played 70 IPL matches in which he scored 551 runs at an average of 23.95 runs and took 80 wickets.

**Kyle Jamieson (Royal Challengers Bangalore): Rs 15 crore**



Kiwi speedster made is international debut against India at Auckland last year and he has been quite impressive since then (picked 43 wickets in all formats he played so far). In his very first ODI he was awarded man of the match for his all rounder performance. The 6 feet 8 inch tall kiwi has never played in India before so this is going to be interesting to see how Virat utilise his skills in the upcoming IPL.

**Glenn Maxwell (Royal Challengers Bangalore): Rs 14.25 crore**



Aussie all-rounder Glen Maxwell is often known for his aggressive batting playing for Australia. Glen has been part of IPL since 2012 and since then he has been part of Mumbai Indians, Kings X1 Punjab and Delhi Daredevils. Critics questioned RCB's decision to buy Maxwell for such a big amount because Maxwell managed to score only 108 runs (no sixes) and took 3 wickets. It is interesting to see how Maxwell bats at along with Virat and AB.

### Top 3 surprising buys of IPL 2021 auction:

**Cheteshwar Pujara (Chennai Super Kings): Rs 50 Lakh**




Dhoni is known for surprising us with his unusual tactics and he did the same by picking up Pujara in the IPL 2020 auction. Pujara is widely recognised as a proper test batsman by the cricket fraternity but many doesn't know that he a good white ball batsman. In overall T20s Pujara averages almost 30 and has a T20 hundred too. Previously Pujara has been part of Kolkata Knight Riders, Royal Challengers Bangalore and Kings X1 Punjab.

**Harbhajan Singh (Kolkata Knight Riders): Rs 2 Crore**



The Singh is king of Indian cricket has been quite a successful spinner in the IPL for Mumbai Indians and Chennai Super Kings. Bhajji picked 150 wickets and scored 829 runs since 2008. Picking Harbhajan is surprising move by KKR because he is 40 and did not play any competitive cricket in last couple years and hence buying him for Rs 2 crore is a bit surprising move.

**Arjun Tendulkar (Mumbai Indians): Rs 20 Lakh**



When Arjun was picked by Mumbai Indians at his base price of Rs 20 Lakh lot of people raised concerns and accused MI for promoting nepotism in cricket. Mumbai Indians is known for finding and grooming talents like Bumrah, Pandya Brothers and etc. Arjun was a net bowler with MI in IPL 2020 and also played Sayed Mushtaq Ali trophy in 2021.

## List of all players picked in the IPL 2021 auction

**CSK:** Moeen Ali (Rs 7 crore), K Gowtham (Rs 9.25 crore), Cheteshwar Pujra (Rs 50 lakh), Harishankar Reddy (Rs 20 lakh), Bhagath Varma (Rs 20 lakh), Hari Nishanth (Rs 20 lakh)

**DC :** Steve Smith (Rs 2.2 crore), Umesh Yadav (Rs 1 crore), Ripal Patel (Rs 20 lakh), Vishnu Vinod (Rs 20 lakh), Lukman Meriwala (Rs 20 lakh), M Siddharth (Rs 20 lakh), Tom Curran (Rs 5.25 crore), Sam Billings (Rs 2 crore)

**KKR :** Shakib Al Hasan (Rs 3.20 crore), Sheldon Jackson (Rs 20 lakh), Vaibhav Arora (Rs 20 lakh), Karun Nair (Rs 50 lakh), Harbhajan Singh (Rs 2 crore), Ben Cutting (Rs 75 lakh), Venkatesh Iyer (Rs 20 lakh), Pawan Negi (Rs 50 lakh)

**MI:** Nathan Coulter-Nile (Rs 5 crore), Adam Milne (Rs 3.2 crore), Piyush Chawla (Rs 2.4 crore), James Neesham (Rs 50 lakh), Yudhvir Charak (Rs 20 lakh), Marco Jansen (Rs 20 lakh), Arjun Tendulkar (20 lakh)

**PK:** Jhye Richardson (Rs 14 crore), Shahrukh Khan (Rs 5.25 crore), Dawid Malan (Rs 1.5 crore), Riley Meredith (Rs 8 crore), Moises Henriques (Rs 4.20 crore), Jalaj Saxena (Rs 30 lakhs), Utkarsh Singh (Rs 20 lakhs), Fabian Allen (Rs 75 lakh), Saurabh Kumar (Rs 20 lakh)

**RR:** Chris Morris (Rs 16.25 crore), Shivam Dube (Rs 4.4 crore), Mustafizur Rahman (Rs 1 crore), Chetan Sakariya (Rs 1.20 crore), KC Kariappa (Rs 20 lakh), Liam Livingstone (Rs 75 lakh), Kuldip Yadav (Rs 20 lakh), Aakash Singh (Rs 20 lakh)

**RCB:** Glenn Maxwell (Rs 14.25 crore), Sachin Baby (Rs 20 lakh), Rajat Patidar (Rs 20 lakh), Mohammed Azharrudeen (Rs 20 lakh), Kyle Jamieson (Rs 15 crore), Daniel Christian (Rs 4.8 crore), KS Bharat (Rs 20 lakh), Suyash Prabhudesai (Rs 20 lakh)

**SRH:** Jagadeesha Suchith. (Rs 30 lakh), Kedar Jadhav (Rs 2 crore), Mujeeb Ur Rahman (Rs 1.5 crore)

# સોશિયલ મીડિયા-ઓટીટી માટે સરકારની નવી ગાઇડલાઇન જાહેર

નવી દિલ્હી : ભારત સરકારે સોશિયલ મીડિયા અને ઓવર ધ ટોપ (ઓટીટી) પ્લેટફોર્મ માટે ગાઈડલાઈન્સ બહાર પાડી છે. કેંદ્રીય મંત્રી પ્રકાશ જાવડેકર અને રવિશંકર પ્રસાદે પ્રેસ કોન્ફરન્સ કરીને નવા નિયમોની જાહેરાત કરી છે. નવી ગાઈડલાઈન્સ હેઠળ ફેસબુક અને ટ્વિટર જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તેમજ નેટફ્લિક્સ, અમેઝોન પ્રાઈમ, હોટસ્ટાર જેવા ઓટીટી પ્લેટફોર્મ્સ આવશે. જાવડેકરે અગાઉ કહ્યું હતું કે, આ સંદર્ભે નવા દિશાનિર્દેશો તૈયાર કરી દેવાયા છે અને જલદી જ લાગુ કરાશે.

રવિશંકર પ્રસાદે કહ્યું, સોશિયલ મીડિયા કંપનીઓનું ભારતમાં બિઝનેસ કરવા માટે સ્વાગત છે. અમે તેમને આવકારીએ છીએ, તેઓ વેપાર કરે અને રૂપિયા કમાય. તેમણે કહ્યું સરકાર અસહમતિના અધિકારનું સન્માન કરે છે પરંતુ આ અત્યંત જરૂરી છે કે યૂઝર્સને સોશિયલ મીડિયાના દુરુપયોગ અંગે સવાલ ઉઠાવવા માટેનો મંચ પૂરો પાડવામાં આવે. પ્રસાદે કહ્યું, અમારી પાસે ઘણી ફરિયાદો આવે છે કે સોશિયલ મીડિયા પર તસવીરો મોર્ફ કરીને શેર કરવામાં આવે છે. આતંકી પ્રવૃત્તિઓ માટે તેનો ઉપયોગ થાય છે. પ્રસાદે કહ્યું કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનો દુરુપયોગ મસાલા સિવિલ સોસાયટીથી લઈને સંસદ અને સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે.

બીજી તરફ ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ અસોસિએશન ઓફ ઈન્ડિયા (આઈએમએઆઈ) એ કેંદ્ર સરકારને અપીલ કરી છે કે તેઓ ઓટીટી પ્લેટફોર્મ્સને નિયંત્રિત કરતાં પહેલા સ્ટેકહોલ્ડર્સ સાથે વાતચીત કરવાની અપીલ કરી છે. આખી દુનિયામાં નેટફ્લિક્સ, પ્રાઈમ અને હોટસ્ટાર સહિત ઓછામાં ઓછા ૪૦ ઓટીટી પ્લેટફોર્મ છે. કેંદ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, તેઓ ઓટીટી પ્લેટફોર્મને રેગ્યુલેટ કરવાનો વિચાર કરી રહી છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં સુપ્રીમ કોર્ટે વિવિધ ઓટીટી/સ્ટ્રીમિંગ અને ડિજિટલ પ્લેટફોર્મ પરના કન્ટેન્ટ પર નજર રાખવાની અને વ્યવસ્થા માટે એક યોગ્ય સંસ્થા સ્થાપવાની જાહેર હિતની અરજી પર કેંદ્ર પાસેથી જવાબ માગ્યો હતો. ભાજપના ઘણા સાંસદોએ ૧૨ ફેબ્રુઆરીએ લોકસભામાં વેબ સીરિઝને સેન્સરશીપની હદમાં લાવવાની માગ કરી હકી. ભાજપના સાસંદોનું કહેવું હતું કે મોબાઈલ પર વેબ સીરીઝના માધ્યમથી હિંસા, ગાળાગાળી દર્શાવવામાં આવે છે. ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડાય છે માટે સેન્સરશીપની વ્યવસ્થા હોવી જોઈએ.

ફાસ્ટટેગના ઉપયોગ બાદ પણ ટોલ પ્લાઝા પર જામ

# ટ્રાફિક જામ થાય તો ગાડીઓ ટોલ ચુકવ્યા વીના જવા દેવાશે

નવી દિલ્હી : ભારતના વિવિધ હાઈવે પરના ટોલ પ્લાઝા પર ટ્રાફિક જામ વધી જાય તો ગાડીઓને ટોલ ચુકવ્યા વગર જવા દેવાની યોજના પર કેન્દ્ર સરકાર કામ કરી રહી છે. સરકારે જે યોજના બનાવી છે તે પ્રમાણે દેશના તમામ ટોલ પ્લાઝાની દરેક લેન પર ટોલ લેવાની કેબિનથી એક નિશ્ચિત અંતરે એક અલગ રંગની લાઈન બનાવાશે. જો ટ્રાફિક જામ થવા માંડ્યો અને ગાડીઓની કતાર આ લાઈન સુધી પહોંચી ગઈ તો તે લેનમાં ઉભેલી તમામ ગાડીઓને ટોલ ટેક્સ ચુકવ્યા વગર જવા દેવામાં આવશે.

ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રીને સતત એવા રિપોર્ટ મળી રહ્યા છે કે, ફાસ્ટેગના ઉપયોગ પછી પણ ટોલ પ્લાઝાઓ પર જામ લાગી રહ્યો છે.એ પછી તમામ ટોલ પ્લાઝાનુ મોનિટરિંગ શરુ કરવામાં આવ્યુ છે .બીજી તરફ સરકારે વાયદો કર્યો છે કે, ફાસ્ટેગ લાગુ થયા બાદ લોકોને ટોલ પ્લાઝા પર જામનો સામનો નહીં કરવો પડે.

ટોલ પ્લાઝાનુ મોનિટરિંગ કરી રહેલી ટીમનુ કહેવુ છે કે, ફાસ્ટેગનો ઉપયોગ ૯૦ ટકા સુધી પહોંચી ગયો છે ત્યારે હવે ટોલ પ્લાઝા પર થતા જામ માટે કોઈ બહાનુ આપી શકાય તેમ નથી. નવી યોજના પ્રમાણે ટોલ પ્લાઝાથી કેટલા અંતરે લાઈન બનાવવી તેનુ ધારાધોરણ દરેક ટોલ પ્લાઝા પ્રમાણે અલગ અલગ રહેશે.આ માટે જે તે ટોલ પ્લાઝાના ટ્રાફિક ફ્લો અને ત્યાં કેટલી લેન છે તેની સંખ્યાને ગણતરીમાં લેવામાં આવશે.

મધ્યપ્રદેશના પન્નામાં મજૂરનું નસીબ ચમકી ગયું

# લોકડાઉનમાં ઘરે પરત ફરેલા મજૂરને લાખોના બે હિરા મળ્યા

પન્ના : મધ્ય પ્રદેશના પન્ના જિલ્લામાં વધુ એકવાર એક મજૂરનું નસીબ ચમક્યું છે. મળતી માહિતી પ્રમાણે લોકડાઉનમાં ઘરે પરત ફરેલા મજૂર ભગવાનદાસનું નસીબ ચમક્યું છે. ભગવાનદાસને ખાણકામ દરમિયાન એક સાથે ૨ હીરા મળી આવ્યા છે. તે પછી ભગવાન અને તેના સાથીઓની ખુશીનો પાર ન રહ્યો. જણાવી દઈએ કે, પન્ના જિલ્લામાં દર વર્ષે ઘણા બધા લોકો આ રીતે લખપતિ બની જાય છે. ભગવાનદાસે તેના સાથીદારો સાથે પન્ના જિલ્લાના કિતહા ખાતે હીરાની ખાણમાં ખાણકામ શરૂ કર્યું હતું.



ખાણકામ કર્યા પછી તે છેલ્લા કેટલાક દિવસોથી ફિલ્ટરિંગ કરી રહ્યો હતો. આ દરમિયાન ભગવાનદાસને ૨ હીરા મળી આવ્યા. હીરા જોઈને તે ખાણમાં જ ખુશીથી ઝૂમી ઉઠ્યો હતો. ત્યારબાદ તે હીરા લઈને પન્ના જિલ્લા મથક ખાતે ડાયમંડ ઓફિસ પહોંચ્યો હતો. ભગવાનદાસને જે હીરા મળ્યા છે તેમાં એક હીરો ૭.૯૪ અને બીજો હીરો ૧.૯૩ કેરેટનો છે. બજારમાં આ હીરાની અંદાજિત કિંમત આશરે ૩૦ લાખ રૂપિયા હોવાનું જાણવા મળ્યું છે.

ભગવાનદાસે બંને હીરા ખનિજ ઓફિસમાં જમા કરાવ્યા છે. હરાજી બાદ જે રકમ આવશે તેના પર ટેક્સ કાપીને રકમ ભગવાનદાસને ચૂકવવામાં આવશે. ભગવાનદાસ તેના પરિવાર અને સાથીદારો સાથે હીરા જમા કરાવવા ડાયમંડ ઓફિસ પહોંચ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૧માં ડાયમંડ ઓફિસમાં જમા કરવામાં આવેલા આ પહેલા હીરા છે.

મજૂર ભગવાનદાસે કહ્યું કે, હું પહેલાં બહાર કામ કરતો હતો, પરંતુ લોકડાઉનમાં ઘરે આવ્યો હતો. કોઈ કામ ન હોવાથી ઘરે બેઠો હતો. ત્યારબાદ મેં ૫ લોકો સાથે મળીને ખાણકામ શરૂ કર્યું. ફિલ્ટરિંગ દરમિયાન અમને ૨ હીરા મળ્યા છે. મજૂરે કહ્યું કે હવે રૂપિયા ઘરની જરૂરિયાતોને પૂર્ણ કરશે અને બાળકોનું શિક્ષણ સારી રીતે કરવામાં આવશે. હીરા મળ્યા પછી હું ખૂબ જ ખુશ છું. હવે વધુ મહેનત કરીશ.

દેશમાં કોરોના મહામારીએ ફરીવાર માથું ઊંચક્યું

# દસ પ્રભાવિત રાજ્યોમાં કેન્દ્ર દ્વારા ટીમ મોકલાશે

નવી દિલ્હી : ભારતમાં કોરોના મહામારીએ ફરીવાર માથુ ઉંચકતા કેન્દ્ર સરકારે પ્રભાવિત દસ રાજ્યોમાં કેન્દ્રિય ટીમ મોકલાવાનો નિર્ણય કર્યો છે. આ રાજ્યોમાં મહારાષ્ટ્ર, કેરળ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, ગુજરાત, પંજાબ, કર્ણાટક, તમિલનાડૂ, પશ્ચિમ બંગાળ અને જમ્મુ-કાશ્મીર સામેલ છે. આ દસ રાજ્યોમાં કોરોના સંક્રમણની સ્થિતિ ગંભીર બનતી જોવા મળી રહી છે. અચાનક વધી રહેલા કોરોના સંક્રમણના કેસને લઈને કેન્દ્ર સરકારે ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજી હતી અને આ પહેલા કેન્દ્ર સરકારે તમામ રાજ્ય સરકારોને દૈનિક સ્તરે આરટી-પીસીઆર ટેસ્ટિંગ વધારવાની સૂચના આપી હતી. નોંધનીય છે કે, દેશમાં કોરોના સંક્રમણના વધતાં કેસને મુદ્દે દેશના કેટલાક રાજ્યોમાં કોવિડ પ્રતિબંધો ફરીવાર લાગૂ કરાયા હતા. હાલમાં મહારાષ્ટ્ર અને કેરળમાં ગંભીર સ્થિતિ બની રહી છે. મહારાષ્ટ્ર સરકારે તો પહેલા મુખ્ય શહેરોમાં રાત્રિ કર્ફ્યુ લગાવી ચૂકી છે, અહીં કેટલાક શહેરોમાં શાળા કોલેજો બંધ કરવાના આદેશ આપી દેવાયા હતા. તેમજ કોવિડ નિયમોનું કડક પાલન કરવાની સૂચના પણ વારંવાર આપવામાં આવી રહી છે. આ સિવાય સ્વાસ્થ મંત્રાલયના એક અધિકારી મુજબ પંજાબ, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશમાં કોરોના સંક્રમણના દૈનિક સ્તરે કેસમાં ચિંતાજનક ઉછાળો નોંધાયો હતો.

# મિસ ઈન્ડિયા રનર અપ માન્યાને પિતાએ રીક્ષામાં બેસાડીને ફેરવી

તેલંગાના : ફેમિના મિસ ઈન્ડિયા ૨૦૨૦ના ગ્રાન્ડ ફિનાલેમાં માનસા વિજેતા રહી. તેલંગાનાની રહેવાસી માનસાના માથે મિસ ઈન્ડિયાનો તાજ આવ્યો છે, પરંતુ જેણે લાખો લોકોનું દિલ જીત્યું છે તે રનર અપ માન્યા સિંહ છે. માન્યા ભલે રનર અપ આવી હોય, પરંતુ દરેક કોઈ હાલ તેના વખાણ કરી રહ્યાં છે. હકીકતમાં માન્યાના પિતા રીક્ષા ચલાવે છે. ૧૪ વર્ષની નાનકડી ઉંમરમાં જ માન્યાને માલૂમ પડ્યું હતું કે, તેને જીવનમાં શું કરવાનું છે. તે પોતાના સપનાઓને પૂરા કરવા માટે ઘરમાંથી ભાગી ગઈ હતી.

હવે તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે પોતાના માતાના પગે લાગી રહી છે. સાથે જ તેના પિતાને



પણ ગળે લગાવીને રડી રહી છે. માન્યાનો આ વીડિયો ઈમોશનલ કરી દે તેવો છે. આ પહેલા પણ માન્યાનો એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં તે પિતાની રીક્ષામાં મજેથી ફરી રહી છે. માન્યાની આ જીતે પરિવારના લોકોને ભાવુક કરી દીધી છે. વીડિયોમાં તેના માતાપિતા પણ ભાવુક નજર આવી રહ્યાં છે.

માન્યાનો આ વીડિયો વાયરલ થઈ રહ્યો છે. લોકો તેના વીડિયોના વખાણ કરી રહ્યાં છે. તો સાથે જ તેના પર પ્રતિક્રીયા પણ આપી રહ્યાં છે. માન્યાની આ સફળતા બાદ લોકોને તેનો આ અંદાજ પસંદ આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, માન્યાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, ૧૪ વર્ષની ઉંમરમાં તે જોતી હતી કે તેની આસપાસની યુવતીઓ જીવનનો આનંદ માણી રહી છે, સારા કપડા પહેરી રહી છે, સ્કૂલ જઈ રહી છે. પરંતુ મને ખબર હતી કે, મારું જીવન એ પ્રકારનું નથી.

આ ઈન્ટરવ્યૂમાં માન્યા સિંહે કહ્યુ હતું કે, એકવાર તેની માતાએ માન્યાના અભ્યાસ માટે પોતાના દાગીના વેચી દીધા હતા. તેણે કહ્યું કે, મિસ ઈન્ડિયા બનવુ મારા બાળપણનું જ સપનુ ન હુતં, પરંતું હું ડોક્ટર કે એન્જિનિયર બનવા માંગતી ન હતી. જોકે, તેનાથી મારા પિતા ખુશ થઈ જતા. પરંતું હું સાધારણ જીવન જીવવા માંગતી ન હતી. હું જીવનમાં કંઈક ખાસ અને ઉદાહરણરૂપ કરી શકું તેવુ કરવા માંગતી હતી.

# CNG કિટ ફિટ કરાવનારા અમદાવાદીની સંખ્યા વધી

અમદાવાદ : પેટ્રોલના ભાવમાં વધારો થતા હવે પોતાની કાર સીએનજી પર દોડાવવા માગતા લોકોની સંખ્યા વધી રહી છે. કોરોના મહામારી પછી પોતાની કારને પેટ્રોલ પરથી સીએનજી પર દોડાવવા માગતા લોકોની સંખ્યા વધી ગઈ છે. પેટ્રોલનો ભાવ લગભગ ૮૮ રુપિયા લીટર પર પહોંચી ગયો છે. આવામાં શહેરમાં પોતાની કારમાં સીએનજી કિટ ફિટ કરાવવા માગતા લોકોની સંખ્યા વધી રહી છે. સીએનજી કિટનું કામ કરતા લોકો પાસે આવતા ગ્રાહકોની સંખ્યા અચાનક વધી છે અને તેના માટેની પૂછપરછ પણ વધી ગઈ છે.

કોરોના પહેલા શહેરમાં લગભગ દિવસના ૩૦ વાહનો આવતા હતા કે જેમાં સીએનજી કિટ ફિટ કરવામાં આવતી હતી. પરંતુ લોકડાઉન લાગ્યા પછીના સમયમાં રોજની ૪૫ જેટલી કાર આવતી થઈ હતી જેમાં સીએનજી કિટ ફિટ કરવામાં આવતી હતી. પરંતુ હવે પેટ્રોલના ભાવમાં વધારો થતા રોજની ૬૦ જેટલી સીએનજી કિટ પેટ્રોલ વાહનમાં ફિટ કરાઈ રહી છે. આ સિવાય શહેરમાં બીએસ વીઆઈ વાહનો માટેની રોજની ૧૦૦ જેટલી ઈક્વાયરિઓ આવે છે. આરટીઓ દ્વારા હજુ સુધી બીએસ વીઆઈ વાહનમાં સીએનજી કિટ માટે અપ્રુવલ આપવામાં નથી આવી.

શહેરમાં સીએનજી ફિટિંગ માટેની એજન્સી ચલાવતા અમિત ઉપાધ્યાય જણાવે છે કે, જેમણે ૨૦૨૦માં વાહન ખરીદ્યા છે તેઓ ઈક્વાયરિ કરી રહ્યા છે. આ લોકોને આરટીઓ તરફથી મંજૂરી ન મળી હોવાથી કારના માલિકોને ઈન્સ્યોરન્સ ક્લેમ કરવામાં તકલીફ ઉભી થઈ રહી છે. અમિત વધુમાં જણાવે છે કે, પેટ્રોલના ભાવમાં ઉછાળો થયા પછી ઈક્વાયરિઓ વધી છે. તેઓ કહે છે કે, પહેલા, એક દિવસમાં બે વાહનો આવતા હતા જેને અમે સીએનજી પર કન્વર્ટ કરતા હતા પણ હવે એક સંખ્યા ડબલ થઈ ગઈ છે.

અન્ય સીએનજી કિટ ફિટિંગનું કામ કરતા કુલદીપ વોરાએ જણાવ્યું કે, લોકડાઉન પહેલા લોકો પબ્લિક ટ્રાન્સપોર્ટના બદલે પોતાનું વાહન ઉપયોગમાં લેતા હતા. પરંતુ ઓફિસો ફરી ખુલ્યા પછી અને પેટ્રોલના ભાવમાં વધારો થતા લોકોને પોતાનું વાહન લઈને ટ્રાવેલિંગ કરવું મોંઘું પડી રહ્યું છે, માટે પોતાની કારને પેટ્રોલમાંથી સીએનજીમાં કન્વર્ટ કરાવવા માગતા લોકોની સંખ્યા વધી રહી છે.

# ડોર ટુ ડોર જઈને લોકોની સમસ્યા સાંભળીશું : નગરસેવક વિપુલભાઇ ડી.મોવલીયા



સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં પહેલીવાર આમ આદમી પાર્ટી ચૂંટણી લડી અને ઇતિહાસ રચવાની સાથે તેમના પક્ષના ૨૭ ઉમેદવારો જીત્યા. એનું કારણ,કદાચ અરવિંદ કેજરીવાલની છબિ અને યોગ્ય ઉમેદવારોની પસંદગીને લીધે આ શક્ય બન્યું છે. એજ રીતે સુરતની સામાજિક સંસ્થા શ્રી કામધેનુ ધુન સેવા સત્સંગ મંડળના અધ્યક્ષ વિપુલભાઇ ડી.મોવલીયા છે, જેઓ જંગી બહુમતિથી સુરતના વૉર્ડ ક્રમાંક ૧૬થી વિજયી થયા છે. તેમણે સમગ્ર કોરોનાકાળમાં અમલમાં મુકાયેલા લોકડાઉન દરમિયાન હજારો જરૂરિયાતમંદો માટે ભોજનની વ્યવસ્થા કરવાની સાથે અન્ય સહાય પણ કરી હતી. અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા વિપુલભાઈ બે ગૌશાળાનું સંચાલન પણ કરે છે.

નગરસેવક તરીકે ચૂંટાયેલા વિપુલભાઇ ડી.મોવલીયા કહે છે, "સુરતની જનતાનો હું આભાર માનું છું કે અમને જંગી બહુમતીથી વિજયી બનાવ્યા. હવે અમે અમારી જવાબદારી નિભાવશું અને ઘરે ઘરે જઈ લોકોની સમસ્યા સાંભળી એ દૂર કરવાનો પ્રયાસ કરશું. અમારી પ્રાથમિકતા બાળકોની શિક્ષણ સંબંધી સમસ્યાઓ દૂર કરવાની સાથે લોકોને સારી અને સસ્તી સુવિધા આપવાનો પ્રયાસ રહેશે."

# ઉનાઈમાં સૌથી ગરમ રહેતા પાણીનો ઝરો શોધાયો



અમદાવાદ : પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર જીયોથર્મલ એનર્જી (સીઈજીઈ)ના રિસર્ચરોની ટીમનો દાવો છે તેમણે ઉનાઈમાં સૌથી વધુ ગરમ રહેતા પાણીનો ઝરો શોધ્યો છે. ઉનાઈ નવસારીથી ૫૬ કિલોમીટરના અંતરે આવેલું છે. ઉનાઈના આ ઝરાનું સરેરાશ કુદરતી તાપમાન ૭૦ ડિગ્રી સેલ્સિઅસ છે અને જીઓથર્મલ એનર્જી ઉત્પાદિત કરવાની ક્ષમતાસભર સાઈટ બની શકે છે, તેમ ટીમનું કહેવું છે. સીઈજીઈના હેડ અનિરબિદ સિરકારેના કહેવા અનુસાર સેન્ટર વધુ તપાસ માટે આ સ્થળે ૫૦૦ મીટરની ઊંડાઈનો કૂવો ખોદવાની તૈયારી કરી રહ્યું છે. આ જે ઝરો અમને મળ્યો છે તે ધોલેરામાં જે છે તેના કરતાં પણ ગરમ છે. આ પરિણામ ખૂબ જ ઉપયોગી છે કારણકે આ પ્રકારની જીયોથર્મલ સંપત્તિ વિદ્યુત ઉત્પાદનમાં ઉપયોગી થઈ શકે છે. ખાસ કરીને ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારો કે જ્યાં નેશનલ ઈલેક્ટ્રિસિટી ગ્રીડનું કનેક્શન નથી પહોંચી શકતું ત્યાં વીજળી પહોંચાડવામાં મદદ મળી શકે છે. સીઈજીઈ ઓર્ગેનિક રેનકાઈન સાઈકલ પણ તૈયાર કરી રહ્યું છે જેથી વીજળી ઉત્પન્ન કરી શકાય×, તેમ તેમણે ઉમેર્યું.

આ પ્રોજેક્ટ પર કામ કરી રહેલા અન્ય રિસર્ચર છે કીર્તિ યાદવ અને નમ્રતા બિષ્ટ. ડૉ. કીર્તિ યાદવે કહ્યું, ઉનાઈ ખાતે ફૂડ ડ્રાઈંગ કરી શકાય તેવી કોઈ સંભાવના છે કે નહી તેની પણ અમે ચકાસણી કરી રહ્યા છીએ. સીઝનલ ધાન્ય, શાક અથવા ફળના ૩૦ કિલોના જથ્થાને સૂકવીને લાંબો સમય સુધી સાચવી શકાય છે. આનાથી ખેડૂતોને પણ ફાયદો થશે. પાકની લણણી કર્યાના લાંબા સમય પછી પણ તેઓ ઉત્પાદન વેચી શકે છે. સિરકારના કહેવા અનુસાર, સીઈજીઈ ગુજરાતના જીયોથર્મલ એટલાસ પર કામ કરી રહ્યું છે. રાજ્યમાં અત્યારે ઓળખ પામેલા લગભગ ૧૭ ગરમ પાણીના ઝરા છે. જેમાં લસુન્દ્રા, તુવા, કાવી, તુલસીશ્યામ, લાલપુર વગેરેનો સમાવેશ થાય છે. આ સ્થળોએ અલગ-અલગ ગુણવત્તા અને તાપમાનના ગરમ પાણીના ઝરા છે. સીઈજીઈના એટલાસમાં દરેક ગરમ પાણીના ઝરાના મુખ્ય લક્ષણો, જેવા કે સપાટીનું તાપમાન, જળાશયનું તાપમાન, થર્મલ ગ્રેડિએન્ટ (તેની માત્રા) અને પાણીની જીયોકેમેસ્ટ્રી દર્શાવાશે.

# માર્ચથી રાજકોટથી ગોવાની સીધી ફ્લાઈટ હવે મળી શકશે

રાજકોટ : જો બધું ઠીક રહ્યું તો, માર્ચ મહિનાથી રાજકોટવાસીઓ સીધા ગોવા સુધી ઉડાન ભરી શકશે. આ પહેલી વખત હશે જ્યારે સૌરાષ્ટ્રની આર્થિક રાજધાની ગણાતા રાજકોટને સુંદર દરિયાકિનારા ધરાવતા ગોવા સાથે એર કનેક્ટિવિટી મળશે. માર્ચ મહિનામાં જ રાજકોટથી મુંબઈ સુધીની ફ્લાઈટમાં વધુ એકનો ઉમેરો થશે. એરપોર્ટના અધિકારીઓ કહ્યું કે, તેમને પુષ્ટિ મળી છે કે સ્પાઈસ જેટ ૧ માર્ચથી હૈદરાબાદ અને બીજી માર્ચથી મુંબઈ જવા માટે એક દૈનિક ફ્લાઈટ શરુ કરી રહી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સ્પાઈસ જેટ દ્વારા માર્ચથી ગોવાની સીધી ફ્લાઈટ શરુ કરવા અંગેની પણ એરપોર્ટ ઓથોરિટીને પુષ્ટિ મળી છે. ખાનગી એરલાઈને રાજકોટ એરપોર્ટ પાસેથી પરવાનગી પણ લઈ લીધી છે. ફ્લાઈટ અઠવાડિયામાં ચાર દિવસ ઉપડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્પાઈસ જેટ દ્વારા માર્ચથી ગોવાની સીધી ફ્લાઈટ શરૂ કરવા અંગે એરપોર્ટ ઓથોરિટીને પણ સૈદ્ધાંતિક પુષ્ટિ મળી છે.

સૌરાષ્ટ્રનું વ્યવસાય હબ હોવાથી, રાજકોટના વેપારીઓ અને ઉદ્યોગપતિઓ દેશના અન્ય મોટા શહેરોમાં વધુ સારી એર કનેક્ટિવિટીની માગ કરી રહ્યા છે. આ પહેલા, રાજકોટથી માત્ર દિલ્હી અને મુંબઈની ફ્લાઈટ હતી. ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતોનું માનવું છે કે, નવી ફ્લાઈટના ઉમેરાથી વેપાર તેમજ સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં પર્યટનને વેગ મળશે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વાઈસ પ્રેસિડેન્ટ પાર્થ ગણાત્રાએ કહ્યું કે, 'જૂનાગઢના ગીરની મુલાકાત લેતા પ્રવાસીઓ હવે અમદાવાદના બદલે રાજકોટ એરપોર્ટને મહત્વ આપશે.

# હેરિટેજ અમદાવાદ સ્પોર્ટ્સ સિટી તરીકે ઓળખાશે : શાહ



અમદાવાદ : દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું ઉદ્ઘાટન અમદાવાદમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ એલાન કર્યું કે આ સ્ટેડિયમનનું નામ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ હશે. નોંધનીય છે કે આ સ્ટેડિયમ પર ભારત અને ઈંગ્લેન્ડની વચ્ચે પિંક બોલ ડે-નાઈટ ટેસ્ટ રમાઈ છે. ગૃહ મંત્રી અમિત શાહે એલાન કર્યું કે અમે અહીં એવા પ્રકારની સુવિધા કરી દીધી છે કે ૬ મહિનામાં ઓલમ્પિક, એશિયાડ અને કોમનવેલ્થ જેવી ઈવેન્ટ્સનું આયોજન થઈ શકે છે.

હેરિટેજ શહેર અમદાવાદને હવે સ્પોર્ટ્સ સિટીના નામથી ઓળખવામાં આવશે. અમિત શાહે જાહેરાત કરી કે સ્ટેડિયમની પાસે જે સ્પોર્ટ્સ કોમ્પલેક્સ બની રહ્યું છે તેને સમગ્ર વિસ્તારમાં ૨૦ સ્ટેડિયમ તૈયાર કરવામાં આવશે જેમાં અલગ-અલગ સ્પોર્ટ્સ માટે વ્યવસ્થા હશે. અમિત શાહે કહ્યું કે, નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જેનું સપનું જોયું હતું તે હવે પુરું થયું છે.

નવા સ્ટેડિયમને દુનિયાના સૌથી મોટા અને સૌથી હાઈટેક સ્ટેડિયમ તરીકે વિકસિત કરવામાં આવ્યું છે. ગૃહ મંત્રીએ કહ્યું કે, હું નરેન્દ્ર મોદીની સાથે લાંબા સમયથી કામ કરી રહ્યો છું. તેઓએ હંમેશા યુવાઓને રમત-ગમત માટે પ્રોત્સાહિત કર્યા છે. ખેલો ઈન્ડિયા યોજના હેઠળ આ વિઝનને ગામ-ગામ સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે.

## રાજસ્થાનની રાજધાનીમાં ચોરીનો અનોખો કિસ્સો

# ચાંદીની ચોરી માટે ૮૭ લાખમાં પ્લોટ ખરીદીને ટનલ બનાવી



જયપુર : રાજસ્થાનની રાજધાની જયપુરમાં ચોરીનો એક અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એકવાર તો તમને આ ઘટના એકદમ ફિલ્મી લાગશે, પરંતુ હકીકત જાણીને તમારા પણ હોશ ઉડી જશે. જયપુરના વૈશાલી નગરના ડી-બ્લોકમાં રહેતા એક જાણીતા ડોક્ટરના ઘરમાં ઘૂસીને ચોરી કરવા માટે ચોરોએ એવું જોરદાર મગજ ચલાવ્યું છે કે તમે પણ જાણીને ચોંકી જશો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ડોક્ટરના ઘરમાં ચોરી કરવા માટે ચોરોએ પહેલા તેના ઘર સાથે જોડાયેલો પ્લોટ ૮૭ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. આ પછી ચોરોએ ત્રણ મહિનાની અંદર પ્લોટથી ડોક્ટરના ઘૂસવા માટે બેઝમેન્ટ સુધી એક ટનલ બનાવી દીધી. આ ટનલમાં પ્રવેશ કરીને ચોર ડોક્ટરના ઘરમાં ઘૂસ્યા અને કરોડોની રૂપિયાની ચાંદીનું બોક્સ ઉઠાવીને ફરાર થઈ ગયા.

પોલીસે જણાવ્યું હતું કે, સમગ્ર ઘટના અંગે હેર ટ્રાન્સપ્લાન્ટના ડોક્ટર સુનીત સોનીએ વૈશાલી નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. કેટલી ચાંદીની ચોરી થઈ હતી તે અંગે હાલ કોઈ પુષ્ટિ થઈ શકી નથી. પીડિત ડોક્ટરે પોલીસને જણાવ્યું હતું કે એક બોક્સમાં ચાંદીનો મોટો જથ્થો છે. ચાંદીના કુલ ત્રણ બોક્સ હોવાનું જાણવા મળ્યું છે. જોકે પોલીસે હાલ તપાસ શરૂ કરી દીધી છે. આ લૂંટમાં એકથી વધુ લોકો સંડોવાયેલા હોવાનું પોલીસનું અનુમાન છે.

પોલીસનું કહેવું છે કે ચોરોને ડોક્ટરના ઘરની સંપૂર્ણ જાણકારી હતી. જેને લઈને તેઓએ એક સંપૂર્ણ યોજના બનાવી હતી. સાથે જ ટનલ ખોદીને ઘટનાને અંજામ આપ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે ૩ મહિના પહેલા ડોકટરે ચાંદીના બોક્સને બેઝમેન્ટમાં રાખ્યું હતું, પરંતુ તેને ખ્યાલ નહોતો કે ચોરો તેના બેઝમેન્ટમાં રાખેલા બોક્સની ચોરી કરવા માટે આટલી મોટી યોજના ઘડી રહ્યા છે.

## જાપાનના શિક્ષણ બોર્ડનું વિચિત્ર ફરમાન

# વાળ અસલી કાળા છે કે નહીં તેનું છાત્રોએ પ્રમાણપત્ર આપવું પડશે


ટોકયો : ભારતમાં કેટલીક સ્કૂલોમાં માથાના વાળ લાંબા રાખવા કે ઓવર સ્ટાઈલના કારણે વિદ્યાર્થીઓને ટોકવામાં આવતા હોય છે. કપાવેલા ટૂંકા અને વ્યવસ્થિતવાળ શિસ્તનો ભાગ ગણવામાં આવે છે. પરંતુ જાપાનમાં તો વાળ ઓરીજનલ કાળા છે કે નહી તેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું ફરમાન કરવામાં આવ્યું છે. જાપાનમાં જન્મથી જ વાળ કાળા ના હોય તેવા બાળકોને પરેશાનીનો સામનો કરવો પડી રહયો છે. પ્રાપ્ત માહિતી મુજબ ટોકયોની અડધી સ્કૂલોએ બાળકોને પ્રમાણપત્ર રજૂ કરવા જણાવ્યું છે.

જો બાળકોના વાળ કાળા છે કે ભૂરા પરંતુ તે અસલી છે અને તેમાં આર્ટિફિશિયલ કલર્સનો ઉપયોગ કરવામાં આવ્યો નથી એનું પ્રમાણ કરવા સૂચના આપવામાં આવી છે કારણ કે બાળકો પણ હેર સ્ટાઈલ તથા વાળના કલરને લઈને ફેશન કરતા થયા છે. ટોકયોમાં કુલ ૧૭૭ જેટલી સ્કૂલો છે જેમાંથી ૭૯ સ્કૂલોએ આ આદેશ રજૂ કર્યો છે. જાપાનમાં અનેક સ્કૂલોમાં બાળકોના બાળના રંગ, મેકઅપ, યૂનિફોર્મને લઈને કડક નિયમો પળાવવામાં આવી રહયા છે. ખાસ કરીને છોકરીઓના સ્કર્ટની લંબાઈને લઈને કોઈજ બાંધછોડ કરવામાં આવતી નથી. ટોકયોના શિક્ષણ બોર્ડે જાપાનના મીડિયા સમક્ષ ખૂલાસો કર્યો કે વાળના પ્રમાણપત્ર અંગેનો નિયમ બધી જ સ્કૂલોમાં ફરજીયાત નથી પરંતુ ૭૯માંથી માત્ર ૫ સ્કૂલોએ જ આ નિયમમાં છુટ આપી છે.

# ભારતમાં આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનો ઉપરનો પ્રતિબંધ ૩૧મી માર્ચ સુધી લંબાવાયો

નવી દિલ્હી : કોરોનાએ દેશમાં વધુ એક વખત ફૂફાંડો માર્યો હોવાથી કેસોમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આ જ કારણથી એવિએશન રેગ્યુલેટર ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ ૩૧ માર્ચ સુધી વ્યવસાયિક આંતરાષ્ટ્રીય ઉડ્ડયન પર પ્રતિબંધ લંબાવવાની જાહેરાત કરી છે. કોવિડ ૧૯ મહામારીને પગલે ગત વર્ષે ૨૩ માર્ચથી આંતરાષ્ટ્રીય વિમાન સેવા બંધ કરવામાં આવી હતી. ચાલુ વર્ષે ૨૮ ફેબ્રુઆરી સુધી આંતરાષ્ટ્રીય વિમાન સેવા પર પ્રતિબંધ હતો જો કે છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના કેસોમાં વધારો થતા ડીજીસીએએ વધુ એક મહિના પ્રતિબંધ લંબાવ્યો છે. ડીજીસીએએ આ અંગે પરિપત્ર જાહેર કર્યા હતા. નિયમાકે જણાવ્યા મુજબ ભારતમાંથી તેમજ ભારત આવતી તમામ આંરાષ્ટ્રીય ફ્લાઈટ્સને ૩૧ માર્ચ ૨૦૨૧ રાતના ૧૧ વાગ્યે ૫૯ કલાક સુધી રદ કરવામાં આવે છે. જો કે વિશેષ પરિસ્થિતિમાં પસંદગીના માર્ગો પર વિમાન સેવાને મંજૂરી આપવામાં આવશે. કોરોના મહામારીને પગલે ગત વર્ષે આંતરાષ્ટ્રીય વિમાન સેવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. કોવિડ ૧૯ની સ્થિતિમાં સુધારો થતા વચ્ચે થોડો સમય નિયમોમાં ફેરફાર કરાયા હતા. સ્થાનિક ઉડ્ડયન સેવાને મંજૂરી આપવામાં આવે છે જેની સંખ્યા અગાઉની તુલનાએ

## કાર્ટુન કોર્નર
મહેન્દ્ર શાહ









# ભારતમાં ૪૫.૧ કરોડ સક્રિય ઈન્ટરનેટ યુઝર

ભારતમાં હાલમાં ૪૫.૧ કરોડ સક્રિય ઈન્ટરનેટ યુઝરો રહેલા છે. જે પૈકી ૬૭ ટકા પુરૂષો રહેલા છે. હાલમાં જ કરવામાં આવેલા નવા રસપ્રદ અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે નેટનો ઉપયોગ કરવાના મામલે બાળકો પણ પાછળ રહ્યા નથી. ઈન્ડિયા ઈન્ટરનેટ ૨૦૧૯ના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યામાં હજુ પણ વધારો થઈ રહ્યો છે. દેશના જુદા જુદા રાજ્યોમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા વધી રહી છે. આના માટે કેટલાક કારણોને જવાબદાર ગણવામાં આવે છે.

દેશના જુદા જુદા રાજ્યોમાં ઈન્ટરનેટ પહોંચની વાત કરવામાં આવે તો દિલ્હીમાં સંખ્યા વધારે છે. દિલ્હીમાં આ આંકડો ૬૯ ટકાની આસપાસ છે. એટલે કે ૬૯ ટકા જેટલા લોકો દિલ્હીમાં ઈન્ટરનેટ સાથે જોડાયેલા છે. ત્યારબાદ કેરળ, જમ્મુ કાશ્મીર, પંજાબ, હરિયાણાનો સમાવેશ થાય છે. ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયાના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે મહિના ભર ઈન્ટરનેટ સાથે સક્રિય રહેનાર લોકોનો આંકડો હજુ પણ વધી રહ્યો છે.

ઈન્ડિયા ઈન્ટરનેટ ૨૦૧૯ના ટાઈટલ સાથે પ્રકાશિત કરવામાં આવેલા હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈન્ટરનેટના પ્રયોગ કરવાના મામલામાં ભારત હવે ચીન બાદ સમગ્ર દુનિયામાં બીજા સ્થાન પર છે. જો કે એક બાબત આ પણ છે કે ભારતમાં હજુ પણ માત્ર ૩૬ ટકા ક્ષેત્રમાં જ ઈન્ટરનેટનુ નેટવર્ક ગોઠવાયુ છે. સૌથી વધારે ઈન્ટરનેટ યુઝરોની વાત કરવામાં આવે તો આંકડો દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં વધારે છે. મુંબઈમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા ૧.૧૭ કરોડની આસપાસ પહોંચી ગઈ છે. જ્યારે દિલ્હીમાં આ આંકડો ૧.૧૨ કરોડની આસપાસનો છે.




બેંગલોર અને કોલકત્તામાં પણ આ આંકડો ખુબ વધારે છે. ચેન્નાઈમાં આ આંકડો ૫૪ લાખની આસપાસનો છે. યુઝરોની વાત કરવામાં આવે તો શહેરી ક્ષેત્રોમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા વધારે છે. મોબાઈલ ઈન્ટરનેટ પર રહેતા યુવા લોકોની સંખ્યામાં વધારો થવા માટે અનેક પ્રકારના કારણો દેખાઈ રહ્યા છે. આના માટે એક કારણ એ પણ છે કે સસ્તામાં ડેટા ઉપલબ્ધ બને છે.હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આંકડાની વાત કરવામાં આવે તો શહેરી ભારતમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા ૧૯૨ મિલિયન જેટલી રહેલી છે. જ્યારે ગ્રામીણ ભારતમાં આવા ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા પણ હાલના વર્ષોમાં રેકોર્ગ ગતિથી વધી રહી છે. આના માટે તમામ પ્રકારની સુવિધા મહત્વપૂર્ણ રોલ અદા કરે છે.

જાણકાર લોકો કહે છે કે ભારતમાં જે ઈન્ટરનેટ યુઝરો રહેલા છે તે પૈકી એક તૃતિયાંશ જેટલા યુઝરો શહેરી ભારતમાં એક કલાક કરતા વધારે સમયનો સરેરાશ આમાં ઉપયોગ કરે છે. ભારતમાં ઈન્ટરનેટનો ક્રેઝ હાલના વર્ષોમાં વધ્યો છે. રિપોર્ટ મુજબ ભારતમાં જે ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યા છે તે પૈકી બે તૃતિયાંશ સંખ્યા ડેલી યુઝરો તરીકે રહેલા છે. ગ્રામીણ ભારતની વાત કરવામાં આવે તો સરેરાશ ગ્રામ્ય વ્યક્તિ ૧૫-૩૦ મિનિટ સુધી ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ગ્રામીણ વિસ્તારોમાં હવે પહેલા જેવી સ્થિતી રહી નથી. તમામ ક્ષેત્રોમાં સુધારો થઈ રહ્યો છે.

સારી કનેક્ટિવિટી, ક્વાલિટી ઓફ સર્વિસ અને મોબાઈલ ઈન્ટરનેટ સરળ રીતે ઉપલબ્ધ બને છે જેના કારણે ફાયદો થઈ રહ્યો છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ભવિષ્યમાં ભારતમાં ગ્રામીણ લોકો ઈન્ટરનેટનો વધારે ઉપયોગ કરનાર છે. ગ્રામીણ ભારતમાં મહિલાઓ અને પુરૂષો વચ્ચે ઈન્ટરનેટ યુઝરોની સંખ્યામાં વ્યપાક અંતરની સ્થિતીને જોઈ શકાય છે. ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ મહિલા ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા પુરૂષ નેટ યુઝરોની તુલનામાં ઓછી છે. મહિલા ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા વધારે ક્યાં છે તેવા સવાલના જવામાં રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કેરળ, દિલ્હી, તમિળનાડુમાં મહિલા ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા વધારે છે. ભારતમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા આવનાર વર્ષોમાં ચીનના આંકડા સુધી પહોંચી શકે છે. કેટલાક આર્થિક નિષ્ણાંતો આ દાવા મજબુતી સાથે કરે છે.

# વર્ક ફ્રોમ હોમથી આત્મનિર્ભરતા



સંવેદનાનો સળવળાટ
આરતી સિધ્ધપુરા

કોરોના પછી વર્ક ફ્રોમ હોમની સિસ્ટમમાં ઘણો વધારો થયો છે. જે કામ ઓફિસમાં થઈ શકે છે એ ઘરે બેઠા પણ થઈ શકે છે એ સૌને સમજાયું છે. વર્ક ફ્રોમ હોમથી સૌથી વધારે ફાયદો કદાચ સ્ત્રીઓને થયો છે. જે સ્ત્રીઓ ઓફિસ જઈને કામ નહોતી કરી શકતી એ હવે ઘરે બેઠા પણ કામ કરી શકે છે. રૂઢિચુસ્ત સમાજમાં રહેતી સ્ત્રીઓ માટે વર્ક ફ્રોમ હોમ પોઝિટિવિટી લઈને આવ્યું છે. જે સ્ત્રીઓ ઘરકામમાંથી બહાર નહોતી આવતી એ આજે સમયનો ઉપયોગ કરીને ઘરથી કામ કરી છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ આવી રહ્યો છે ત્યારે આ વર્ક ફ્રોમ હોમનું કલચર સ્ત્રીઓ માટે આશીર્વાદ રૂપ બનશે એમાં કોઈ શંકા નથી. રૂઢિચુસ્ત સમાજમાં સ્ત્રીઓને માત્ર ઘરકામ કરવાની જ સલાહ અપાય છે. સ્ત્રીઓ ઓફિસે જઈને કામ કરે એ નથી ગમતું હોતું. પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓ માટે કોરોનાકાળમાં ઉન્નતિના દ્વાર ખુલ્યા છે, કેમ કે પુરુષ અને સ્ત્રી એમ બન્નેના કામ કરવાથી ઘરમાં આવકના સ્ત્રોત બમણાં થયા છે. કેટલીયે સ્ત્રીઓ આજે ઘરેથી કામ કરી રહી છે અને આ કારણે કંપનીને ઓફિસનો ખર્ચો પણ ઓછો થઈ રહ્યો છે અને સ્ત્રીઓ આજે પુરુષ સમોવડી થઈ કમાણી પણ કરે છે. કોરોનામાં ભારતની સાથે સ્ત્રીઓ પણ આત્મનિર્ભર બની રહી છે. પુરુષ પર નિર્ભર રહેતી સ્ત્રી પોતાના શિક્ષણ અને જ્ઞાનનો ઉપયોગ કરીને સ્વનિર્ભર બની છે.

# ભજિયાવાળી છોકરી



લખેલા ચિત્રો
પ્રદિપ પ્રજાપતિ

**પ્રકરણ: 4**

**ઓર્ડર**

હું ગ્રીષ્માની નજીક પહોચું એ પહેલાં એ ત્યાંથી પોતાની સ્કૂટી લઈને નીકળી ગઈ. હું મન માં બોલતો હતો કે હવે ગ્રીષ્માને બોલાવવાનો કંઈ ફાયદો જ નથી. કેમ કે તે હવે ઈગ્નોર કરતી હતી. મેં નક્કી કર્યું કે આજ પછી ગ્રીષ્માને સામેથી બોલાવવાનો પ્રયત્ન નહીં કરું. મેં નાસ્તો પૂરો કર્યો અને ઘરે ગયો. ભાભીએ મને જોયો અને બોલ્યા, "ગૌરવ નાસ્તો કરી લે..." મેં કહ્યું, "ભાભી હું નાસ્તો કરીને આવ્યો છું." ભાભીએ ટૉન્ટ મારતાં કહ્યું, " ઓલ્હ..તો સવાર સવારમાં ભજિયા ખાઈ આવ્યા.!" મેં કહ્યું,"ના ના ભાભી, હું તો મંજીકાકા ને ત્યાં ગાંઠીયા ખાવા ગયો હતો." ભાભી સ્માઈલ કરીને બોલ્યાં, "સારું સારું.." આજે બહુ ગરમી હતી તો થયું કે કોટનના કપડાં પહેરું.. હું કપડાં બદલીને ચિરાગને સ્કૂટર આપવા માટે ઘરેથી નીકળ્યો.

હું બજારમાં જેવો વળ્યો તો ગ્રીષ્માના મમ્મી દુકાનની બહાર ઊભા હતાં. મેં ધ્યાનથી જોયું તો ત્યાં કંઈક ડબ્બા પણ પડ્યા હતા. આજુબાજુ ગ્રીષ્મા પણ નહોતી એટલે હું ત્યાં ઊભો રહ્યો અને ગ્રીષ્માના મમ્મીને જોઈને બોલ્યો, "કેમ છો આંટી..?" એમણે મારી તરફ જોયું અને અચાનક જાણે ખુશ થઈ ગયા હોય એમ બોલ્યા, "ઓહ..ગૌરવ...વાહ આવતાં વેંત નવી સોડાવી લીધી લાગે તો તો રોકાવાનો હોઈશ ને?" હું હસવા લાગ્યો અને હસતાં હસતાં બોલ્યો, "ના ના આંટી, આ તો ચિરાગની છે એટલે એને પાછી આપવા એના ખેતરમાં જાઉ છું." એમણે કહ્યું, "હારુ હારુ.." મેં ડબ્બા તરફ જોયું અને બોલ્યો, "આંટી આ ડબ્બામાં શું છે ?" એ બોલ્યા, "બેટા આજે બાજુના રતનપર ગામમાં ઓર્ડર આપવા જવાનો છે તો ગ્રીષ્માની ગાડી બગડી ગઈ સે તો એ પેલા ગેરેજવાળા સુરેશને ન્યા આપવા ગઈ સે, લે આવી..!" મેં કહ્યું, "હા" એ જોરથી બોલ્યા, "ગ્રીષ્મા આવી જો પાછળ !" હું કંઈ ના બોલ્યો અને ગ્રીષ્મા એના મમ્મીના બાજુમાં આવી અને ત્રાંસી આંખે મને જોયો અને બોલી, "મમ્મી, સુરેશભાઈ કાલે રીપેર કરીને આપશે... તો હું ક્યાંક છકડાવાળા ભાઈને બોલાવી લઉ." મા દીકરીની વાતમાં વચ્ચે બોલતાં મેં કહ્યું, "ક્યાં આપવાનું છે? હું આપતો આઉ ?" ગ્રીષ્માના મમ્મીએ મારી સામે જોયું ત્યારે ગ્રીષ્મા એમને ઈશારામાં ના પાડતી હતી. એના મમ્મીએ કહ્યું, "હા બેટા, જો તારે બીજું કોઈ કામ ના હોય તો..!" મેં સ્માઈલ સાથે કહ્યું, "ના ના હું તો ફ્રી જ છું." ત્યારે ગ્રીષ્માએ કહ્યું, "મમ્મી, તમે આમની સાથે જાઓ હું દુકાને બેસું.." એના મમ્મીએ વળતો જવાબ આપ્યો, "બેટા મને આ સ્કૂટરમાં નો ફાવે, એક કામ કર તું ને ગૌરવ જાતા આવો, હું દુકાને બેસું ને હમણાં પેલા મજું માસી પણ આવે સે તો એમને પણ કાંઈક કામ સે." ગ્રીષ્માના મમ્મી આટલું કહીને દુકાનમાં જતાં રહ્યાં. ગ્રીષ્માએ મારી સામે જોયું અને મોઢું ફેરવીને બોલી, "તમને રસ્તો તો ખબર છે ને?" મનમાં હું મારી જાતને જ સવાલ કરતો હતો કે આ એજ ગ્રીષ્મા છે, જેણે મને ક્યારેય માનથી નથી બોલાવ્યો અને કેટલીકવાર તો મને ગાળો આપતી..! મેં પણ એની ભાષામાં વાત કરવાનું નક્કી કર્યું અને કહ્યું, "ના તમે કહેતાં રહેજો!" એણે કહ્યું, "આ ત્રણ ડબ્બા છે, બે આગળ મૂકી દો અને એક હું પકડી લઉ!" મેં કહ્યું "હા" મેં બે ડબ્બા આગળ મુક્યા અને એક ડબ્બો એણે પકડ્યો અને પાછળ બેસી ગઈ. એણે કહ્યું, "અહીંયાંથી સીધું જવાનું છે દસ કિલોમીટર સુધી" મેં હમ્મ કહીને સ્કૂટર હંકાર્યું.

પગમાં બે ડબ્બા પડ્યા હતાં અને એક ડબ્બો ગ્રીષ્માના ખોળામાં પડ્યો હતો. ગરમાગરમ ભજિયાથી ભરેલા ડબ્બા કમરને અને પગને ગરમી આપી રહ્યાં હતાં. સાઈડ ગ્લાસમાંથી ગ્રીષ્માના ઉડતાં વાળ એની આંખોને ઢાંકી રહ્યાં હતાં. એ બોલી, "આગળથી ડાબી બાજુ અને પછી દસ કિલોમીટર સીધો રસ્તો." એ આટલું જ બોલતી અને હું પણ હમ્મ કહીને જવાબ આપતો. બહુ હિંમત કરીને પૂછ્યું, "તે કેમ ભણવાનું મૂકી દીધું, તારે તો મારી જેમ વિદેશ જાઉ હતું ને?" એણે કંઈ જ જવાબ ના આપ્યો. મને લાગ્યું કે એનું વાત કેવાનું મન નથી, નારાઝ હોય તો જવાબ તો આપે જ ને. થોડીવાર પછી એણે ધીમા અવાજે કહ્યું, "શું કરવું, પરિસ્થિતિ જ એટલી ખરાબ થઈ ગઈ હતી, ને કોઈએ સપોર્ટ ના કર્યો!" મેં કહ્યું, "હજુ મોડું નથી થયું.." એ બોલી, "આગળથી ડાબી બાજુ ગામ છે!" મેં આગળ કંઈ જ ન પૂછ્યું. અમે ગામમાં ગયા અને ત્યાં એક ઘરે નાનકડો જમણવાર હતો. મેં અને ગ્રીષ્માએ ડબ્બા મુક્યા. એમના ઘરના વડીલે કહ્યું, "તમે આ હીંચકા પર બેસો હું જરાં પૈસા લઈને આવું !" આ હીંચકા શબ્દએ અમને બન્નેને બાળપણની અમૂલ્ય યાદોમાં ધકેલી દીધા. સ્કૂલમાં હીંચકા માટે તો કેટકેલાય ઝઘડા થતાં. મેં કહ્યું, "તમે બેસી જાઓ" એ કંઈ જવાબ આપ્યા વગર હિંચકે જઈને બેસી ગઈ. થોડીવાર બાદ એ ભાઈ આવ્યા અને ગ્રીષ્માને પૈસા આપ્યા અને કહ્યું, "અત્યારે ડબ્બા અહીંયાં જ રાખો કાલે અમારી ગાડી તમારા ગામમાં આવશે એટલે દુકાને જ આપી જશે." ગ્રીષ્માએ કહ્યું, "સારું કાકા" એ ભાઈ અંદર જતાં રહ્યાં અને ગ્રીષ્માએ 100 રૂપિયાની નોટ સામે રાખી અને બોલી, "લો આ તમારા પેટ્રોલના..!" હું હસવા લાગ્યો અને કહ્યું, "પેટ્રોલના રૂપિયાની તો ચા પીવડાવી દેજો..!" એ મોઢું ચડાવીને ઊભી હતી.

મેં સ્કૂટર ચાલુ કર્યું અને અમે ઘર તરફ જવા નીકળ્યા. હું જાણીજોઈને ધીમે ધીમે ચલાવતો હતો. મેં ગ્રીષ્માને પૂછ્યું, "પપ્પાને શું થયું હતું?" એણે કહ્યું, "હાર્ટ એટેક આવ્યો હતો અને ડાયાબિટીસ તો હતી!" મેં હમ્મ કહીને જવાબ આપ્યો. થોડા આગળ ગયા અને મનમાંથી નીકળી ગયું, "તમને તો ભજિયાથી નફરત હતી ને, તોય કેમ !" હું સાઈડ ગ્લાસમાંથી જોતો હતો, એણે આંસુ લૂછયાં અને કહ્યું, "જવાબદારી ના ગમતી વસ્તુ પણ ગમતી કરાવી છે. મેં કહ્યું, "હમ્મ..બધું જ ઠીક થઈ જશે..!" અમે ગામના પાદરે પહોંચ્યા ને ત્યાં એક ભાઈનો અવાજ આવ્યો, "એ ગ્રીષ્મા...એ ગ્રીષ્મા..!" મેં સ્કૂટર રોક્યું અને પાછળ જોયું તો એક ભાઈ આવતાં હતા. એ નજીક આવ્યા અને ગ્રીષ્માની સામે જોઈને કહ્યું, "બેટા તને યાદ છે બે વરસ પહેલાં તારા પપ્પાએ અમારા ઘરે સાત દિવસ રસોડું કર્યું હતું..?" ગ્રીષ્મા બોલી, "હા..પણ કેમ ?" એ ભાઈએ ખિસ્સામાંથી પાંચસો રૂપિયાની નોટોની થપ્પી કાઢી અને ગ્રીષ્માને આપતાં કહ્યું, "લે આ એક લાખ રૂપિયા ત્યારના તારા પપ્પાને આપવાના બાકી હતા..બેટા ઘરે આપીને કહેજે કે ભવાનભાઈએ આપ્યા છે." એ ભાઈ ગ્રીષ્માને પૈસા આપીને જતાં રહ્યાં. ગ્રીષ્માએ પૈસા સામે જોયું અને એના ચહેરા પર રાહત મળ્યાંની ખુશી હતી. મેં સ્કૂટર ઘર તરફ જવા દીધું અને કહ્યું, "કહેતો'તો ને કે બધું જ ઠીક થઈ જશે!" એ હમ્મ બોલી અને એને એક હાથ મારા ખભે રાખ્યો. હું પણ મનોમન હરખાતો હતો. ગ્રીષ્માનું ઘર આવ્યું. એણે નીચે ઉતરી, એના મમ્મી દુકાનમાંથી બહાર આવ્યા. એ કઈ બોલે એ પહેલાં જ ગ્રીષ્મા બોલી, "મમ્મી ગૌરવ માટે ચા બનાવજે...અને એણે મારી તરફ જોયું બોલી, ચા પીને જજે!" મેં પણ રાહતનો શ્વાસ લીધો મેં ગ્રીષ્માને કહ્યું, "હું દુકાને બેસું છું.." એ બન્ને અંદર ગયા અને હું દુકાનમાં બેઠો અને થોડીવાર પછી મારા ભાભી આવ્યા અને બોલ્યા, "ઓ ભજિયાવાળા...!" ભાભી મારી તરફ જોઈને હસવા લાગ્યા, હું શરમાતો હતો અને એમણે કહ્યું, "બપોરે ઘરે આવો તો ભજિયા લેતા આવજો!" મેં કહ્યું, "હા ભાભી.." ત્યારે ગ્રીષ્મા અને એના મમ્મી ચા લઈને આવ્યા."ગ્રીષ્મા ચા આપીને ઘરમાં ગઈ અને એના મમ્મી બોલ્યા, "બેટા આજનો દિવસ ખૂબ સારો છે..!" મેં એમને પણ એજ કહ્યું, "આંટી, બધું જ ઠીક થઈ જશે.." એ ખુશ થઈ ગયા અને બોલ્યા, "ગૌરવ, હવે જમીને જજે!" મેં કહ્યું, ના.. ના મારા ઘરે જમવાનું તૈયાર છે...સો ગ્રામ ભજિયા પેક કરી આપજો, ઘર માટે." હું ભજિયા પેક કરાવીને દુકાનના પગથિયાં ઉતરતો હતો ત્યારે ગ્રીષ્માનો અવાજ આવ્યો,"ગૌરવ...!" મેં પાછળ જોયું અને એ બોલી,"સ્કૂટરની ચાવી અહીંયાં પડી છે!" એણે મને ચાવી આપી અને હું ઘરે જવા નીકળ્યો. ભાભી કરિયાણાની દુકાને ઊભા હતાં તો એમની પાસે ગયો અને કહ્યું, "ભાભી ઘરે જવું છું, આવું છે?" એ ફરીથી ટૉન્ટ મારતાં બોલ્યાં,"આવવાનું જ હોય ને, તમારા જેમ અમારે કોઈ દુકાન નથી ને!" મેં કહ્યું, "ભાભી..હું ખાલી બેઠો હતો." એ બોલ્યા, "હા મને ખબર છે તમે ખાલી બેઠાં હતા, હવે ચાલો જટ.." હું અને ભાભી ઘરે ગયા.

**(ક્રમશઃ)**

> **મેં સ્કૂટર ચાલુ કર્યું અને અમે ઘર તરફ જવા નીકળ્યા. હું જાણીજોઈને ધીમે ધીમે ચલાવતો હતો. મેં ગ્રીષ્માને પૂછ્યું, "પપ્પાને શું થયું હતું?" એણે કહ્યું, "હાર્ટ એટેક આવ્યો હતો અને ડાયાબિટીસ તો હતી!" મેં હમ્મ કહીને જવાબ આપ્યો. થોડા આગળ ગયા અને મનમાંથી નીકળી ગયું, "તમને તો ભજિયાથી નફરત હતી ને, તોય કેમ !" હું સાઈડ ગ્લાસમાંથી જોતો હતો, એણે આંસુ લૂછયાં અને કહ્યું, "જવાબદારી ના ગમતી વસ્તુ પણ ગમતી કરાવી છે. મેં કહ્યું, "હમ્મ..બધું જ ઠીક થઈ જશે..!"**



# શ્રીજી સાથે રિસામણા


જીવતી વાર્તા
યોગેશ ચાંદેગરા

સવારનાંસાડાનવ વાગ્યેમારો ઉઠવાનો સમય, કારણ કે ઘરની દુકાન એટલે કંઇ ચિંતા નહીં... હા! મારા પાડોશીને બહુ મારી ચિંતા થતી, હું જ્યારે બ્રશ કરું, એ જ સમયે ધનજીભાઈનો મંદિરે થી પરત આવાનો સમય એટલે કોઈ મને પૂછે કે ના પૂછે પરંતુ ધનજી ભાઈના મોઢેથી "જય સ્વામિનારાયણ "સાંભળીને મારો દિવસ શરૂ થતો. મારું મન પણ પ્રસન્ન થઈ જતું, (કાકાનો સ્વભાવ અને બોલી એટલી મીઠી હતી.) કાકા મને મળે એટલે પ્રસાદ આપે. હું પૂછું " કાકા તમે સવારના છ વાગ્યે મંદિર જાવ અને અત્યારે છેક પાછાં આવો?" એટલો તમારે શું વાર્તાલાપ થાય ભગવાનની સાથે? કાકા જવાબમાં બસ એટલું કહે, "એકવાર તું પણ આવ મારી સાથે મંદિરે અને જો કે કેવી શાંતિ મળે છે." મેં હા...હા ... કહ્યું અને આજે મારાં મનમાં ઘણા સવાલો હતાં એટલે મારાથી પૂછાઇ ગયું. કાકા "તમે છેલ્લા પચાસ વર્ષથી ભાડાનાં મકાનમાં રહો છો, ચાર દીકરીઓ સાસરે ચાલી ગઈ, હવે દીકરો પણ કોલેજ કરવા લાગ્યો છે. હું તમારાં ખોળામાં રમેલો એટલે મને ખબર તમે જિંદગીમાં ઘણા દુ:ખોનો સામનો કર્યો છતાં પણ તમે આજે પણ એ ભગવાનની ડેલી પગ મુકવાનું નહીં છોડયું, એટલો અતૂટ વિશ્વાસ તેમના પર?? ( હું નાસ્તિક એટ્લે મારાથી આવું પૂછાઇ ગયું પરંતુ કાકાએ મને હસંતા જવાબ આપ્યો ) "જો દીકરા જે વ્યક્તિને સૌથી વધુ પ્રિય હોય જેને પ્રેમ કરતાં હોય એ વ્યક્તિ ક્યારેક આપણાં પર ગુસ્સો પણ કરે ક્યારેક હાથ પણ લગાડી દે તો શું આપણે તેમનો સાથ છોડી દેવાનો?" કાકાના આ જવાબથી મને સંતોષ ના થયો પણ તેમનો ભગવાન પ્રત્યેનો બાળક જેવો ભાવ હું સમજી ગયો.. કાકા પણ ચાલવા લાગ્યાં એટલે મેં કહ્યું કાકા આજે પ્રસાદ મને આપતાં જાઓ, હું પંદર દિવસ બહાર જવાનો છું . બસ કાકા મારા હાથમાં પ્રસાદીનું બોક્સમૂકીને ચાલવા લાગ્યાં...

અઢાર દિવસ પછી...

તમને કહું છું , "કઈ બાજુ આજે સવારે છ વાગ્યામાં સવારી ઉપડી?" "અરે કંચન આજે મંદિરે જાઉ છું, ધનજીકાકાનો જન્મદીવસ છે તો તેમનાં જન્મદીવસની ભેટ આપવાં અને તેમના આશીવાર્દ લેવાં."

"હા! પણ મંદિર કેમ? એ સાડા નવે અહિયાંથી નીકળે ત્યારે આપી દેજો.." "ના.. ના... કંચન કાકાની ઈચ્છા હતી કે હું મંદીર આવું ક્યારેક તો આજે તેમની ઈચ્છા પૂરી કરી આવું, આમ પણ બે ત્રણ દિવસથી નીકળતા નથી જોયાં, એટલે હું મંદીરે જાઉ છું."

આજે કેટલાં વર્ષ પછી હું મંદિરના પગથીયાં ચડી રહ્યો હતો, ત્યાં પહોંચતા હું કાકાને શોધવા લાગ્યો પણ તે મને ના મળ્યા, વિચાર આવ્યો કે થોડીવાર બેસું કદાચ આજે આવવામાં મોડું થઈ ગયું હોય, હું આઠ વાગ્યા સુધી રાહ જોતો રહ્યો પણ કાકા ના આવ્યાં એટલે મેં પુજારીજીને પૂછ્યું " ધનજીકાકાને ઓળખો છો?" "હા ભાઈ... પરંતુ કેટલાં દિવસો થઈ ગયાં તે મંદિરે નહીં આવ્યાં." આ ઉબરો છે, બસ ત્યાં બેઠા બેઠા આ રણછોડરાયજીને જોયાં કરે.. શું થયું હશે ઇ તો મારો ઠાકોર જાણે ! પુજારી આ શબ્દો સાંભળીને મને વધુ ચિંતા થવા લાગી અને મનમાં અણધાર્યા વિચારો આવવા લાગ્યાં. મારા પગ કાકાની ડેલીએ પોહચ્યાં, ઘરની અંદર પગ મુકતાં મેં જોયું કે કાકા ખાટલે બેસીને છાપું વાંચી રહ્યાં હતાં, આશ્ચર્ય પણ થયું ધાર્મિકપુસ્તક વાંચનાર ના હાથમાં ન્યુઝ પેપર! કાકા મીઠો આવકારો આપ્યો અને બોલ્યા "પ્રેમાંદ આજે તું ભૂલો પડ્યો મારા આંગણે?" "હા...જન્મદિવસની ખુબ ખૂબ શુભેચ્છાઓ.." કાકા પાસે હું બેઠો અને મેં તેમને પ્રસાદ આપ્યો.. ( કાકા એ પ્રસાદને હાથ લગાડીને કહ્યું આવી ગયું આટલામાં બધુ ) કાકા આજે હું મંદિરે ગયો પણ તમે ના આવ્યાં.. કાકા કંઈ બોલ્યા નહીં.. મેં ધાર્મિક પુસ્તકો આપી ભેટ રૂપે તેમણે લઈને એકબાજુ મૂકી દિધી. મને બધું કંઈ સમજાતું નહોતું એટલે પૂછ્યું "કેમ કાકા હવે મંદિરે જવાનું બંધ કર્યું અને ગળામાં કંઠી પણ નહીં?" કાકા બોલ્યાં ત્યારે મારી આંખોમાંથી આંસુ રોકી ના શક્યો... .

બેટા ! કંઠી મે કાંઢીને મૂકી દીધી અને મંદિર જવાનું બંધ કર્યું.. તારા પપ્પા પાસે તે કંઇ પણ માગ્યું હોય એ ના આપે તો. તું તેને પપ્પા કહેવાનું બંધ કરીશ! વારંવાર તે તારો વિશ્વાસ તોડ્યા રાખે તો તેનાંથી ગુસ્સે થવાનો અને તેને નારાજગી જતાવાનો પણ હક્ક છે એક દીકરાનો.. હું પણ એ જ કરી રહ્યો છું... નહીં પેહરુ કંઠી કે નહીં પગ મૂકું મંદિરમાં આ જવાબ સાંભળીને મારા મનમાં સવાલ થયો કે કંઠી તૂટી છે કે કાકાનો વિશ્વાસ? હું મારા વિચારોમાં જ ખોવાયેલો હતો! ત્યાં જ કાકાનાં ફોનની રિંગ વાગી અને ધનજીકાકાએ ફોન ઉઠાવ્યો અને સૌથી પહેલા " જય સ્વામિનારાયણ " બોલ્યાં એટલે મને મારો જવાબ મળ્યો કે, આ તો શ્રીજી સાથે રિસામણા છે...

**બેટા ! કંઠી મે કાંઢીને મૂકી દીધી અને મંદિર જવાનું બંધ કર્યું.. તારા પપ્પા પાસે તે કંઇ પણ માગ્યું હોય એ ના આપે તો. તું તેને પપ્પા કહેવાનું બંધ કરીશ! વારંવાર તે તારો વિશ્વાસ તોડ્યા રાખે તો તેનાંથી ગુસ્સે થવાનો અને તેને નારાજગી જતાવાનો પણ હક્ક છે એક દીકરાનો.. હું પણ એ જ કરી રહ્યો છું... નહીં પેહરુ કંઠી કે નહીં પગ મૂકું મંદિરમાં**

# અક્ષર પટેલે અમદાવાદમાં અંગ્રેજોને ગરબે ઘુમાડ્યા



સ્પોર્ટ્સ સમાચાર
આકાર વ્યાસ

તાજેતરમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે અમદાવાદ ખાતે રમાયેલી સિરીઝની ત્રીજી ટેસ્ટ મેચ આંખના પલકારામાં સમાપ્ત થઈ ગઈ હતી. અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી ડે-નાઈટ ટેસ્ટમાં ભારતીય ફિરકીબાજ અક્ષર પટેલ અને અશ્વિને 18 વિકેટ્સ લઈને ઈંગલિશ બેટ્સમેનો ને ગરબે ઘુમાડ્યા હતા. પ્રથમ દિવસે ટૉસ જીતીને બેટિંગ કરતા ઈંગ્લેન્ડની ટીમનું 112 રનમાં જ પડીકું વળી ગયું હતું. જવાબમાં ભારતીય બેટ્સમેન પણ કઈ ખાસ ઉકાળી શક્યા ન હતા અને 142 રને તબું ભેગું થઈ ગયું હતું. બીજા દિવસે ઈંગ્લેન્ડના બેટ્સમેનોની હાલત વધુ દયનીય હતી. અક્ષર અને અશ્વિનની ઘાતક બોલિંગ સામે ઈંગ્લેન્ડ 80 રને ઓલઆઉટ થઈ ગયું હતું અને આમ ઈંગ્લેન્ડ સામે ભારતને જીતવા 50 રનનું લક્ષ્ય મળ્યું હતું. 50 રનનો પીછો કરતા ભારતે આ લક્ષ્ય એક પણ વિકેટ ગુમાવ્યા વગર હાંસલ કરી લીધો હતો. આ મેચમાં શાનદાર બોલિંગ (11 વિકેટ્સ) કરવા બદલ લોકલબોય અક્ષર પટેલને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

**અમદાવાદમાં રમાયેલી આ ટેસ્ટ મેચ ઘણા કારણોથી ઈતિહાસ બનાવ્યો હતો.**

- વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ કે જેની અંદર બેસીને 1,10,000 પ્રેક્ષકો એક સાથે મેચ જોઈ શકશે.
- સાત વર્ષ પછી કોઈ આંતરરાષ્ટ્રીય મેચ અમદાવાદ ખાતે રમાઈ હતી.
- ઈશાંત શર્મા 100 ટેસ્ટ મેચ રમનાર માત્ર બીજો ભારતીય ઝડપી બોલર બન્યો હતો.
- અશ્વિન 400 વિકેટ લેનાર ચોથો ભારતીય અને મુરલીધરન પછી 400 વિકેટ લેનાર બીજો સૌથી ઝડપી બોલર બન્યો હતો.
- આ ટેસ્ટ મેચ માત્ર 842 બોલમાં સમાપ્ત થઈ ગઈ હતી.
- ઈંગ્લેન્ડના કેપ્ટન જો રુટે 8 રન આપીને 5 વિકેટ્સ ઝડપી હતી.
- ભારતીય કેપ્ટન વિરાટ કોહલી સતત 35મી ઈનિંગમાં સદી વિહોણો રહ્યો હતો.
- કોહલીએ ધોનીને પાછળ પાડીને ભારતની ધરતી પર સૌથી વધુ ટેસ્ટ મેચ જીતવાનો રેકોર્ડ બનાવ્યો હતો.

અક્ષર પટેલે પોતાની બીજી જ ટેસ્ટ મેચ રમતા ઈંગ્લેન્ડ સામે 11 વિકેટ્સ લઈને તમામનું ધ્યાન આકર્ષિત કર્યું છે.

**જાણો અક્ષર પટેલના ક્રિકેટ કેરિયર વિશેની કેટલીક 11 વાતો કે જે તમે કદાચ ન જાણતા હોવ.**

- અક્ષર પટેલને સૌથી પહેલા 2013માં મુંબઈ ઈન્ડિયન્સ દ્વારા આઈપીએલમાં ખરીદવામાં આવ્યો હતો. પરંતુ તે વર્ષે અક્ષરને એક પણ મેચ રમવાનો મોકો મળ્યો ન હતો.
- અક્ષર પટેલ 2014ની આઈપીએલ ધ્વારા સૌ પ્રથમ વખત લાઈમલાઈટમાં આવ્યો હતો. 2014ની આઈપીએલમાં અક્ષરે શાનદાર પ્રદર્શન કરો 17 વિકેટ્સ ઝડપી હતી.
- 2014ની આઈપીએલમાં અક્ષર પટેલને આઈપીએલના ઉભરતા ખેલાડીનો એવોર્ડ મળ્યો હતો.
- 2014માં અક્ષરને બાંગ્લાદેશ જનાર ભારતીય ટીમમાં સૌપ્રથમ વાર સ્થાન મળ્યું હતું. તેને ધોનીની આગેવાની હેઠળ પોતાનું આંતરરાષ્ટ્રીય ડેબ્યુ કર્યું હતું.
- અક્ષર પટેલ 2015માં ઓસ્ટ્રેલિયા - ન્યૂઝીલેન્ડ ખાતે રમાયેલી ભારતીય વિશ્વકપ ટીમનો હિસ્સો હતો પરંતુ તેને એક પણ મેચ રમવાનો મોકો મળ્યો ન હતો.
- એક સમયે અક્ષર પટેલ આઈસીસી એક દિવસીય બોલેરની રેન્કિંગમાં 7માં ક્રમે હતો.
- 2018માં અક્ષર પટેલ ઈંગ્લેડની ડરહામ કાઉન્ટી તરફથી પણ રમી ચુક્યો છે. તેને પોતાના કાઉન્ટી ડેબ્યુ મેચમાં શાનદાર 95 રન બનાવ્યા હતા. ઉપરાંત અક્ષરે એક કોઉન્ટી મેચમાં શાનદાર પ્રદર્શન કરીને 9 વિકેટ્સ પણ લીધી હતી.
- અક્ષર ભારતીય ઘરેલુ સીઝન ગુજરાત ક્રિકેટ ક્લબ તરફથી રમે છે. 2016-17માં જ્યારે ગુજરાત પહેલીવાર રણજી ટ્રોફી વિજેતા બન્યું ત્યારે અક્ષર ઈજાગ્રસ્ત હોવા છત્તા ટીમની સાથે હતો.
- અક્ષર છેલ્લા ત્રણ વર્ષથી દિલ્હી તરફથી આઈપીએલ રમી રહ્યો છે.
- 2016માં આઈપીએલની એક મેચમાં ધોનીએ અક્ષરની છેલ્લી ઓવરમાં 24 રન મારીને પોતાની ટીમને જીત અપાવી હતી. 2020માં અક્ષરે ચેન્નાઇ સામે એક મેચની છેલ્લી ઓવરમાં 18 રન મારીને પોતાની ટીમને જીત અપાવી હતી.
- અક્ષરે પોતાની પ્રથમ બે જ ટેસ્ટ મેચમાં 18 વિકેટ્સ લઈ લીધી છે. ઈંગ્લેન્ડ સામેની ડે-નાઈટ ટેસ્ટ મેચમાં 11 વિકેટ્સ લઈને અક્ષરે એક ડે-નાઈટ ટેસ્ટ મેચમાં સૌથી વધારે વિકેટ લેવાનો રેકોર્ડ પોતાને નામ કરી લીધો છે.

# યુસુફ અને વિનય, ક્રિકેટમાં તમારા યોગદાનને ભારત હંમેશા યાદ રાખશે

ભારતના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર યુસુફ પઠાણે શુક્રવારે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. "હું મારા પરિવાર, મિત્રો, ચાહકો, ટીમો, કોચ અને સમગ્ર દેશનો તમામ સમર્થન માટે દિલથી આભાર માનું છું , "યુસુફે નિવૃત્તિ નિવેદન સાથે ટ્વીટ કર્યું.

યુસુફે 2007 માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યા બાદ ભારત તરફથી 57 વનડે અને 22 ટી -20 મેચ રમી હતી. તે આઈસીસી ટી-20 વર્લ્ડકપ 2007 અને આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપ 2011 જીતનાર ભારતીય ટીમનો ભાગ હતો.

એક આક્રમક મિડલ ઓર્ડર બેટ્સમેન તરીકે ભારત તરફથી યુસુફે 810 વન-ડે રન અને 236 ટી -20 રન બનાવ્યા છે તદુપરાંત યુસુફે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 46 વિકેટ પણ ઝડપી હતી.



યુસુફે નિવેદનમાં લખ્યું છે કે, હવે મારા જીવનની આ ઈનિંગ્સ પર પૂર્ણવિરામ મૂકવાનો સમય આવી ગયો છે. હું રમતના તમામ પ્રકારોથી સત્તાવાર રીતે નિવૃત્તિ લેવાની જાહેરાત કરું છું.

તેમણે ઉમેર્યું, "ભારત માટે બે વર્લ્ડ કપ જીત્યા અને સચિન તેંડુલકરને મારા ખભા પર ઉતારવો એ મારી કારકિર્દીની કેટલીક શ્રેષ્ઠ ક્ષણો હતી."

યુસુફે 100થી વધુ ફર્સ્ટ ક્લાસ મેચ રમી છે, જેમાં 4825 રન અને 201 વિકેટનો સમાવેશ થાય છે. 199 લિસ્ટ એ મેચમાં, યુસુફે 4797 રન અને 124 વિકેટ પણ ઝડપી છે.

યુસુફ ટી-20માં પાવર હિટર તરીકે સૌથી અસરકારક હતો. કુલ 274 ટી-20 માં, તેણે 139.34 ના સ્ટ્રાઇક રેટથી 4852 રન બનાવ્યા છે અને 99 વિકેટ પણ ઝડપી છે.

યુસુફ છેલ્લે માર્ચ ૨૦૧૨ માં જોહાનિસબર્ગ ખાતે દક્ષિણ આફ્રિકા સામે વનડેમાં ભારત માટે રમ્યો હતો..

ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર અને કર્ણાટકના ભૂતપૂર્વ કેપ્ટન વિનય કુમારે પણ શુક્રવારે આંતરરાષ્ટ્રીય અને ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી.

બુદ્ધિશાળી ઝડપી બોલર અને સક્ષમ બેટ્સમેન વિનયે ભારત તરફથી એક ટેસ્ટ (ઓસ્ટ્રેલિયા સામે પર્થ ખાતે 2012 માં), 31 વનડે અને નવ ટી -20 મેચ રમી છે. વિનય છેલ્લે ઓસ્ટ્રેલિયા સામે 2013માં ભારત તરફથી રમ્યો હતો.

વિનયે તેની 17 વર્ષની ઘરેલુ કારકિર્દીમાં 900થી પણ વધુ વિકેટ્સ લીધી છે અને આ ઉપરાંત તેણે ફર્સ્ટ ક્લાસ મેચોમાં બે સદી અને 17 અર્ધસદી પણ ફટકારી છે.

# ઈંગ્લેન્ડ સામે રમનાર ટી-20 સિરીઝમાં નવા ચહેરાઓનો સમાવેશ




ઈંગ્લેન્ડ સામે આગામી પાંચ મેચની ટી -20 શ્રેણી માટે ભારતે તેમની 15 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. પાંચેય મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે, જે શ્રેણીની છેલ્લી બે ટેસ્ટ મેચ માટે યજમાન પણ રમશે.

ઈંગ્લેન્ડ સામે આગામી પાંચ મેચની ટી -20 શ્રેણીમાં વિરાટ કોહલી ટીમની આગેવાની લેશે અને રોહિત શર્મા વાઈસ કેપ્ટનસી કરશે. પરંતુ સૌથી મહત્વની વાત એ છે કે આ ટીમમાં પણ મુંબઈના સૂર્યકુમાર યાદવની પસંદગી કરવામાં આવી છે. યુએઈમાં આઈપીએલ દરમિયાન જ્યારે ભારતના કેપ્ટન વિરાટ કોહલી સાથે સ્ટેરડાઉન થયો હતો ત્યારે યાદવે પોતાના માટે એક ખાસ ફેન ફોલોવિંગ બનાવ્યું હતું. તે સ્થાનિક ક્રિકેટમાં વર્ષોથી સતત સારું પર્ફોર્મન્સ રહ્યો છે અને ઘણાને લાગ્યું કે હવે એવો સમય આવી ગયો છે કે તે તે યોગ્ય તક મેળવશે. છેવટે 30 ની ઉંમરે, તે ભારત માટે રમવાની ખૂબ નજીક છે.

સૂર્યા સિવાય રાહુલ તેવાતીયાનું પણ સિલેકશન થયું છે. ગયી આઈપીએલમાં શેલ્ડન કોટરલની એક ઓવરમાં પાંચ સિક્સર લગાવી રાહુલ તેવાતીયા રાતોરાત સ્ટાર બની ગયો હતો. મુંબઈ ઈન્ડિયન્સના ઈશાન કિશનને પણ આઈપીએલ 2020 માં તેના શાનદાર પ્રદર્શન માટે સિલેક્ટ કરવામાં આવ્યો છે. ઈશાને આઈપીએલ 2020 માં 57ની સરેરાશથી 516 રન બનાવ્યા હતા. આ ઉપરાંત વરુણ ચક્રવર્તીને પણ સ્થાન મળ્યું છે.

વિરાટ કોહલી (કેપ્ટન), રોહિત શર્મા (ઉપ-કેપ્ટન), કેએલ રાહુલ, શિખર ધવન, શ્રેયસ ઐયર, સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા, રીષભ પંત (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), યુઝવેન્દ્ર ચહલ, વરૂણ ચક્રવર્તી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રાહુલ તેવાતીયા, ટી નટરાજન, ભુવનેશ્વર કુમાર, દિપક ચહર, નવદીપ સૈની, શાર્દુલ ઠાકુર

# पाक ने तीन साल में १०,७५२ बार किया सीजफायर उल्लंघन

नई दिल्ली : पाकिस्तान ने पिछले तीन साल में १०,७५२ बार संघर्ष विराम का उल्लंघन किया। इनमें ७२ जवान और ७० नागरिकों की मौत हुई। गृह राज्यमंत्री जी. किशन रेड्डी ने मंगलवार को लोकसभा में यह जानकारी दी। उन्होंने बताया कि जम्मू-कश्मीर में नियंत्रण रेखा और अंतरराष्ट्रीय सीमा पर २०१८, २०१९ और २०२० में संघर्ष विराम उल्लंघन की घटनाओं में ३६४ जवान तथा ३४१ नागरिक घायल भी हुए।

अपने एक लिखित जवाब में उन्होंने बताया कि इन तीन सालों में जम्मू-कश्मीर में १,४५२ आतंकी हमले हुए, जिनमें सुरक्षा बलों के २३३ जवान शहीद हुए। इन घटनाओं में ११५ नागरिकों की भी मौत हो गई। जबकि मुठभेड़ों में ६३५ आतंकी मारे गए। इस कारण आतंकी घटनाओं में कमी आई है। उन्होंने बताया कि सरकार ने आतंकवाद के खिलाफ जीरो टालरेंस की नीति अपना रखी है और सुरक्षा बल सीमा पार से होने वाले संघर्ष विराम उल्लंघन का तत्काल ही जवाब देते हैं।

भीमा कोरेगांव मामले में २१ के खिलाफ आरोपपत्र दायरउन्होंने बताया कि भीमा कोरेगांव मामले में राष्ट्रीय जांच एजेंसी (एनआइए) ने १६ आरोपितों को गिरफ्तार किया है, जबकि २१ लोगों के खिलाफ आरोपपत्र दाखिल किए हैं। सरकार ने मानवाधिकार उच्चायुक्त कार्यालय से जारी उस प्रेस विज्ञप्ति का भी उचित जवाब दिया है, जिसमें एनजीओ से जुड़े लोगों के मानवाधिकार उल्लंघन की बात कही गई है।

उन्होंने सदन को यह भी बताया कि जम्मू-कश्मीर में २५ जनवरी तक ३३.८ लाख डोमिसाइल सर्टिफिकेट जारी किए गए। यह भी बताया कि अगस्त २०१९ में अनुच्छेद ३७० को समाप्त किए जाने के बाद से जम्मू-कश्मीर में ५४ आतंकी घटनाओं में ५८ नागरिक मारे गए। आतंकियों की घुसपैठ कराने के लिए पाकिस्तान ने पुंछ जिले में नियंत्रण रेखा पर मंगलवार को भी गोलाबारी की। हालांकि, भारतीय सेना ने घुसपैठ की कोशिश नाकाम कर दी है। कठुआ के हीरानगर सेक्टर में अंतरराष्ट्रीय सीमा पर भी पाकिस्तान ने गोले दागे हैं।

## २०१९ के अध्ययन में खुलासा

# दोगुनी रफ्तार से पिघल रहे हिमालय के ग्लेशियर



नई दिल्ली : बढ़ते तापमान के कारण २१वीं सदी की शुरुआत में ही हिमालय के ग्लेशियर दोगुनी रफ्तार से पिघल रहे हैं। २०१९ में प्रकाशित एक अध्ययन के अनुसार हर साल आधी बर्फ पिघल रही है, जिसके चलते भारत महित कई देशों के करोड़ों लोगों के लिए पानी की कमी का खतरा पैदा हो गया है। ४० वर्षों के उपग्रह के विश्लेषण से शोधकर्ताओं को पता चला है कि भारत, चीन, नेपाल और भूटान में जलवायु परिवर्तन हिमालय के ग्लेशियरों को खत्म कर रहा है।

जून २०१९ में जर्नल साइंस एडवांस में प्रकाशित अध्ययन से पता चलता है कि २००० के बाद से हर साल तेजी से बर्फ पिघल रही है। १९७५ से २००० के मुकाबले ग्लेशियरों के पिघलने की रफ्तार दोगुनी है। अध्ययन के प्रमुख लेखक और अमेरिका में कोलंबिया विश्वविद्यालय में पीएचडी कर रहे जोशुआ मौरर का कहना है कि यह स्पष्ट तस्वीर है कि इस समय अंतराल में हिमालय के ग्लेशियर कितनी तेजी से पिघल रहे हैं और क्यों? उनका कहना है कि अध्ययन में विशेष रूप से इसकी गणना नहीं की गई है, लेकिन ग्लेशियर पिछले चार दशकों में अपने विशाल द्रव्यमान के एक चौथाई हिस्से को खो सकते हैं। अध्ययन में इस क्षेत्र के आड़ों को संश्लेषित किया गया है, जो कि वर्तमान उपग्रहों से लिए गए डाटा पर आधारित है।

अध्ययन में कहा गया है कि ग्लेशियरों के पिघलने में तापमान का बड़ा योगदान है। साल १९७५ से २००० की तुलना में २००० से २०१६ तक एक डिग्री सेल्सियस अधिक तापमान दर्ज किया गया है। शोधकर्ताओं ने पश्चिम से पूर्व की ओर २,००० किलोमीटर तक फैले कुछ ६५० ग्लेशियरों के रिपीट सैटेलाइट चित्रों का विश्लेषण किया। ३डी मॉडल में बदलने के लिए एक स्वचालित प्रणाली बनाई गई जो समय के साथ ग्लेशियरों की बदलती ऊंचाई दिखा सकती है। उन्होंने पाया कि १९७५ से २००० तक हर साल ग्लेशियर औसतन लगभग ०.२५ मीटर बर्फ खो रहे थे, लेकिन २००० के बाद से हर्फ पिघलने की रफ्तार में लगभग आधा मीटर सालाना की तेजी आई।

# २०२० में भारत बांग्लादेश बॉर्डर पर घुसपैठ में कमी

नई दिल्ली : गृह राज्य मंत्री नित्यानंद राय ने राज्यसभा में एक प्रश्न का उत्तर देते हुए कहा कि २०२० में भारत बांग्लादेश बॉर्डर पर घुसपैठ के मामले में कमी आई है और भूमि अधिग्रहण के मुद्दों के कारण पश्चिम बंगाल के साथ सीमा पर ६० किलोमीटर की फेंसिंग का काम पूरा नहीं किया जा सका है। मंत्री ने एक प्रश्न का उत्तर देते हुए कहा कि पिछले एक साल में, घुसपैठ के ४८९ मामले सामने आए और ९५५ घुसपैठियों को सीमा सुरक्षा बल द्वारा गिरफ्तार किया गया और आगे की कार्रवाई के लिए स्थानीय पुलिस को सौंप दिया गया।

गृह राज्य मंत्री नित्यानंद राय ने आगे कहा कि सीमा सुरक्षा बल (क्रस्न) ने भारत-बांग्लादेश सीमा पर २०१६ से २०१९ तक पिछले चार वर्षों में लगभग ४,५०० घुसपैठियों को पकड़ा और उन्हें आगे की कार्रवाई के लिए राज्य प्रशासन को सौंप दिया। उन्होंने कहा कि २०१६ के बाद से घुसपैठ के मामलों में धीरे-धीरे कमी आ रही है। २०१८ में ४२० मामले समाने आए और ८८४ गिरफ्तारियां की गईं, जबकि २०१९ में ५०० मामले सामने आए और १,१०९ घुसपैठियों को गिरफ्तार किया गया। २०१७ में ६५४ मामले सामने आए और १,६०१ लोग गिरफ्तार किए गए।

उन्होंने यह बात राज्यसभा में सांसद मानस रंजन भूनिया द्वारा उठाए गए सवाल के जवाब में कही। गृह राज्य मंत्री नित्यानंद राय ने आगे बताया कि २०१६ से २०१९ तक २,५४८ शिकायतें दर्ज हुईं, जिसमें २,१०४ एफआईआर दर्ज की गईं; ४,१८९ अभियुक्तों में से ४,०७२ को गिरफ्तार किया गया। इस दौरान १,१३४ व्यक्तियों के खिलाफ आरोप लगाए गए और २१२ को दोषी ठहराया गया। मंत्री ने यह भी बताया कि इलाके और भौगोलिक परिस्थितियों के कारण कुछ हिस्सों में फेंसिंग नहीं लगाई जा सकी है। हालांकि, पंजाब में भारत पाकिस्तान सीमा पर मॉड्यूलर फेंसिंग लगाने के नए डिजाइन के लिए पायलट प्रोजेक्ट मार्च २०२० में पूरा हो गया है।

## शाहीन बाग धरने पर सुप्रीम कोर्ट की अहम टिप्पणी

# विरोध करने का अधिकार कभी भी और कहीं भी नहीं हो सकता



नई दिल्ली : सुप्रीम कोर्ट ने उस याचिका को खारिज कर दिया, जिसमें अदालत से शाहीन बाग में ष्ट के खिलाफ धरने को लेकर उसके पुराने फैसले पर विचार करने की मांग की गई थी। इस दौरान सुप्रीम कोर्ट ने अहम टिप्पणी करते हुए कहा, विरोध करने का अधिकार कभी भी और हर जगह नहीं हो सकता। सुप्रीम कोर्ट ने ये साफ करते हुए कहा है कि शहीद बाग में एंटी-सीएए विरोध प्रदर्शन के



दौरान सार्वजनिक स्थानों पर कब्जा स्वीकार्य नहीं है।

शीर्ष अदालत ने कहा कि विरोध किया जा सकता है लेकिन लंबे समय तक असंतोष या विरोध के मामले में, दूसरों के अधिकारों को प्रभावित नहीं किया जा सकता। न्यायमूर्ति संजय किशन कौल, अनिरुद्ध बोस और किरना मुरारी की पीठ ने कहा, 'हमने सिविल अपील में पुनर्विचार याचिका और रिकॉर्ड पर विचार किया है। हमने उसमें कोई गलती नहीं पाई है। पीठ, जिसने हाल ही में आदेश पारित किया है, ने कहा कि इसने पहले के न्यायिक घोषणाओं पर विचार किया है और अपनी राय दर्ज की है कि संवैधानिक योजना विरोध प्रदर्शन और असंतोष व्यक्त करने के अधिकार देती है, लेकिन कुछ कर्तव्यों की बाध्यता के साथ।

पीठ ने शाहीन बाग निवासी कनीज फातिमा और अन्य द्वारा ७ अक्टूबर के कोर्ट के अंतिम फैसले की समीक्षा करने की याचिका खारिज करते हुए कहा, विरोध का अधिकार कभी भी और हर जगह नहीं हो सकता। कुछ सहज विरोध हो सकते हैं, लेकिन लंबे समय तक असंतोष या विरोध के मामले में, दूसरों के अधिकारों के सार्वजनिक स्थान पर लगातार कब्जा नहीं किया जा सकता है। शीर्ष अदालत, जिसने न्यायाधीशों के कक्ष में मामले पर विचार किया, ने मामले में खुली अदालत की सुनवाई की मांग को भी खारिज कर दिया।

शीर्ष अदालत का फैसला वकील अमित साहनी द्वारा शहीन बाग क्षेत्र में एक सड़क की नाकाबंदी के खिलाफ नागरिकता संशोधन अधिनियम (सीएए) के खिलाफ विरोध प्रदर्शन करते हुए आया था। २०१९ में बने इस कानून में अफगानिस्तान, बांग्लादेश और पाकिस्तान से आए हिंदू, सिख, बौद्ध, जैन, पारसी और क्रिस्चन धर्मों के प्रवासियों के लिए नागरिकता के नियम को आसान बनाया गया है।

# चेन्नई : पीएम मोदी ने सेना को सौंपा M-1A अर्जुन टैंक



नई दिल्ली : प्रधानमंत्री नरेंद्र मोदी ने चेन्नई के जवाहरलाल नेहरू स्टेडियम में सेना प्रमुख जनरल एमएम नरवणे को अर्जुन बैटल टैंक (रू-१) सौंपा । अर्जिन टैंक को डिफेंस रिसर्च एंड डेवलपमेंट ऑर्गनाइजेशन (छ्रक्षछ्ह) ने विकसित किया है । इस दौरान पीएम ने चेन्नई में मेट्रो रेल फेज़-१ एक्सटेंशन का उद्घाटन भी किया । इस दौरान अपने संबोधन में पीएम मोदी ने चेन्नई को ऊर्जा और उत्साह से भरा हुआ बताया । प्रधानमंत्री ने रिकॉर्ड फसल उत्पादन और जल संसाधनों के अच्छे उपयोग के लिए तमिलनाडु के किसानों की सराहना की । उन्होंने कहा कि हमें पानी के संरक्षण के लिए जो भी कदम हो उसे उठाना चाहिए । हमे एक बूंद, अधिक फसल का मंत्र याद रखना होगा ।

पुलवामा में सुरक्षाबलों पर हुए हमले का जिक्र करते हुए उन्होंने कहा कि उनकी वीरता पीढ़ियों को प्रेरित करती रहेगी । पीएम मोदी ने कहा कि कोई भी भारतीय इस दिन को नहीं भूल सकता । दो साल पहले पुलवामा हमला हुआ था । हम उन सभी शहीदों को श्रद्धांजलि देते हैं जो हम उस हमले में शहीद हुए । हमें अपने सुरक्षा बलों पर गर्व है ।उन्होंने कहा कि हमारे सशस्त्र बलों ने कई बार दिखाया है कि वो मातृभूमि की रक्षा करने में पूरी तरह से समर्थ है । उन्होंने ये भी दिखाया कि भारत शांति में विश्वास करता है, लेकिन भारत किसी भी हालत में अपनी संप्रभुता की रक्षा करेगा । हम अपने सशस्त्र बलों को दुनिया में सबसे ज़्यादा मॉडर्न फोर्स बनाने की दिशा में आगे भी काम करते रहेंगे । इसी के साथ भारत को रक्षा क्षेत्र में आत्मनिर्भर बनाने की दिशा में फोकस तेज़ी के साथ आगे बढ़ेगा ।

प्रधानमंत्री नरेंद्र मोदी ने आईआईटी मद्रास के डिस्कवरी कैंपस की आधारशिला रखी । यह कैंपस चेन्नई के पास थय्युर में बनाया जाएगा । पहले चरण में २ लाख वर्ग मीटर से अधिक एरिया में बनने वाले इस कैंपस के निर्माण में १००० करोड़ रुपये की लागत आएगी । प्रधानमंत्री नरेंद्र मोदी ने चेन्नई में मेट्रो रेल फेज़-१ एक्सटेंशन का उद्घाटन किया और वाशरमेनपेट से विम्को नगर तक यात्री सेवा को हरी झंडी दिखाकर रवाना किया । इसके साथ ही उन्होंने चेन्नई में २९३.४० करोड़ रुपये की लागत से तैयार 'चेन्नई बीच और अट्टिपट्टु' के बीच चौथी रेलवे लाइन का उद्घाटन किया ।

# कोरोना से ठीक होने के बाद दोबारा संक्रमण का जोखिम

वैज्ञानिकों ने एक नए अध्ययन में कहा गया

नई दिल्ली : दुनियाभर में वैज्ञानिक कोरोना की काट खोजने में जुटे हुए हैं । जैसे जैसे कोरोना संक्रमण को लेकर अध्ययन आगे बढ़ रहे हैं... वैसे वैसे इसके बारे में नए खुलासे भी सामने आ रहे हैं । अब बीएमजी केस रिपोर्ट्स में प्रकाशित एक अध्ययन में कहा गया है कि कोरोना से पीडीत रह चुके कुछ लोगों में रोग प्रतिरोधक क्षमता घट जाने के चलते उनके दोबारा संक्रमित होने की आशंका बढ़ जाती है ।

वैज्ञानिकों ने अध्ययन में पाया है कि सार्स-सीओवी-२ वायरस से पहली बार पीडीत होने वाले लोगों में जब एंटीबॉडी का स्तर घट जाता है तो उनके दोबारा संक्रमित होने का जोखिम भी बढ़ जाता है । हालांकि अध्ययन में यह भी कहा गया है कि पहली बार बहुत गंभीर संक्रमण रहा हो तो दूसरी बार इसके लक्षण मामूली होते हैं । मेरिका में येल यूनिवर्सिटी स्कूल ऑफ मेडिसिन के वैज्ञानिकों ने इसे समझाने के लिए ४० वर्षीय एक शख्स के मामले का हवाला दिया । इस व्यक्ति को चार महीने पहले कोरोना के मामूली संक्रमण के बाद अस्पताल में भर्ती कराया गया था । हालांकि इससे पहले भी वह अप्रैल २०२० में गंभीर संक्रमण की चपेट में आ चुका था ।

रिपोर्ट में कहा है कि वह व्यक्ति मधुमेह, थायरॉइड और मोटापे की समस्या से भी पीडीत था । कोरोना संक्रमण के लिहाज से ये बीमारियां जोखिम की वजह बनती हैं । वैज्ञानिकों ने बताया कि व्यक्ति अप्रैल में कोरोना से गंभीर रूप से संक्रमित हुआ । फिर तीन महीने तक उसकी चार जांचें हुई जिनमें वह संक्रमणमुक्त पाया गया । वैज्ञानिकों ने कहा कि अगस्त २०२० में वह फिर से संक्रमण की चपेट में आ गया । हालांकि इस बार उसे संक्रमण के मामूली लक्षण थे । ऐसा इसलिए हुआ क्योंकि पहले ही गंभीर संक्रमण से उबरने के बाद उसमें कोरोना का मुकाबला करने के लिए कुछ रोग प्रतिरोधी क्षमता बच गई थी ।

# सड़क हादसों को गडकरी ने बताया कोरोना से भी गंभीर

नई दिल्ली : केंद्रीय परिवहन मंत्री नितिन गडकरी ने देश में सड़क हादसों की स्थिति को कोरोना महामारी से भी अधिक गंभीर बताया है । उन्होंने कहा कि सड़क हादसे में एक व्यक्ति की मौत से देश को ९० लाख रुपये से अधिक की क्षति होती है । केंद्रीय मंत्री ने सड़क हादसों और भारतीय समाज पर उसके असर से संबंधित विश्व बैंक की एक पुस्तक का विमोचन कर रहे थे । उन्होंने कहा कि सरकार के लिए हर जिंदगी अनमोल है, चाहें वह समाज के किसी वर्ग से जुड़ी हो । विश्व बैंक की रिपोर्ट को आंख खोलने वाला बताते हुए गडकरी ने कहा कि स्थिति चिंताजनक है । कोरोना महामारी की तुलना में सड़क हादसों में ज्यादा मौतें हुई हैं । यह कोरोना महामारी से भी ज्यादा खतरनाक है । गडकरी ने कहा कि वाहन निर्माताओं को न्यूनतम कीमत पर वाहनों में सुरक्षा संबंधी सुविधाएं मुहैया करानी चाहिए ।

गौरतलब है कि भारत में दुनिया के सबसे ज्यादा सड़क हादसे होते हैं । हर साल होने वाले लगभग ४.५ लाख सड़क दुर्घटनाओं में १.५ लाख लोगों की मौत होती है और ४.५ लाख से ज्यादा जख्मी होते हैं । इससे सकल घरेलू उत्पाद यानी जीडीपी का ३.१४ फीसद नुकसान होता है । उन्होंने कहा कि ७० फीसद हादसे तेज रफ्तार की वजह से होते हैं । इससे पहले, पुणे में गडकरी ने कहा कि दिल्ली-मुंबई एक्सप्रेसवे के बन जाने से पुणे-मुंबई एक्सप्रेसवे पर यातायात का बोझ कम होगा ।

पुणे के चांदनी चौक पर निर्माणाधीन बहु-स्तरीय फ्लाइओवर परियोजना की समीक्षा करने के बाद प्रेस कांफ्रेंस में गडकरी ने कहा कि उन्होंने संबंधित अधिकारियों, ठेकेदारों और स्थानीय निकायों को निर्देश दिया है कि वे एक साल के भीतर इस काम को पूरा कराएं । केंद्रीय मंत्री ने कहा कि अगर वाहन चालकों को अच्छी सड़कें चाहिए तो उन्हें रोड टैक्स देना पड़ेगा । उन्होंने कहा कि १२५० किलोमीटर लंबे और १२ लेन के दिल्ली-मुंबई एक्सप्रेसवे के बन जाने से पुणे-मुंबई एक्सप्रेसवे के साथ ही पश्चिम की तरफ जाने वाले अन्य हाईवे पर भी ट्रैफिक का भार कम होगा ।

## ट्रस्ट ने कहा- मत भेजिए, बैंक लॉकर्स जगह नही

# मंदिर निर्माण के लिए दान में ४०० किलो चांदी की ईंटे आईं




लखनऊ : अयोध्या में बन रहे राम मंदिर के लिए श्रद्धालु बड़ी संख्या में चांदी की ईंटें दान कर रहे हैं । श्रीराम जन्मभूमि तीर्थ क्षेत्र ट्रस्ट के पास चांदी की ईंटों का अंबार लग गया है । एक मीडिया रिपोर्ट के मुताबिक, अब तक ४०० किलो चांदी की ईंटें दान में आ चुकी हैं । ट्रस्ट ने रामभक्तों से अब आगे चादी की ईंटें न दान करने की अपील की है क्योंकि बैंक लॉकर्स में इसे रखने के लिए जगह नहीं बची है । ट्रस्ट के सदस्य डॉ. अनिल मिश्र ने बताया कि राम मंदिर निर्माण के लिए पूरे देश से लोग चांदी की ईंटें भेज रहे हैं । अब हमारे पास इतनी ज्यादा मात्रा में चांदी की ईंटें हो गई हैं कि उन्हें सुरक्षित रखने की समस्या सामने आ खड़ी हुई है । इसलिए ट्रस्ट ने अब चांदी की ईंट न दान करने की अपील की है । हमारे सभी बैंक लॉकर्स चांदी की ईंटों से भर गए हैं । डॉ. मिश्र का कहना है कि ट्रस्ट रामभक्तों की भावनाओं का आदर करता है पर उनसे अपील है कि अब वे दान में चांदी की ईंटें न भेजें । हमें इनको सुरक्षित रखने लिए काफी पैसा खर्च करना पड़ रहा है । मिश्रा ने कहा कि अगर आगे राम मंदिर निर्माण के लिए चांदी की ईंटों की आवश?यकता पड़ेगी तो श्रद्धालुओं से फिर इन्हें दान करने की अपील की जाएगी । राम मंदिर ट्रस्ट सूत्रों के मुताबिक, मंदिर निर्माण के लिए पूरे देश से अबतक १६०० करोड़ रुपये से ज्यादा का चंदा आ चुका है । ट्रस्ट की तरफ से बनाए गए कई समूह अभियान चलाकर हर घर से चंदा एकत्र कर रहे हैं ।

# बदरीनाथ धाम के कपाट १८ मई को खुल जाएंगे



नई दिल्ली : देश के प्रसिद्ध चार धामों में से एक श्री बदरीनाथ धाम के कपाट खोलने की तिथि तय कर दी गई है। १८ मई को ब्रह्म बेला में प्रातः ४ बजकर १५ मिनट पर श्रद्धालुओं के दर्शनार्थ खोल दिए जाएंगे। बसंत पंचमी के धार्मिक महोत्सव पर नरेंद्र नगर स्थित टिहरी राज दरबार में टेहरी नरेश महाराजा मनुजेंद्र शाह ने पारंपरिक तौर पर धाम के कपाट खुलने की विधिवत घोषणा की। इससे पहले राज दरबार में गणेश और पंचांग पूजा के साथ भगवान श्री बदरी विशाल का आवाहन किया गया, जबकि श्री बदरीनाथ धाम का तेल कलश डिमरी पुजारियों ने नरेंद्र नगर राजदरबार पहुंचा दिया है। कपाट खुलने की तिथि तय करने के साथ ही भगवान श्री बदरी विशाल के नित्य प्रति अभिषेक में प्रयुक्त होने वाले तिलों के तेल को पिरोने की तिथि भी निश्चित कर दी गई है। राज दरबार में ही महारानी और अन्य सुहागिन महिलाओं के भगवान बदरी विशाल के अभिषेक के लिए तिलों का तेल पिरोकर तेल कलश में भरा जाएगा। यही तेल कलश नरेंद्र नगर से बदरीनाथ दाम पहुंचेगा और यात्रा काल में इसमें भरे हुए तिलों के तेल से भगवान का अभिषेक होगा। इस अवसर पर राज दरबार नरेंद्र नगर में बदरीनाथ धाम के रावल ईश्वर प्रसाद नंबूदरीपाद, डिमरी पंचायत के पदाधिकारी, सांसद तीरथ रावत, धर्माधिकारी भुवन उनियाल, देवस्थानम बोर्ड के अपर मुख्य कार्यधिकारी बीडी सिंह, चारधाम के उपाध्यक्ष ज`पी ममगाईं, पूर्व मंत्री मोहन सिंह गांववासी सहित अन्य लोग उपस्थित थे।

# भारत ने २० देशों को मुहैया करवाई है कोरोना वैक्सीन




नई दिल्ली : कोविड-१९ महामारी से एक वर्ष से अधिक समय से जूझ रही दुनिया के लिए भारत एक फरिश्ते की तरह सामने आया है। भारत ने इस महामारी पर न सिर्फ अपने यहां पर काबू पाने में सफलता हासिल की है बल्कि दुनिया को इससे उबारने में वो एक कारगर भूमिका निभा रहा है। ये भूमिका भारत दो तरह से अदा कर रहा है। इसका पहला जरिया बना है भारत की बनाई वैक्सीन को दूसरे देशों को भेजना तो दूसरा जरिया बना है विश्व स्वास्थ्य संगठन के कोवेक्स योजना में सार्थक रूप से सहयोग देना। भारत अब तक मदद और कमर्शियल रूप से वैक्सीन की करीब २.३० करोड़ खुराक दुनिया के २० देशों को मुहैया करवा चुका है।


आने वाले समय में भारत अफ्रीका और लेटिन अमेरिकी देशों को और वैक?सीन की खुराक उपलब्ध करवाएगा। इसको दुनिया भारत की वैक्सीन डिप्लोमेसी के नाम से जान रही है। बहरहाल, भारत की वैक्सीन डिप्लोमेसी की बात करें तो इसमें पाकिस्तान को छोड़कर भारत के सभी पड़ोसी देश शामिल हैं। पाकिस्तान को उसकी कारगुजारियों के चलते इसमें शामिल नहीं किया गया है। साथ ही पाकिस्तान की तरफ से भी भारतीय वैक्सीन को हासिल करने की कोई आधिकारिक पहल नहीं की गई है। इसके अलावा भारत ने अपनी वैक्सीन को अब तक नेपाल, श्रीलंका, म्यांमार, बांग्लादेश, फिलीपींस, इंडोनेशिया, ब्राजील भेजी है।

ब्राजील के राष्ट्रपति ने तो वैक्सीन मिलने के बाद एक यादगार ट्वीट भी किया था जि समें भगवान हनुमान को जड़ीबूटी लाते हुए दिखाया गया था। इसमें भारत को वैक्सीन भेजने के लिए धन्यवाद कहा गया था। आपको बता दें कि डब्ल्यूएचओ ने कोवैक्स को १४५ देशों को भेजने की घोषणा की है। इनमें अधिकतर वो देश हैं जो आर्थिक रूप से गरीब हैं और जो वैक्सीन का खर्च अकले नहीं उठा सकते हैं। इनमें पाकिस्तान भी शामिल है। पाकिस्तान भी कोवेक्स के मिलने का इंतजार कर रहा है। गौरतलब है कि भारत ने २१ ज नवरी को वैक्सीन मैत्री के तहत कोरोना महामारी की वैक्सीन अन्य देशों में पहुंचाने की पहल की थी।

इनमें वो देश शामिल थे जो छोटे और गरीब थे, जैसे डोमनिक रिपब्लिक। भारत ने ऐसे देशों को ये मदद मुफ्त मुहैया करवाई थी। भारत के विदेश मंत्रालय की तरफ से ये बात बेहद साफ कही गई है कि भारत आने वाले समय में भी पूरी दुनिया की मदद इस संबंध में करता रहेगा। भारत के विदेश मंत्रालय की तरफ से मिली जानकारी के मुताबिक अब तक अन्य देशों को वैक्सीन की कुल खुराक में से करीब ६० लाख से अधिक (६.४७ मिलियन) खुराक मदद के तौर पर जबकि १ करोड़ ६० से कुछ अधिक खुराक कमर्शियल तौर पर मुहैया करवाई गई है। भारत ने वैक्सीन डिप्लोमेसी में पड़ोसियों को सबसे अधिक प्राथमिकता दी और उन्हें ये वैक्सीन मुहैया करवाई।

# गुंडे को गुंडागीरी छोड़नी पड़ेगी या गुजरात छोड़ना पड़ेगा : सीएम रुपाणी

जामनगर : जामनगर के चांदी बाजार में मुख्यमंत्री विजय रुपाणी और प्रदेश भाजपा अध्यक्ष सीआर पाटिल की महानगरपालिका के चुनाव को लेकर जनसभा आयोजित हुई थी। जामनगर में मुख्यमंत्री की जनसभा में कहा कि, किसी की भी संपत्ति में असामाजिक तत्व घुस जाते थे इसी वजह से लैंड ग्रेबिंग का कानून बनाया गया है। गुंडे या तो गुंडागीरी छोड़े या गुजरात छोड़े ऐसी चेतावनी सीएम रुपाणी ने चांदी बाजार के चौक में कही थी। जामनगर में मुख्यमंत्री ने बताया कि केंद्र में नरेन्द्र मोदी की सरकार में विकास के लिए लगातार काम किया जा रहा है। दूरदराज के लोगों का विकास हो इसके लिए गुजरात सरकार पर लगातार प्रयत्नशील है। हमेशा कांग्रेस को लोगों ने सेवा का मौका दिया था लेकिन अब अवसर को आपने मुसीबत में बदल दिया था जबकि भाजपा ने लोगों की लगातार सेवा की है। भाजपा ने यह निर्णय लिया था लगातार तीन टर्म से चुने जाते हो उनको टिकट नहीं देना। इस मौके पर उन्होंने यह प्रहार भी किया था कि, क्या कांग्रेस



ऐसा निर्णय कर सके या तीन टर्म से लगातार हारते हो इसे टिकट नहीं देना सीएम रुपाणी ने नल से जल योजना, शौचालय मुक्त शहर और ग्राम, नर्मदा योजना आयुष्मान भारत, अमृतम योजना आदि योजना की जानकारी दी गई और जामनगर के सभी भाजपा के उम्मीदवारों को भारी बहुमत से जिताने के लिए लोगों से अपील की थी।

# अयोध्या में रामलला को नये डिजाइन के वस्त्र ही पहनाए जाएंगे

अयोध्या : फिल्मी सितारों के साथ प्रख्यात क्रिकेटर्स के लिए ड्रेस डिजाइन करने वाले प्रख्यात डिजाइनर मनीष त्रिपाठी रामलला के लिए खास पोशाक तैयार की है। खादी की इस खास पोशाक को रामलला को समर्पित करने के लिए मनीष त्रिपाठी रामनगरी अयोध्या में थे। अयोध्या में भव्य राम मंदिर के निर्माण से पहले नगरी के साथ ही सभी जगह को नया स्वरूप प्रदान किया जा रहा है। इसी क्रम में अब रामलला को नये डिजाइन के वस्त्र भी पहनाए जाएंगे। इन वस्त्रों को विख्यात डिजाइनर मनीष त्रिपाठी ने तैयार किया है।

रामलला के लिए तैयार खादी की खास पोशाक को मनीष त्रिपाठी ने मुख्यमंत्री योगी आदित्यनाथ को भी दिखाया था। रामलला को समर्पित की गई पोशाक को लेकर रामलला के प्रधान पुजारी आचार्य सत्येंद्र दास ने बताया कि बसंत पंचमी के मौके पर पीले वस्त्र भगवान



को अर्पण करते हैं। मुख्यमंत्री की तरफ से भेजी गई पोशाक आज के दिन को ध्यान में रखकर तैयार की गई है। आज आरती में नई पोशाक रामलला को धारण कराई गई है, दूसरी पाली में रामलला का दर्शन करने वाले श्रद्धालुओं को रामलला का दर्शन इसी नई पोशाक में मिलेगा। रामलला अब प्रत्येक दिन के हिसाब से विभिन्न रंगों की पोशाक धारण करेंगे। रामलला के लिए खादी के खास वस्त्र लेकर मनीष त्रिपाठी अयोध्या में थे। खादी और सिल्क मिश्रित पोशाक लेकर ड्रेस डिज इनर मनीष त्रिपाठी खुद रामलला के दरबार में पहुंचे और वहां पर पोशाक समर्पित की।

# सूर्य शुक्र ऐवम मंगल राहू के योग की जानकारी ऐवम 12 राशियों में प्रभाव

सूर्य का कुम्भ राशी में प्रवेश - 12 फरवरी

सूर्य का मीन राशी में प्रवेश 14 मार्च को 08 :53 रात से।

शुक्र का कुम्भ राशी में प्रवेश 20 फरवरी को रात 02 :16

शुक्र का मीन राशी में प्रवेश 6 मार्च को 02:40 रात से।

मंगल का वृष राशी में प्रवेश 21 फरवरी को 01 :34 रात से और 13 अप्रैल को 10: 40 रात से मिथुन में।

**ग्रहों की युति क्या है**

ज्योतिष शास्त्र के अनुसार जब दो ग्रह एक ही राशि में हो तो इसे ग्रहों की युति कहा जाता है।

**मंगल राहु की युति**

मंगल जब राहु या केतु के साथ होता है तो अंगारक योग बनता है। मंगल और राहु की युति से लड़ाई - झगड़ा, दुर्घटना, तनाव आदि का विचार किया जाता है।

**ज्योतिष शास्त्र के अनुसार मंगल--**

ज्योतिषशास्त्र में मंगल देव को क्रोध, वाद-विवाद, लड़ाई-झगड़ा, हथियार, दुर्घटना, अग्नि, विद्युत आदि का कारक माना गया है।

**ज्योतिष शास्त्र के अनुसार राहु ग्रह**



राहु ग्रह को आकस्मिक घटनाएं, शत्रु, षडयंत्र, नकारात्मक ऊर्जा, छल-कपट, का कारक ग्रह माना गया है। यही कारण है कि ज्योतिष में मंगल और राहु के योग को अधिक नकारात्मक और दुष्परिणाम देने वाला योग माना गया है।

**ज्योतिष शास्त्र के अनुसार सूर्य ग्रह**

सूर्य ग्रह सभी ग्रहों का राजा है। वैदिक ज्योतिष में इसे आत्मा, मान-सम्मान, राजा, उच्च पद, सरकारी सेवा, लीडरशिप आदि का कारक माना जाता है। सूर्य ग्रह सिंह राशि का स्वामी है। सूर्य देव तुला राशि में नीच के होते हैं। जबकि मेष राशि में उच्च के होते हैं।सूर्य देव के शनि शुक्र ,राहु ऐवम केतु शत्रु हैं।

**ज्योतिष के अनुसार शुक्र**

ज्योतिष में शुक्र ग्रह कला, संगीत, सौंदर्य एवं सुख-समृद्धि का कारक ग्रह शुक्र वृष और तुला राशि का स्वामी है। शुक्र मीन राशि में उच्च उच्च का और कन्या राशि में नीच का होता है। ग्रहों में बुध और शनि ग्रह शुक्र के मित्र ग्रह हैं और सूर्य और चंद्रमा इसके शत्रु ग्रह माने जाते हैं।

सूर्य व शुक्र युति- ज्योतिष में यह एकमात्र ऐसी युति है, जो दो शुभ ग्रहों की होती किंतु इसका फल अशुभ होता है, क्योंकि शुक्र सूर्य के समीप आकर अस्त होकर अपना शुभ फल खो देता है। सूर्य व शुक्र की युति जातक के दांपत्य जीवन के लिये बहुत हानिकारक होती है। अधिकांश कुंडलियों में जिनमें सूर्य व शुक्र की युति होती, उस जातक को दांपत्य सुख में बहुत बाधा आती है। उसका विवाह विलंब से होता है और उसे शुक्र संबंधी रोगों के कारण कष्ट होता है।



नक्षत्र
पंडीत
आशिष तिवारी

**सूर्य - शुक्र ऐवम मंगल राहु का योग 12 राशियों का फलादेश**

**मेष** - यह योग आपको धन लाभ देगा ,लेकिन स्वास्थ्य बिगड़ सकता है ,घर मे वाद - विवाद हो सकते हैं, लव लाइफ अच्छी रहेगी।

**वृषभ** - यह योग बिगड़े हुए कार्य समपन्न कराएगा स्वास्थ अच्छा रहेगा, परिवार का सहयोग मिलेगा। व्यापार ऐवम कार्यक्षेत्र में सफलता प्राप्त होगी।

**मिथुन** - यह योग आपको मिलाजुला फल दे सकता है ,दूर की यात्रा हो सकती है ,स्वास्थ्य बिगड़ सकता है , लेकिन धन लाभ का उत्तम योग बन रहा है।

**कर्क** - यह योग आपको अशुभ फल दे सकता है, स्वास्थ का ध्यान रखें, वाद विवाद से बचें, गुप्त शत्रुओं से पीड़ा हो सकती है।

**सिंह** - यह योग आपको विशेष शुभ नही है , वरिष्ठ जनों से वाद विवाद हो सकता है ,कार्यक्षेत्र में बदलाव संभव है , नया वाहन खरीद सकते हैं।

**कन्या** - यह योग आपको समाज मे मान सम्मान देगा, धन प्राप्ति हो सकती है, मुकदमे में विजय प्राप्ति का योग बन रहा है।

**तुला** - विद्यार्थियों को शुभ फल की प्राप्ति हो सकती है, अविवाहित लोगो का विवाह हो सकता है, महिलाओं को लाभ होगा।

**वृश्चिक** - घर ऐवम वाहन ले सकते है, व्यापार ऐवम कार्यक्षेत्र में लाभ होगा, राजनीति से जुड़े हुए लोगो को मध्यम फल प्राप्त होगा।

**धनु** - यह योग मध्यम फल देगा, अचानक लाभ ऐवम हानि का योग बन रहा है, धार्मिक यात्रा हो सकती है।

**मकर** - यह योग आपको शुभ फल दे सकता है, राजनीति से जुड़े हुए लोगो को विशेष लाभ हो सकता है, अन्य जनों को धन लाभ का योग बन रहा है, पत्नी या प्रेमिका से वाद विवाद हो सकता है।

**कुम्भ** - यह योग आपको मिला जुला फल देगा, स्वास्थ्य अच्छा रहेगा, परिवार ऐवम पत्नी से लाभ मिलेगा, वाहन दुर्घटना का योग बन रहा है।

**मीन** - यह योग आपको अशुभ फल दे सकता है, स्वास्थ का ध्यान रखे, मन ऐवम वाणी में नियंत्रण रखें, नित्य ध्यान योग करें।



# एकादसी व्रत का महत्व

एकादशी महीने में दो बार आती है, यानि एक कृष्णपक्ष में, और एक शुक्लपक्ष में. एकादशी का व्रत विष्णु जी से सम्बंधित है, या विष्णु जी के अवतार राम या कृष्ण जिनके इष्ट देवता होते है, उनेहे एकादशी का व्रत करना चाहिए. प्रत्येक एकादशी का अपना एक विशेष महत्व है, और प्रत्येक एकादशी के अलग – अलग नाम है ,और अलग अलग मनोवांछित कार्य सिद्धि के लिए एकादशी का व्रत प्राचीन काल से किया जाता रहा है. जैसे पुत्र प्राप्ति के लिए पुत्रदा एकादशी का व्रत करना चाहिए इसी प्रकार अलग अलग कार्य सिद्धि के लिए एकादशी व्रत का महत्व है. एकादशी का व्रत करने से मनुष्य के द्वारा किये हुए पापो से मुक्ति मिल जाती है, जीवन में सुख, शांति, सम्रद्धि आती है, और जिनको संतान नहीं है उनेहे संतान की प्राप्ति होती है, बेरोजगार लोगो को मनोवांछित नौकरी मिलती है, और मनुष्य इस लोक में सुख भोगते हुए अंत में गोलोक को जाते है या मनुष्य जन्म – मरण के बंधन से मुक्त होकर बैकुठ लोक को जाता है |

**एकादशी व्रत करने की विधि**

एकादशी का व्रत कोई भी स्त्री – पुरुष कर सकता है ,लेकिन जो लोग गुरु मन्त्र ले चुके है उनेहे एकादशी का व्रत करना चाहिए .एकादशी का व्रत करने से एक दिन पहले रात को १२ बजे से पहले भोजन कर लेना चाहिए ,और एकादशी के दिन प्रातः काल उठकर स्नान करके विष्णु जी का पूजन करना चाहिए ,और पूजन के बाद चाहे तो फल या जूस ले सकते है ,और साम को को चावल को छोड़कर एक समय फलाहार या अनाहार कर लेना चाहिए |

**एकादशी पूजन विधी**


प्रातः काल उठकर स्नान करके संध्या करने के बाद श्री हरी जी का या अपने इष्ट देवता राम या कृष्ण जी को स्नान कराये, फिर उनेहे सुंदर वस्त्र पहनाये, आभूषण पहनाये, इसके बाद उनेहे पिले चन्दन या केसर का तिलक करे, फिर धुप, दीप दिखाए, औए नैवेद्य अर्पित करे, आचमन कराये, इसके बाद ऋतुफल अर्पित करे, और अपने इष्ट देवता को पान, सुपारी, लोग, इलायची अर्पित करे, और कुछ दक्षिणा अर्पित करे, और अंतिम में छमा प्राथना करे |

**विशेष**

विष्णु जी या राम, कृष्ण को पीले चन्दन से कलर करके चावल चढ़ाये बिना कलर किया हुआ चावल ना चढ़ाये, या चावल की जगह सफेद तिल चढ़ा सकते है |




# માસિક રાશિફળ

## ARIES



### મેષ — અ. લ. ઈ

મહીના ની શરૂઆતમાં પિતાના સાથે સંબંધોમાં સાંમજસ્ય વધશે. યશ માન,કીર્તિ અને પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. પારિવારિક સંબંધ, દાંમ્પ્ત્ય જીવન સાર્વજનિક જીવનમાં શુભ પરિણામ પ્રાપ્ત થશે. ઉધાર વસૂલી જેવા કાર્યમાં વિલંબની શકયતા વધી જશે. ખાસ કરીને હાથમાં આવેલું લાભ અંતિમ ઘડીમાં છિનાઈ શકે છે. આર્થિક લેનદેનમાં સાવધાની રાખવી. જે લોકો વેપાર કરી રહ્યાં હોય તેમને આ મહિને થોડી સાવધાની રાખવી જરૂરી છે કારણ બિઝનેસમાં કેટલીક સમસ્યાઓ આવી શકે છે.

## TAURUS



### વૃષભ — બ. વ. ઉ

પેટ સંબંધી રોગ કે કફરહિત રોગ થવાની શકયતા છે. ખાવા-પીવા અને ફરવામાં સંયમ રાખવું. નહી તો આગળ ચાલીને પરેશાની ઉઠાવી પડી શકે છે. માનસિક શાંતિ અને સારા સ્વાસ્થ્યા સાથે ફેબ્રુઆરી માસની શરૂઆત થશે. તરોતાજા હોવાના કારણે તમે કામ મૂકીને પરિજન સાથે પિકનિક કે પ્રવાસની યોજના બનાવશો. ઉચ્ચ અધ્યયન માટે વિદ્યાર્થીઓને વિદેશ જવાના અવસર મળી શકે છે. શેયર બજાર કેસટ્ટામાં લાંબા સમય માટે નિવેશ કરી શકશો. આ સમયે કોઈ વડીલ, ગુરૂ કે વિદ્વાનથી ભેટ થશે.

## GEMINI



### મિથુન — ક. છ. ઘ

બ્લ્ડપ્રેશર, હૃદયસંબંધી સમસ્યા દાંત કે મસૂડાના દુખાવા બોલવાની તકલીફ માઈગ્રેન જેવા રોગ હોય તો વધારે સાવધાની રાખવી પડશે. વડીલ સાથે વિવાદ ન કરવા. મહીનાના પ્રારંભ પ્રોફેશનલ વિષયો માટે સરસ રહેશે. વ્યાપારિઓના નવા ઓર્ડર મળશે. મહીનાની શરોઆતમાં રિયલ એસ્ટેટ, કૃષિસ સજાવટની વસ્તુઓ, સૌંદર્ય પ્રસાધન, કળા જગતથી સંકળાયેલા લોકો સરસ પ્રગ્તિ કરશે. આર્થિક લાભ પણ મળી શકે છે. આમ તો પહેલા પખવાડામાં સરકારી અને કાનૂની વિષ્યોમાં ખર્ચની શકયતા છે.

## CANCER



### કર્ક — ડ. હ

મહિનાનું પ્રથમ અઠવાડિયુ તમારે માટે લાભપ્રદ અને શુભ રહેશે. આ દરમિયાન આવકમાં વધારો. માન-સન્માનની પ્રાપ્તિ માટે સાથે કાર્યોમાં સફળતા પણ મળશે. પણ બીજા અઠવાડિયામાં બુધ તમારી રાશિથી આઠમાં ઘરમાં હોવાથી તમને સ્વાસ્થ્યમાં ઉતાર-ચઢાવ સાથે જ ઘરેલુ અને આર્થિક મામલામાં પરેશાનીઓનો સામનો કરવો પડી શકે છે. દાંપત્ય જીવન વ્યતિત કરી રહેલા લોકોને હવે કેટલાંક સારા પરિણામ પણ જોવા મળશે. ખર્ચાઓમાં કમી આવવાને કારણે તમારી આર્થિક સ્થિતિ મજબૂત રહેશે.

## LEO



### સિંહ — મ. ટ

આ મહીનો તમારા માટે શુભ ફળદાયી રહેશે. કોઈ કામમાં જલ્દબાજ્જી ન કરવી. ગુસ્સામાં લીધેલા નિર્ણય મુશ્કેલીમાં નાખી શકે છે. આમ તો રોકાયેલા કામ પૂરા થશે જેનાથી માનસિક શાંતિ મળશે. પત્ની કે ભાગીદારથી લાભની આશા રાખી શકો છો. જે લોકો સરકારી નોકરી કરે છે એમના માટે આ સમય શુભ રહેશે. આખરના બે દિવસ બધા પ્રકારથી લાભ થશે. નાના મોટા પ્રવાસોથી તમને હર્ષ અને આનંદની પ્રાપ્તી થસે તેમજ પોતાના વડવાઓના મકાનમાં રહેવાનો પણ તમે આનંદ માણશો.

## VIRGO



### કન્યા — પ. ઠ. ણ

આ મહીનામાં આર્થિક મજબૂતી અને નોકરીયાત લોકોને આગળ વધવાનું અવસર મળશે. પણ શત્રુ કે પ્રતિસ્પર્ધી વધારે સક્રિય રહેશે. આથી કામમાં બેદરકારી ન કરવી. સ્વાસ્થયનો ખાસ ધ્યાન રાખો. મહીનાના મધ્યમાં પણ કામમાં અટકળો આવશે. બધા પ્રકારના રોકાયેલા કાર્ય સમય પર પૂર્ણ થશે. આવકમાં પણ વધારો થવાથી ચોક્કસપણે તમે વધુ ખુશ થશો. નોકરિયાતોને આ સમયમાં સહયોગીઓ પાસેથી ખૂબ સારો સહકાર મળે. તમારા ખર્ચ પણ નિયંત્રણમાં રહેશે.

## LIBRA



### તુલા — ર. ત

મહત્વપૂર્ણ ગ્રહ ખરાબ સ્થાન કે સારા સ્થાનમાં ખરાબ હોવાથી તમને આ મહીને ખૂબ ઉતાર ચઢાવ જોવા મળશે. શરૂઆતના ચરણમાં પ્રેમ સંબંધમાં કોઈ પણ કારણથી તણાવ આવી શકે છે. તમારા દ્વારા તમારા પ્રેમની અભિવ્કતિ ઠીક રીતે નહી કરવાની આશંકા છે. વિદ્યાર્થીઓ માટે પ્રતિયોગી પરેસાની તૈયારી કરવાના ઉદ્દેશ્ય માટે મધ્યમ સમય છે. રોગ સ્થાનમાં શુક્ર અને મંગળ થવાથી સ્વાસ્થય પ્રત્યે સાવધાન રહેવું. પારિવારિક લોકોનો સહયોગ તમને પ્રાપ્ત થશે.

## SCORPIO



### વૃશ્ચિક — ન. ય

આ મહીનામાં નોકરી ધંધામાં સારું લાભ મળવાની શકયતા છે. તમને નવી નોકરીના વિષયમાં વિચાર કરવા કે કોઈ ધંધાકીય ઉધમ શરૂ કરવા માટે તૈયાર રહેવાની શકયતા છે. આ સ્થિતિ તમને મહિલા મિત્રોથી લાભ અપાવશે. એમના જ્ઞાનના ઉપયોગ કરશો તો વધારે પ્રગતો કરી શકશો. કામ-ધંધામાં બુદ્ધિના ઉપયોગથી વધારે લાભ થશે. આ સમયે તમે જે સ્થાન પર વ્યાપાર કે નોકરી કરે છે ત્યાં તમારી વાણીના કારણે લોકોમાં તમારું પ્રભાવ વધશે. દરેક કાર્યમાં જીવનસાથીના સહયોગ મળશે.

## SAGITTARIUS



### ધન — ભ. ફ. ઢ. ધ

તમારા ઉપર શનિની સાઢેસાતી હોવાથી તમને માનસિક અને શારીરિક રોગોની શરૂઆત કરશે. ઘણી પરીક્ષાઓથી ગુજરવા માટે માનસિક રૂપથી તૈયાર રહેવું પડશે. લગ્ન સંબંધિત વિષયોમાં મોડું થશે. આ મહીના તમારા કાર્યમાં પ્રગતિ થશે અને ભાગ્યના સારું સાથ મળશે. પરિજનોની જરૂરાત પૂરા કરવા તમારા વધારે ખર્ચ થશે. નવા ઘર કે અચળ સંપતિ ખરીદવાના વિચાર બનાવીએ રહ્યા છો તો અનૂકૂળ સમય છે. સંતાન પર ખર્ચ વધશે. ભાગ્યોદયથી નવા અવસર મળશે. બિજનેસમાં ભાગીદારનો સહયોગ મળશે.

## CAPRICORN



### મકર — ખ. જ

મકર - મહીનાની શરૂઆતનો સમય વિદ્યાર્થી વર્ગ અ ને પ્રેમીજન માટે ઉત્તમ રહેશે. 3 તારીખે મનોબળ ઉત્તમ રહેશે અને આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થશે. કાર્ય ક્ષમતાનો વિકાસ થશે. કાર્ય કરવામાં તમે આળથે મુક્ત રહેશો -સુખ સુવિધા સંબંધા સમસ્યાઓ ધીમે-ધીમે સમાધાન આવતો જોવાશે. પાંચમી તારીખને બુધ લગ્નમાં થઈને મકર રાશિના જાતકો માટે ભાગ્યશાળી સમયની શરૂઆત થશે. આવતા એક મહીનાના સમયે પ્રાપર્ટીનો કામ પણ સારી રીતે પૂરા થઈ શકે છે. આધ્યાત્મિક અધ્યયન માટે ઉત્તમ સમય છે.

## AQUARIUS


### કુંભ — ગ. શ. સ

મહીનાના પૂર્વાર્ધમાં તમારા નવા કામ શરૂ થશે અને જૂના કાર્ય પૂર્ણ પણ થશે. નવા ધંધા-નોકરીની શરૂઆત માટે અનૂકૂળ સમય છે. વિદેશગમનના પ્રબળ યોગ બની રહ્યા છે. આમ તો આ સમયે સરકારી કામમાં મુશ્કેલી આવશે. ધંધા અને નોકરી માટે યાત્રાના યોગ પણ બનશે. કોઈ નવા કાર્ય શરૂ કરવામાં સાવધાની રાખવી જરૂરી છે. કોઈ પણ વિષય માં ખૂબ વિચારીને, જરૂરી લાગે તો વિશેષજ્ઞોની સલાહ લઈને કામ કરવું હિતકારી થશે. તમારા ગુસ્સા અને આવેશને નિયંત્રણમાં રાખવું જરૂરી છે.

## PISCES


### મીન — દ. ચ. ઝ. થ


આ મહીનાનો પૂર્વાર્ધ તમારા માટે મિશ્ર ફળદાયી રહેશે. પ્રથમ દિવસ ચંદ્રના લાભ સ્થાનથી પસાર થવાથી તમને લાભ અને આવક થશે. ત્યારબાદ 21 અને 22 તારીખને તમે માનસિક દુવિધા અને ચિંતા, કામમાં તકલીફ અનુભવ થશે. આ સમયે તમારા ગુસ્સા કે આવેશના કારણે કોઈની સાથે ઉગ્ર વિવાદ કે ઝગડા થઈ શકે છે. જીવનસાથી સાથે પણ વ્યવહારમાં સમાધાનકારી માર્ગ અજમાવો. ખર્ચની માત્રા વધશે. ઉચ્ચ અધ્યયન માટે વિદ્યાર્થીઓને વિદેશ જવાના અવસર મળી શકે છે.

# હાર્ટની બિમારી સાથે જોડાયેલી ૫૦ વર્ષ જુની થિયેરીને ફગાવાઇ...

## હાઇ બેડ કોલેસ્ટ્રોલથી ખતરો નથી

હાર્ટની બિમારી સાથે જોડાયેલી આશરે ૫૦ વર્ષ જુની થિયેરીને એક અભ્યાસમાં હવે ફગાવી દેવામાં આવી છે. હજુ સુધી એમ માનવામાં આવી રહ્યુ હતુ કે બેડ કોલેસ્ટ્રોલનુ ઉંચુ સ્તર હાર્ટની બિમારીના મુખ્ય કારણો પૈકી એક કારણ છે. પરંતુ હવે એક નવા અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે બેડ કોલેસ્ટ્રોલના ઉચ્ચ સ્તરના હાર્ટની બિમારી સાથે સંબંધ નથી. એટલે કે હા બેડ કોલેસ્ટ્રોલતી હાર્ટની બિમારનો કોઇ ખતરો નથી. આની સાથે કનેક્શનના કોઇ પુરાવા હાથ લાગ્યા નથી. દુનિયાભરના ૧૭ હાર્ટ નિષ્ણાંતોની ટીમ દ્વારા વ્યાપક અભ્યાસ બાદ આનો દાવો કર્યો છે. અભ્યાસમાં આ બાબતનો પણ ખુલાસો કરવામાં આવ્યો છે કે મોટી સંખ્યામાં હાર્ટ એટેકના એવા દર્દી છે એલડીએલ અથવા તો બેડ કોલેસ્ટ્રોલનુ સ્તર સામાન્ય કરતા પણ ઓછુ રહ્યુ છે. અભ્યાસમાં સામેલ કરવામાં આવેલા એક ફિજિશિયન પ્રોફેસરે કહ્યુ છે કે બેડ કોલેસ્ટ્રોલનુ ઉચ્ચ પ્રમાણ ધરાવતા વરિષ્ઠ લોકો લાંબા સમય સુધી જીવિત રહે છે. આ અભ્યાસના તારણ બ્રિટીશ પત્રિકા એક્સપર્ટ રિવ્યુ ઓફ ક્લિનિકલ ફ્રોર્મોકોલોજીમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. આશરે ૧૩ લાખ લોકોને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસ બાદ તબીબો દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે હાઇ બેડ કોલેસ્ટ્રોલતી હાર્ટની બિમારીનો ખતરો નથી. આ અભ્યાસ કરનાર ટીમમાં અમેરિકા, આયરલેન્ડ, ઇટાલી, સ્વીડન, ફ્રાન્સ અને જાપાનના હાર્ટ નિષ્ણાંતો સામેલ હતા. આ ટીમે હાર્ટની બિમારી માટે ઉપયોગ થતી સ્ટેટન્સ દવાની પ્રભાવશાળી અસર હોવાન બાબતને પણ ફગાવ દીધી છે. નિષ્ણાંતોએ ચેતવણી આપતા કહ્યુ છે કે સ્ટેન્ટિસ થી લાખો લોકોને કોઇ સુરક્ષા મળતી નથી. જેથી તેનો ઉપયોગ છોડી દેવામાં આવે તે જરૂરી છે. કેટલાક તબીબો અને દર્દી વચ્ચે આ દાવા લાંબા સમય સુધી પડનાર અસરને લઇને ચિંતા છે. આ દવાના વધારા ઉપયોગ કરવાથી ડાયાબિટીસ દર્દીઓમાં પેશીમાં દુખાવા અને યાદશક્તિ જવાની સમસ્યા આવી શકે છે. હાર્ટની ધમનીને જામન કરનાર ફેટના જમા થવાની બાબતને તબીબી ભાષામાં એથરોસકરોસિસ નામથી ઓળખવામાં આવે છે. હવે એમ માનવામાં આવે છે કે એથરોસકરોસીસ કોલેસ્ટ્રોલથી બને છે. પરંતુ હવે અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે બેડ કોલેસ્ટ્રોલથી એથરોસકરોસીસના કોઇ લેવા દેવા નથી. અમેરિકામાં તાજેતરમાં જ કરવામાં આવેલા નવા સંશોધનમાં જાણવા મળ્યુ છે કે હાર્ટને હેલ્થી રાખવા માટે વધારે પડતાં સોડિયમના ઉપયોગને ટાળવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત ફ્રેશ ચીજવસ્તુ ખાવાની સલાહ પણ આ અભ્યાસમાં આપવામાં આવી છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે હેલ્થી ડાઇટ ઘણી તકલીફથી દૂર રાખે છે પરંતુ અસંતુલિત ડાઇટના લીધે બ્લડપ્રેશર, કોલેસ્ટેરોલ, બ્લડ સુગરની સપાટી અને વજન સતત વધી જાય છે જેના કારણે હાર્ટના રોગનો ખતરો વધી જાય છે. બર્મીંગ્હામ સ્કૂલ ઓફ પબ્લીક હેલ્થમાં યુનિવર્સિટી ઓફ અલાબામાના સંશોધકોએ અભ્યાસ કર્યા બાદ આ મુજબના તારણો આપ્યા છે.

અભ્યાસમાં જાણવા મળ્યું છે કે હાર્ટના રોગ માટે એકંદરે ઘણા પરિબળો જવાબદાર રહે છે. સોડિયમ બ્લડપ્રેશરને વધારવામાં તથા અન્ય ઘણા રોગને આમંત્રણ આપે છે. ત્રણ અમેરિકનો પૈકી એક માટે સોડિયમ ખતરનાક હોવાની બાબત પણ જાણવા મળી છે જે હાઇબ્લડપ્રેશર વધારવામાં ભૂમિકા ભજવે છે. સોડિયમ સેલમાં પાણીને આકર્ષિત કરે છે જેથી બ્લડપ્રેશરમાં ફ્લુઇડ પ્રમાણ વધી જાય છે. આનાથી સ્ટ્રોક અને હાર્ટ એટેકના હુમલા થવાનો ખતરો વધી જાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ખતરામાં વધારો કરનાર અન્ય પરિબળો પણ છે. સર્વોચ્ચ સોડિયમના જથ્થાનો ઉપયોગ ખતરનાક છે. બ્લેક અને વાઇટ સોડિયમની અસર જુદી જુદી રહે છે. કાળા હાઇએસ્ટ સોડિયમના હિસ્સા (૨૬૦૦ એમજી પ્રતિદિવસ)થી મૃત્યુનો ખતરો ૬૨ ટકા વધી જાય છે. અભ્યાસ મુજબ સોડિયમના પ્રમાણને મર્યાદિત રાખવામાં આવે તે જરૂરી છે. ફ્રૂટ અને વેજીટેબલ જેવી ચીજવસ્તુ ખાવામાં દરરોજ ઉપયોગમાં લેવી જોઇએ. આનાથી વધારે પ્રમાણમાં પ્રોટેશિયન મળે છે જે બ્લડપ્રેશરને ઘટાડવામાં ઉપયોગી ભૂમિકા ભજવે છે. ફળ અને શાકભાજી માટે ફ્રેશ સર્વશ્રેષ્ઠ સોસ તરીકે છે. ફિશ પણ ઉપયોગી પસંદગી બની શકે છે. સપ્તાહમાં બે વખત ફિશ ખાવાની સલાહ સંશોધનમાં આપવામાં આવી છે જે હાર્ટ રોગના ખતરાને ઘટાડવા સાથે સંબંધિત સારા ફેટના સોસ તરીકે છે. હાર્ટને સ્વસ્થ રાખવા માટે તબીબો કેટલક ચીજોથી દુર રહેવાની પણ સલાહ આપે છે.




## હાસ્ય આરોગ્ય માટે હકારાત્મક છે

તબીબો હમેંશા કહેતા રહે છે કે લાફ્ટર ઇઝ ધ બેસ્ટ મેડિસીન છે અને આ બાબત હવે વિજ્ઞાને પણ સ્વીકારી લીધી છે. બીજી બાજુ ટેન્શન ખતરનાક રીતે નુકસાન પહોંચાડી દેવાનુ કામ કરે છે. ટેન્શનથી અનેક બિમારીનો ખતરો વધે છે જ્યારે હકારાત્મક વિચારધારા અને હાસ્ય પેઇન કિલર સાબિત થઇ શકે છે. રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે ખુશી પેનકિલર જેવું કામ કરે છે. દરેક પ્રકારની પીડાને દૂર રાખવા માટે ખુશી હોવી જરૂરી છે. આરોગ્ય માટે હાસ્ય દવાની જેમ કામ કરે છે. જે રીતે ટેન્શન અથવા તો દુઃખ વ્યક્તિના આરોગ્ય ઉપર નકારાત્મક અસર કરે છે. તેવી જ રીતે હાસ્ય આરોગ્ય ઉપર હકારાત્મક અસર કરે છે. સામાન્ય શબ્દોમાં કહેવામાં આવે તો હાસ્યથી બ્લડમાં વધારો પણ થાય છે. આ સંબંધમાં થોડાક દિવસ પહેલાં જ એક અભ્યાસ કરવામાં આવ્યા બાદ તબીબો એવા તારણો ઉપર પહોંચ્યા હતા કે હાસ્ય પેન કિલર જેવું કામ કરે છે. હાસ્યથી પીડામાં ઘટાડો થાય છે. આમા એમ પણ જણાવવામાં આવ્યું છે કે આધુનિક સમયમાં ઘણી જગ્યાઓએ લાફ્ટર ક્લબ પણ ચાલી રહી છે. આ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓમાં પણ સવારમાં અને રાત્રે વિશેષ પ્રકારનું આયોજન હાસ્ય કાર્યક્રમ સાથે યોજવામાં આવે છે. દિલ ખોલીને હસવાથી ઘણી બિમારીઓ પણ દૂર થાય છે. જો કે અભ્યાસમમાં જણાવવામાં આવ્યું છે કે હકારાત્મક અસર કઇ રીતે કરે છે તે અંગે કોઇ નક્કર બાબત જાણવા મળી નથી. આ અહેવાલના તારણોને ઘણા નિષ્ણાંતોએ સમર્થન પણ આપ્યું છે. અભ્યાસ મુજબ થાકના કારણે શરીરમાં એન્ડોફિન નામના હાર્મોનના ફેલાવાની વાત પણ જાણવા મળી છે જે ઊંઘ જેવી અસર કરે છે અને અમે પીડામાં ઘટાડાનો અનુભવ કરવા લાગી જઇએ છીએ. લાફ્ટર ઇઝ એ બેસ્ટ મેડીસીન જેવી વાત અભ્યાસમાં પહેલાં પણ સપાટી ઉપર આવી ચૂકી છે. આ અભ્યાસને હાથ ધરતીવેળા મોટી સંખ્યામાં લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. એવા લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા જે નિયમિત રીતે હાસ્ય અને ખુશીની પ્રવૃતિ માટે જુદી જુદી સંસ્થાઓમાં જતા હોય છે. આ ઉપરાંત આવી કોઇ પ્રવૃતિ સાથે નહીં સંકળાયેલા લોકોને પણ આમા આવરી લેવામાં આવ્યા હતા ત્યારબાદ સરેરાશ અભ્યાસ બાદ આ તારણો જારી કરાયા હતા.



## કસરતને પ્રાથમિકતાની જરૂર



તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે કસરતથી લાઇફમાં પાંચ વર્ષનો ઉમેરો કરી શકાય છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યુ છે કે બિનસક્રિય પુખ્તવયના લોકોની સરખામણીમાં સક્રિય રહેલા લોકો પાંચ વર્ષ વધારે આયુષ્ય ધરાવે છે. તેની લાઇફમાં પાંચ વર્ષનો વધારો કસરતથી થઇ જાય છે. એક સપ્તાહમાં ઓછામાં ઓછી ૧૫૦ મિનિટ સુધી કસરત કરનાર લોકો વધારે લાંબા સમય સુધી જીવે છે. કેનેડાના ઓનટારીયોમાં ક્વીન યુનિવર્સિટીના તબીબ અને સંશોધક જેનસેનનું કહેવું છે કે કસરતથી ઘણા લાભ થાય છે. આનાથી ફિટનેશને જાળવી રાખવામાં મદદ મળે છે. સાથે સાથે આયુષ્યમાં પણ વધારો થાય છે. કસરત નહીં કરનાર લોકોને સાવધાની રાખવા અને ઓછા પ્રમાણમાં પણ કસરત કરવાની પણ સલાહ આમા આપવામાં આવી છે. આ ટીમે અભ્યાસ કરતી વેળા નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રીશન એક્ઝામીનેશન સર્વેના આંકડા ધ્યાનમાં લીધા હતા. આ ઉપરાંત નેશનલ હેલ્થ ઇન્ટરવ્યૂ સ્ટડીના આંકડા પણ લીધા હતા. જેમાં એક્ટીવ રહેતા અને એક્ટીવ નહીં રહેતા લોકોના મત લેવામાં આવ્યા હતા. એક્ટીવ અંગેની પરિભાષામાં જણાવવામાં આવ્યું છે કે એક સપ્તાહમાં ઓછામાં ઓછી ૧૫૦ મિનિટની કસરત થવી જોઇએ. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૨૦ વર્ષની વયમાં પુરુષ મધ્યમ કસરતથી આયુષ્યમાં ૨.૪ વર્ષનો વધારો કરે છે. જ્યારે ૨૦ વર્ષની વયમાં મહિલાઓ ઓછી કસરત કરીને આયુષ્યમાં ત્રણ વર્ષનો વધારો કરે છે. પરંતુ ૧૫૦ મિનિટ સુધી કસરત કરનાર લોકો તેની લાઇફમાં પાંચ વર્ષનો વધારો કરી લે છે. સંશોધકોએ દાવો કર્યો છે કે અભ્યાસના હકારાત્મક સંદેશાઓ કસરતના મહત્વને સમજાવવામાં પણ મદદરૂપ થશે. કસરતથી ફિટનેશને પણ જાળવી શકાય છે.

## બ્રાઉન બ્રેડ પુડિંગ



**સામગ્રી :** બ્રાઉન બ્રેડ સ્લાઇસ, ૪ નંગ પીચ, ૩ નંગ ઇંડા, બ્રાઉન સુગર પોણો કપ, અડધો કપ ચેરી, ૧ કપ મલાઇવાળું દૂધ

**બ્રાઉન બ્રેડ પુડિંગ બનાવવાની પધ્ધતિ :** પીચને છોલી તેનાં પતીકાં કરો. અડધા ભાગની બ્રાઉન સુગરમાં એક કપ પાણી ભેળવી તેમાં પીચનાં પતીકાં બાફી લો. ઓવનને ૧૮૦૦ સે.તાપમાને ગરમ કરો. બ્રાઉન બ્રેડની સ્લાઇસને સહેજ શેકી તેને ત્રિકોણાકાર કાપો. એક બાઉલમાં ઇંડાને તોડી તેને સહેજ ફીણો. તેમાં બ્રાઉન સુગર તથા દૂધ ઉમેરીને મિક્સ કરો. પીચ એકદમ પોચાં પડે એટલે તેને બ્લેન્ડ કરી લો. બેંકિંગ ડિશમાં ટોસ્ટના ત્રિકોણ પીસ ગોઠવો. તેના પર સાફ કરેલી ચેરી અડધા ભાગની ગોઠવો. ઇંડાંના મિશ્રણને પીચની પ્યોરીમાં મિક્સ કરો. તેને બેકિંગ ડિશમાં ગોઠવેલી બ્રેડ પર રેડો. બાકીની ચેરીને ઉપર ગોઠવી અગાઉથી ગરમ કરેલા ઓવનમાં અડધો કલાક બેક થવા દો. ગરમ જ સર્વ કરો.

## શાહી પનીર કોરમા



**સામગ્રી :** 250 ગ્રામ પનીર, 1 કપ દૂધનો માવો, 1 કપ મલાઇ, 4 ટામેટા, 3 ડુંગળી, 1 મોટું આદું, 2 ચમચી લાલ મરચાનો પાવડર, 1/ લીલા મરચાં, 1/4 ચમચી હળદર, 1/2 ચમચી ગરમ મસાલો, 2 ચમચી ઘી, મીઠું સ્વાદ મુજબ.

**રીત :** સૌપ્રથમ તો પનીરના નાના ટુકડા કરી લો. હવે મિક્સરમાં ડુંગળી, આદુ, મરચા, ટમેટાને ગ્રાઈન્ડ કરી લો. પછી એક ફ્રાય પેનમાં ઘી ગરમ કરો. ઘી ગરમ થાય એટલે તેમાં ગ્રાઈન્ડકરેલી પેસ્ટને સાંતળો. આ પેસ્ટમાંથી ઘી છુટુ પડવા ન લાગે ત્યાં સુધી તેને સાંતળ્યા કરો. બાદમાં પેનમાં મલાઈ અને માવો નાંખો અને તેને બે મિનીટ સુધી હલાવતા રહો. બાદમાં તેમાંમીઠુ, લાલ મરચું, હળદર અને ગરમ મસાલો ઉમેરો. આ મિશ્રણને સારી રીતે રાંધી લો એટલે તેમાં ટુકડા કરેલું પનીર અને અડધો કપ પાણી ભેળવો. જ્યારે ગ્રેવી ઘટ્ટ થઈ જાય એટલે ગેસ બંધ કરી દો અને તેને નીચે ઉતારી લો.ગરમ ગરમ સર્વ કરો.

## ટામેટા ઢોકળી



**સામગ્રી :** ૪ નંગ ટામેટા, ૩ નંગ ડુંગળી, અડધી કળી લસણ, અડધું આદું, ૨ નંગ મરચાં, ઘઉંનો લોટ, ધાણાજીરૂ, હળદર, લાલ મરચું પાવડર, ગરમ મસાલો, મીઠું સ્વાદાનુસાર, ખાંડ, તેલ, કોથમીર

**રીત :** સૌ પહેલા ટામેટાની પ્યોરી બનાવો. ત્યાર બાદ ઘઉંનો લોટમાં જરૂર પૂરતાં મસાલા ઉમેરીને ઢોકળી માટેનો લોટ બાંધી લો. આ લોટને થોડીવાર ઢાંકીને મૂકી રાખો. હવે એક પેનમાં તેલ ગરમ કરો. ગરમ થાય એટલે રાઇ-જીરાનો વઘાર કરો. હિંગ ઉમેરો. ત્યાર બાદ ઝીણી સમારેલી ડુંગળી નાંખી થોડીવાર સાંતળો. પછી તેમાં વાટેલા લસણ, આદુ, મરચાં ઉમેરીને સાંતળો. હવે તેમાં ટામેટાંની પ્યોરી ઉમેરીને ઉકાળો. આ દરમિયાન ઘઉંના લોટમાં મસાલો નાંખીને લોટ બાંધી લો. આ લોટમાંથી નાની-નાની ઢોકળી બનાવી ગ્રેવીમાં ઉમેરો. થોડીવાર ચઢવા દો. હવે બધા મસાલા ઉમેરો. બધા મસાલા એકરસ થઇ જાય અને ઢોકળી ચઢી જાય પછી ખાંડ નાંખો. પાંચ મિનિટ ચઢવા દીધા બાદ કોથમીરથી ગાર્નિશ કરીને ગરમા-ગરમ ઢોકળી સર્વ કરો.

## ચોકલેટ પરાઠા



**સામગ્રી :** 1 કપ ચોકલેટ પેસ્ટ, 3 કપ ઘઉંનો લોટ, જરૂર મુજબ તેલ, મીંઠુ સ્વાદ અનુસાર

**બનાવવાની રીતઃ** એક વાસણમાં લોટ, મીંઠુ અને પાણી મિક્સ કરીને નરમ લોટ બાંધો. ત્યાર બાદ લોટનું લૂવું બનાવી રોટલી વણીલો. વણેલા ભાગમાં ચોકલેટ પેસ્ટ મૂકીને તેને ફેલાવી લો. ત્યાર બાદ રોટલીને ચારે બાજુથી ફોલ્ડ કરીને વણીલો. મધ્યમ આચ પર તવો ગરમ કરીને તેલ પર પરોઠા લાઇટ બ્રાઉન કલરના શેકો. ગરમા ગરમ સર્વ કરો.



## રવા-પૌઆ કટલેટ

**સામગ્રી :** રવો ૧૦૦ ગ્રામ, પૌઆ ૧૦૦ ગ્રામ, બટાકાનો માવો ૨૦૦ ગ્રામ, આદું-મરચાંની પેસ્ટ ૧ ટી સ્પૂન, મીઠું સ્વાદાનુસાર, તેલ તળવા માટે, કોથમીર સમારેલી ૧ ટી સ્પૂન.

**રીત :** રવો અને પૌઆને અલગ અલગ પાલળવા. રવો અને પૌઆનું પાણી નીતારી. તેમાં મીઠું, મરચું, ખાંડ, આદુ, બટાકાનો માવો મિશ્ર કરવો. ભરાબર મસળી નાની નાની કટલેસ આકાર આપવો. પેનમાં તેલ ગરમ કરી તેમાં કટલેસ બ્રાઉન થાય ત્યાં સુધી તળવા. ત્યાર બાદ ટામેટા સોસ માં સર્વ કરો.



## સફરજનની ખીર

**સામગ્રી :** ૧ કપ દૂધ, ૧ કપ મિલ્કમેડ, ૪ નંગ નંગ સફરજન છીણેલા, ૨ ચમચી ખાંડ, ઇલાયચીનો પાવડર, ડ્રાયફ્રુટ્સની કતરણ

**રીત :** સૌ પહેલાં છીણેલા સફરજનમાં દૂધ અને ખાંડ નાંખી તેને પ્રેશર કૂકરમાં બાફી લો. મિશ્રણ બફાઇ જાય એટલે તેમાં એક કપ મિલ્કમેડ નાંખી ફરીથી એક મિનિટ માટે રાંધો. હવે રંધાઇને તૈયાર થયેલી ખીરમાં ઉપરથી ઇલાયચીનો પાવડર અને ડ્રાયફ્રુટસ નાંખીને ગાર્નિશ કરો. આ ખીરને ફ્રીઝમાં ઠંડી કરી લો. જો તમને ગરમ ખીર ખાવાની ઇચ્છા હોય તો ગરમ કરીને પણ સ્વાદ માણી શકો છો.

# વસ્તી વિસ્ફોટ વિકાસમાં અડચણરૂપ



સાંપ્રત
વર્ષા આજરા

રોકટે ગતિથી દેશની વસ્તી વધી રહી છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે વિકાસ પર માઠી અસર થઇ રહી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વિશાળ વસ્તીના ભરણપોષણ પર ખર્ચ થઇ જાય છે. જે ગતિથી વસ્તી વધી રહી છે તે ગંભીર સમસ્યા છે.વસ્તીની વધતી વર્તમાન ગતિને રોકીને અથવા તો તેને સ્થિર કર્યા વગર ભારત પોતાની અનેક જટિલ સમસ્યાઓમાંથી બહાર આવી શકે તેમ નથી.

ભારતમાં વર્તમાન સમયમાં અનેક સમસ્યા છે. જે પૈકી મોટી સમસ્યા ગરીબી, ભ્રષ્ટાચાર અને સુશાસનની સમસ્યા પણ છે. સાથે સાથે ધાર્મિક વિવાદો પણ એક મોટી સમસ્યા રહી છે. આવી સ્થિતીમાં વધતી જતી વસ્તીને લઇને એટલી ચિંતા કરવાની જરૂર શુ છે તે અંગે કેટલાક લોકો પ્રશ્ન કરે છે. આ સવાલનો સીધો જવાબ એ છે કે તમામ સમસ્યા વસ્તી સાથે જોડાયેલી છે. ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે તમામ પ્રકારની સુવિધા લોકો સુધી પહોંચાડી દેવાની બાબત સરળ નથી.

રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વસ્તીના ભરણપોષણમાં ખર્ચ થઇ જાય છે. જ્યારે આ સંશાધનોનો ઉપયોગ મુડીરોકાણ અને ઉત્પાદનને વધારી દેવામાં કરવામાં આવી શકે છે. શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, સુરક્ષિત પાણી જેવી મુળભુત અને જરૂરી સેવા પાછળ આ સંશાધનોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તી દેશના વિકાસ પર અવિરત અને સીધી રીતે માઠી અસર કરે છે. વસ્તીની વર્તમાન ગતિને સ્થિર કરીને કેટલીક સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે.

ભારતની વસ્તીને જોઇને મગજ ચકરાવે ચડી જાય છે. વર્ષ ૧૯૪૭માં ભારતની વસ્તી ૩૩ કરોડ હતી. આ વસ્તી માર્ચ ૨૦૧૮માં ૧૩૫ કરોડ સુધી પહોંચી ગઇ હતી. છેલ્લા ૭૦ વર્ષના ગાળમાં ભારતની વસ્તીમાં ચાર ગણો વધારો થયો છે. દુનિયાની કુલ વસ્તીમાં હવે ભારતની હિસ્સેદાર ૧૭.૮ ટકાની આસપાસ છે. એટલે કે દુનિયામાં દરેક છઠ્ઠી વ્યક્તિ ભારતીય છે. ચીન જ એકમાત્ર એવુ દેશ છે જેમાં વસ્તી ભારત કરતા વધારે છે. ચીનની વસ્તી ભારત કરતા માત્ર સાત કરોડ જ વધારે છે. જ્યારે વર્ષ ૧૯૯૦માં ભારતની વસ્તી ૩૦.૨ કરોડ વધારે હતી.

ભારતમાં વસ્તીનો વાર્ષિક વદ્ધિ દર ૨૦૧૦-૧૫માં ૧.૨૪ ટકા પ્રતિ વર્ષે રહ્યો હતો. જ્યારે આ જ અવધિમાં ચીનનો વસ્તીનો વદ્ધિ દર વાર્ષિક ૦.૬૧ ટકા રહ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી વિભાગના લોકો કહે છે કે ૨૦૩૦ સુધીમાં ભારતની વસ્તી ચીન કરતા વધારે થઇ જશે. ચીન વસ્તીના મામલે પણ બીજા સ્થાને ફેંકાઇ જશે. વસ્તીના વૃદ્ધિ દરના આધાર પર મુકવામાં આવેલા અંદાજ મુજબ ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ૧૪૭.૬ કરોડથી વધારે થઇ જશે. જ્યારે ચીનની વસ્તીના સંબંધમાં અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે આ વસ્તી એ વખતે ૧૪૫.૩ કરોડ સુધી પહોંચી ગયા બાદ ઘટવાની શરૂઆત થઇ જશે.

હાલના મુલ્યાંકનના આધાર પર કહી શકાય છે કે ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ચીન કરતા વધારે પહોંચી જશે. વસ્તી નિયંત્રણના પ્રયાસોને જોતા એવી આશા કરી શકાય છે કે ભારતની વસ્તી પર નજીકના ભવિષ્યમાં ઘટવાની શરૂઆત થઇ જશે. જો તે વાસ્તવિકતા એ છે કે ભારતની વસ્તી તો વધુ વધશે. વર્ષ ૨૦૬૦માં આપણી વસ્તી તો ૧૭૦ કરોડના આંકડા સુધી પહોંચી જશે. આનુ મુખ્ય કારણ એ છે કે ભારતની વસ્તીમાં યુવાનોની સંખ્યા હાલમાં

**વસ્તી પર નિયંત્રણ કર્યા વગર ભારત પોતાની વર્તમાન સમસ્યાઓનો ઉકેલ લાવી શકે નહીં : ૨૦૩૦માં વસ્તી ૧૪૭ કરોડથી વધુ થઇ જશે**

વધારે છે. વસ્તીના સતત વધી રહેલા આંકડા પરથી કહી શકાય છે કે દેશની વસ્તીમાંથી ૩૧ ટકા લોકોની વય ૦-૧૪ વર્ષની હતી. આવી સ્થિતીમાં વસ્તી ઘટીને એક અબજ પર આવે તેવી આશા રાખી શકાય નહી.

ભારતની વસ્તીને જો કાબુમાં લેવામાં નહીં આવે તો તેની માઠી અસર દેશના વિકાસ પર થશે. વિકાસની અસર લોકોમાં દેખાશે નહી. શિક્ષણ અને આરોગ્ય પર તેની અસર થશે. ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકાશે નહી. જેથી ગંભીર વસ્તી વિસ્ફોટ પર અંકુશ મુકવા માટે ગંભીર પ્રયાસો જરૂરી છે. વસ્તી વિસ્ફોટની જટિલ બની રહેલી સમસ્યા માત્ર ભારતમાં જ નહી બલ્કે દુનિયાના અન્ય દેશોમાં પણ છે. જેમાં ચીન પણ સામેલ હોવાની વાત કરવામાં આવી રહી છે.

# કાળા નાણાં મુદ્દે લાલ આંખ જરૂરી

કાળા નાણાંને લઇને વર્ષોથી સરકારો ઉદાસીન રહી છે. મોદી સરકારે પણ કાળા નાણાંના મામલે કેટલીક પહેલ કરી હોવા છતાં હજુ સુધી કોઇ નક્કર પરિણામ મળ્યા નથી. કેન્દ્રિય પ્રધાનો અને અધિકારીઓને લાગે છે કે એક નક્કી કરવામાં આવેલી રકમથી વધારેની લેવડદેવડ પર પેન કાર્ડને ફરજિયાત કરવામાં આવે તો કાળા નાણાં પર બ્રેક મુકવામાં આવી શકે . નિષ્ણાંતો આર્થિક મામલાના જાણકાર છે. જેથી તેમની વાતમાં દમ હોઇ શકે છે પરંતુ લોકોને કાળા નાણા પર બ્રેક મુકવા અંગે પુછવામાં આવે તો તેમનો અભિપ્રાય દેશના નાણાંપ્રધાન કરતા અલગ હોઇ શકે છે.



ત્રીજી આંખ
અમિત ભરવાડ

સામાન્ય લોકો નાણાંકીય મામલે ઓછી માહિતી ધરાવે છે તે બાબત યોગ્ય હોઇ શકે છે. જો કે સામાન્ય લોકો એટલુ તો જાણે છે કે કાળા નાણાં ઉભા કરી રીતે થાય છે. દરેક સરકાર કાળા નાણાં પર અંકુશ મુકવા માટે અને વિદેશમાં પડેલા કાળા નાણાંને પરત લાવવા માટેની વાત કરતા કરતા પોતાની અવધી પૂર્ણ કરી નાંખે છે પરંતુ કોઇ પરિણામ મળતા નથી. જો આવી જ સ્થિતી રહેશે તો કાળા નાણાં કદાચ ક્યારેય મળી શકશે નહી. સરકાર કાળા નાણાં પર જો હકીકતમાં અંકુશ મુકવા માંગે છે તો તેને મજબુત ઇચ્છા શક્તિ સાથે આગળ વધવુ પડશે. જેટલી પણ જાણતા હશે કે વિદેશી બેંકોમાં જમા કાળા નાણાં આખરે છે કોના ?

નાણાં પ્રધાન નિર્મલા સીતારામન ભલે જાણી જોઇને અજાણ બની જાય પરંતુ જનતા જાણે છે કે વિદેશી બેંકોમાં રાજનેતાઓ, અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ સિવાય કદાચ જ કોઇ વ્યક્તિની કાળા નાણાંની રકમ રહેશે. સામાન્ય લોકોની પાસે તો સતત મોંઘી થઇ રહેલી શાકભાજી ખરીદી લેવાના પણ પૈસા હોતા નથી ત્યારે આ સ્થિતી સમજાય તેમ નથી. દરરોજ કોઇને કોઇ અધિકારી લાંચ લેતા પકડાઇ જાય છે. લાંચ રૂશ્વતની આ રકમ આખરે જાય છે ક્યાં, હજુ સુધી કરોડો રૂપિયા જપ્ત કરવામાં આવી ચુક્યા છે.

ચૂંટણી જીતવા માટે દરેક ઉમેદવાર અને રાજકીય પક્ષો કરોડો રૂપિયા પાણીની જેમ ફેંકી રહ્યા છે. આ ફેંકવામાં આવી રહેલા નાણાં કાળા નાણા છે કે પછી સફેટ નાણા છે તે અંગે સીતારામન પાસે કોઇ જવાબ છે તેમ લોકો પુછે છે. આ વિષય




**દરેક સરકાર વિદેશમાં રહેલા કાળા નાણાંને પરત લાવવા માટે વચન આપતા આપતા તેની અવધિ પૂર્ણ કરી નાંખે છે છતાં સ્થિતી યથાવત**

પર તમામ ચર્ચા રહે છે. અન્ય રાજકીય પક્ષોની સ્થિતી પણ આવી જ છે. જેથી સરકારની આ વાત યોગ્ય લાગતી નથી કે લેવડદેવડ પર પેન કાર્ડને ફરજિયાત કરવાથી કાળા નાણાં પર અંકુશ મુકી શકાય છે. જો અંકુશ મુકવા જ છે તો જડ ઓળખી કાઢીને ત્યાં પ્રતિબંધ મુકવાની જરૂર છે. પોતાની પાર્ટીના લોકો પણ ફસાઇ રહ્યા હોય તો તેમને પણ બચાવવામાં ન આવે. પરંતુ સરકાર જે કહી રહી છે તે કરીને બતાવી શકે છે.

જનતાને વારંવાર એમ કહેવાની જરૂર નથી કે સરકારની ઇચ્છા શું છે. જનતા પરિણામ ઇચ્છે છે. કઇ રીતે કામ કરવામાં આવે તેની સાથે કોઇ લેવા દેવા નથી. મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને જો લાગે છે કે આવકવેરાના દરને ઘટાડી દેવાથી જો કાળા નાણાંની સમસ્યા હલ થઇ શકે છે તો સરકારે દરમાં પણ ઘટાડો ચોક્કસપણે કરવો જ જોઇએ. કાળા નાણાં મુદ્દે સરકાર ખુબ ઝડપથી આગળ વધે તે જરૂરી છે કારણ કે લોકો આને લઇને ભારે આશા રાખે છે. જેથી આ મુદ્દે સરકાર વિશ્વાસ સાથે આગળ વધે તે જરૂરી છે.

સામાન્ય લોકો કોઇ પણ સમસ્યા વહેલી તકે ઉકેલાય તેવી આશા રાખે છે પરંતુ સરકારની કામ કરવાની ગતિ હમેંશાની જેમ ધીમી રહે છે. જેથી નિરાશા હાથ લાગે છે. મોદી સરકાર પ્રથમ વખત સત્તામાં આવ્યા બાદ તરત જ કાળા નાણાંના મુદ્દે સરકાર ગંભીર દેખાઇ હતી. કેટલાક દેશો સાથે વાતચીત પણ કરવામાં આવી હતી. માહિતી મળી પણ હતી. મોદી સરકાર આ દિશામાં વધારે સક્રિય હવે બની શકે છે. બ્લેક મનીને લઇને સરકારે તપાસ સમિતીઓ બનાવી છે. જો કે પરિણામ હજુ સુધી મળી રહ્યા નથી. મોદી જે રીતે તમામ ક્ષેત્રમોમાં કઠોર પગલા લઇ રહ્યા છે તેવી જ રીતે આ મામલે પણ આગળ વધી શકે છે. મોદી સરકાર પાસેથી આ દિશામાં પણ આશા લોકો રાખી રહ્યા છે.

# આળસુ ઊંટ

મહાભારતમાં કહ્યા મુજબ આળસુને કદી સુખ નથી મળતું. એક ઊંટ હતું. ખૂબ જ આળસુ. તેને કામ કરવાનું મન જ નો'તું થતું. નસીબજોગે પૂર્વ જન્મની ઘણી ઘટનાઓ તેને યાદ હતી. તેથી આ જન્મમાં પણ વધુ સુખ, વધુ શાંતિ મળે તેથી તપ કરતું. તેના નિયમિત તપથી બ્રહ્મા તેના પર પ્રસન્ન થઇ ગયા. તેને વરદાન માંગવા કહ્યું. આળસુ શું માંગે ? ઊંટે વરદાન માગ્યું - 'પ્રભુ, મારી ગરદન સો યોજન જેટલી લાંબી થઇ જાય ! જેથી એક જગ્યાએ બેઠાબેઠા ચારેબાજુનું ઘાસ ખાઈ શકું.' તથાસ્તુ કહી બ્રહ્મા અદ્રશ્ય થઇ ગયા. બસ, પછી શું ? ઊંટને પગે ચાલીને ઘાસ ચરવા જવાની જરૂર જ ન રહી. તેણે એક જગ્યાએ અડિંગો જમાવી દીધો. હવે હલનચલન, ચાલવાનું સદંતર બંધ થઇ ગયું.



આળસુ ઊંટનું શરીર વધવા માંડયું. દિવસો વીતવા લાગ્યા. ચોમાસુ આવ્યું. વાતાવરણમાં આંધી-તોફાન શરૂ થયું. ધોધમાર વરસાદ પડવો શરૂ થઇ ગયો. હવે ? ઊંટને એની લાંબી ગરદન ભારે પડી. આટલી લાંબી ગરદન માગી તો લીધી હવે સાચવવી ક્યાં ? માંડ માંડ ઉભા થઇ કોઇ સલામત જગ્યા શોધવા લાગ્યું. છેવટે એક ગુફા તેને દેખાઈ. હાશ ! તેને શાંતિ થઇ. ઊંટે તેની લાંબી ડોક ગુફામાં સંતાડી. જંગલમાં ઘણા પ્રાણીઓ હતા. સૌ પોતાની જાતને વરસાદથી બચાવવા દોડાદોડી કરતા હતા.


એવામાં એક શિયાળ અને શિયાળવી વરસાદથી બચવા ગુફામાં આશ્રય લેવા આવ્યા. એક તો તે બન્ને માંસાહારી, ઠંડીથી ધ્રુજતા થાકેલાં અને ખૂબ જ ભૂખ્યા ! તેમણે ઊંટની ગરદન જોઈ. વાહ, મઝા પડી ગઈ. પહેલાં તો ઠંડીથી બચવા ગરમાવો લીધો. પછી ધીરે ધીરે બચકાં ભરવા શરૂ કર્યાં. એ બુદ્ધિહીન, આળસુ ઊંટને ખ્યાલ આવી ગયો કે આ શિયાળવાં મારી ગરદનને કાંચી ખાશે. તેથી તેણે ગરદનને આમતેમ હલાવી પણ તેથી કશો ફેર ન પડયો.

શિયાળે તેની ગરદનને નુકસાન પહોંચાડવાનું શરૂ કર્યું. સ્થિતિ એવી હતી કે ગરદન બહાર પણ ન કાઢી શકાય. એક જાતની લડાઈ શરૂ થઈ ગઈ. પણ ઊંટ એકલું હતું. અને વળી આળસુ હતું. તેણે વિચાર કર્યો. મારી ગરદન તો ઘણી લાંબી છે. મને વરદાન મળેલું છે. મને કશું ન થઇ શકે. બન્ને શિયાળે ભેગા મળીને ઉંટની ગરદન લોહી લુહાણ કરી દીધી. વરસાદ બંધ થયો. ઊંટે ગુફામાંથી ગરદન બહાર કાઢી. શિયાળને ભગાવ્યું. પણ તેની ગરદન ઘણી જ ખવાઈ ગઇ હતી.

આળસુ ઉંટને વરદાન માંગવાનો પસ્તાવો થયો. તેને થયું એના કરતાં તો થોડું ચાલીને ઘાસ ખાવાની મઝા પડતી હતી. તેણે વરદાન માંગીને દુઃખ ઉભુ કર્યું હતું. પણ હવે શું ? થોડા જ સમયમાં ઉંટ મરી ગયું. એટલે જ આળસુ પડી રહેવાથી કદી સુખ મળતું નથી. આળસુ માણસ કદી પોતાના લક્ષ્ય સુધી પહોંચી શક્તો નથી. આળસુ માણસને વિદ્યા, ધન, યશ ક્યાંથી પ્રાપ્ત થાય ? (અલસસ્યકુતો વિદ્યા, કુતો વિત્તં, કુતો યશઃ)

મહાભારતમાં શાંતિપર્વના ૧૧૨મા અધ્યાયમાં આ આળસુ ઊંટની નાનકડી કથા આવે છે.

**બાળમિત્રો, નીચે આપેલા ચિત્રમાંથી ૦૫ તફાવત શોધી આપો.**



**બાળમિત્રો, નીચે આપેલા ચિત્રમાં તમને મનગમતાં કલર પુરો**



# પ્રભાસ-પૂજા સ્ટારર રાધે શ્યામનું ટીઝર સામે આવ્યું



સાઉથ સ્ટાર પ્રભાસ એક્શન-હીરોનો અવતાર ત્યાગીને દરેક યુવતીનું સપનું હોય તેવા યુવકના રોલમાં જોવા મળશે. રાધે શ્યામ ફિલ્મમાં પ્રભાસ લવર બોય તરીકે જોવા મળશે. વેલેન્ટાઈન્સ ડે પર પર મેકર્સે ફિલ્મનું ટીઝર રિલીઝ કર્યું છે. પ્રભાસ અને પૂજા હેગડેએ પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ પર રાધે શ્યામની ઝલક બતાવીને ફેન્સને વેલેન્ટાઈન્સ ડેની ગિફ્ટ આપી છે. ફિલ્મના ટીઝરમાં પ્રભાસમાં ઈટાલિયન ભાષામાં બૂમ પાડીને પોતાની પ્રેમિકા (પૂજા હેગડે)નું ધ્યાન પોતાની તરફ ખેંચવાની કોશિશ કરી રહ્યો છે. ટીઝરમાં રેલવે પ્લેટફોર્મની ઝલક બતાવાઈ છે, જે લોકોથી ખીચોખીચ ભરેલું છે અને પ્રભાસ ઈટાલિયન ભાષામાં બોલી રહ્યો છે. ફિલ્મની આ નાનકડી ક્લિપ પાંચ ભાષામાં રિલીઝ કરવામાં આવી છે. જેથી જે-તે ભાષાનો દર્શક વર્ગ તેને માણી શકે. ફિલ્મનું ટીઝર હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષામાં રિલીઝ કરવામાં આવ્યું છે. ટીઝર શેર કરવાની સાથે પ્રભાસે જણાવ્યું છે કે, આ ફિલ્મ ૩૦ જુલાઈ ૨૦૨૧ના દિવસે થિયેટરોમાં રિલીઝ થશે. પ્રભાસ ઉપરાંત ફિલ્મની હિરોઈન પૂજા હેગડેએ પણ આ ટીઝર શેર કર્યું છે. પૂજાએ સોશિયલ મીડિયા હેન્ડલ પર ટીઝર શેર કરતાં લખ્યું, આ વેલેન્ટાઈન્સ ડે પર ચાલો આપણે વર્ષની સૌથી મોટી જાહેરાતને ઉજવીએ! રાધે શ્યામ ૩૦ જુલાઈએ તમારા નજીકના સિનેમાઘરમાં રિલીઝ થશે. આ ફિલ્મ રાધા કૃષ્ણ કુમારે ડાયરેક્ટ કરી છે. પ્રભાસ અને પૂજા ઉપરાંત આ ફિલ્મમાં સચીન ખેડેકર, પ્રિયદર્શિની, ભાગ્યશ્રી, સત્યન, મુરલી શર્મા મહત્વના રોલમાં જોવા મળશે.



# કલ્કી અલગ ભૂમિકા કરશે

અભિનેત્રી કલ્કી હવે ઐતિહાસિક ભૂમિકા કરવા માટે ઉત્સુક છે. કલ્કીએ કહ્યુ છે કે તે ઐતિહાસિક પુસ્તકો ખુબ વાંચે છે. સાથે સાથે હવે ઇતિહાસ પર આધારિત ફિલ્મ કરવાની તેની ઇચ્છા છે. બુક્સ વાંચવાનુ તેને ખુબ પસંદ છે. તેનુ કહેવુ છે કે ઇતિહાસમાં અમર રહેલી કોઇ પણ મહિલાની ભૂમિકા અદા કરવાની તેની ઇચ્છા છે. જો આ પ્રકારની ભૂમિકા તેને મળશે તો તે ગર્વ અનુભવ કરશે અને આવી ફિલ્મ કરવા માટે તરત તૈયાર પણ થઇ જશે. તેનુ કહેવુ છે કે એક કલાકારને હંમેશા સંઘર્ષ કરવાની ફરજ પડે છે. દેવ ડી મારફતે બોલિવુડમાં એન્ટ્રી કરનાર કલ્કીએ કહ્યુ છે કે તેને બોલિવુડમાં સ્થાન જમાવવા માટે ખુબ સંઘર્ષ કરવાની ફરજ પડી છે. ફિલ્મ કર્યા બાદ દરેક બાબત આવડી જાય તે પણ જરૂરી નથી. તેનુ કહેવુ છે કે દેવ ડી બાદ તે બે વર્ષ સુધી કોઇ ફિલ્મમાં નજરે પડી ન હતી. બે વર્ષ સુધી માત્ર થિયેટરની જ ભૂમિકા અદા કરી હતી. કેટલીક વખત અનેક કામો એક સાથે આવી જાય છે. કેટલીક વખત એવુ બને છે કે કામ આવતા પણ નથી. આધુનિક સમયમાં સોશિયલ મિડિયા પર ફિલ્મી કલાકારોને ટ્રોલ કરવા માટેનો ક્રેઝ જોવા મળે છે પરંતુ કલ્કી આના કારણે બિલકુલ પ્રભાવિત નથી. તેનુ કહેવુ છે કે તે વિવાદમાં બિલકુલ રહેવા માટે તૈયાર નથી. તે માત્ર પોતાના કામ પર ધ્યાન આપે છે. સોશિયલ મિડિયા તેના માટે ખુબ હકારાત્મક ચીજ છે કારણ કે તે આના પર પોતાની રીતે કઇ પણ બોલી શકે છે. તે સીધી રીતે પોતાની વાત રજૂ કરી શકે છે. કલ્કી કુશળ અભિનેત્રી રહી છે.

# રાકેશ રોશન ફરીવાર સક્રિય



વિતેલા વર્ષોના અભિનેતા અને ફિલ્મ નિર્માતા અને નિર્દેશક રાકેશ રોશન ફરી એકવાર સક્રિય બની ગયા છે. પોતાના પુત્ર અને સુપરસ્ટાર અભિનેતા રિતિક રોશનને લઇને ફિલ્મ બનાવવા માટેની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. ફિલ્મના નામ અને પ્રોજેક્ટના સંબંધમાં ટુંક સમયમાં જ જાહેરાત કરવામાં આવી શકે છે. હાલમાં પટકથા પર કામ જારી છે. કલાકારો કોણ રહેશે તેની વિચારણા ચાલી રહી છે. બીજી બાજુ રિતિક રોશન હવે પોતાની આત્મકથા લખવાને લઇને ઉત્સુક છે. જો કે હાલમાં આ આત્મકથા ક્યારે લખાશે તે અંગે કોઇ જાહેરાત કરવામાં આવી નથી. રિતિક રોશને કહ્યુ છે કે તે લખવાની વધારે કુશળતા ધરાવતો નથી પરંતુ ટુંક સમયમાં જ બાયોગ્રાફી લખવાની શરૂઆત કરનાર છે. હાલમાં આત્મકથા લખવાનો ક્રેઝ ચાલી રહ્યો છે. રિતિક રોશને કહ્યુ છે કે તે છેલ્લા કેટલાક સમયથી આ પાસા પર વિચારણા કરી રહ્યો છે પરંતુ તે કોઇ રાઇટર નથી જેથી આગળ વધી શક્યો નથી. રિતિક રોશને કહ્યુ છે કે પિતા રાકેશ રોશનની જેમ તે હાલમાં નિર્દેશનના ક્ષેત્રમાં પણ પડવા માંગતો નથી. રિતિક માને છે કે નિર્દેશન કરતા પહેલા તે હજુ કેટલાક વર્ષો સુધી ફિલ્મમાં અભિનય કરવાની યોજના ધરાવે છે. જો કે લાંબા ગાળે તે ફિલ્મ નિર્માણમાં ઉતરવા માટે તૈયાર છે.

# ધુમ-૪માં વાણી કપુર રહેશે



ધુમ સિરિઝની ચોથી ફિલ્મની તૈયારી શરૂ કરવામાં આવી હોવાના હેવાલ મળ્યા છે. આ ફિલ્મમાં અભિનેત્રી તરીકે વાણી કપુરના નામ પર ચર્ચા ચાલી રહી છે. વોર ફિલ્મની રેકોર્ડ સફળતા બાદ વાણીની બોલબાલા સતત વધી રહી છે. આ ફિલ્મમાં તે રિતિક રોશન સાથે નજર પડી હતી. ધુમ-૪માં સલમાન, રિતિકના નામ પર ચર્ચા પણ છે. છેલ્લી ધુમ ફિલ્મમાં આમીરખાને મુખ્ય ભૂમિકા અદા કરી હતી. એન્ટરટેઇનમેન્ટ પોર્ટલના કહેવા મુજબ નિર્માતા આદિત્ય ચોપડા નેગેટિવ રોલ માટે સલમાન ખાનના નામ પર ચર્ચા ચાલી રહી છે. જ્યારે વાણી કપુર મુખ્ય અભિનેત્રી તરીકેની ભૂમિકા અદા કરનાર છે. સલમાન હાલમાં ખુબ વ્યસ્ત છે. તે આદિત્યના પ્રોડક્શન હેઠળ જ કામ કરી રહ્યો છે. વાણી કપુરે વર્ષ ૨૦૧૩માં શુદ્ધ દેશી રોમાન્સ મારફતે બોલિવુડમાં એન્ટ્રી કરી ગઇ હતી. આ ફિલ્મમાં સુશાંતસિંહ રાજપુતની મુખ્ય ભૂમિકા હતી. અત્રે નોંધનીય છે કે ધુમ-૩ ફિલ્મમાં છેલ્લે આમીરખાન અને કેટરીના કેફે મુખ્ય ભૂમિકા અદા કરી હતી. આ ફિલ્મમાં અભિષેક બચ્ચને પોલીસ અધિકારીની ભૂમિકા અદા કરી હતી. આદિત્ય ચોપડા ઇચ્છે કે સલમાન ખાનને નેગેટિવ રોલ માટે લેવામાં આવે તે જરૂરીછે. સલમાનને તેઓ મનાવી લે તેવી શક્યતા છે. આદિત્ય ચોપડા હાલમાં સલમાન ખાનથી ભારે પ્રભાવિત થયેલા છે. અભિષેક બચ્ચનની જગ્યાએ આ વખતે અન્ય કોઇને લેવામાં આવે તેવી શક્યતા પણ નકારી શકાય નહી કારણ કે નામ પર ચર્ચા ચાલી રહી છે.

# કાજોલ ફિલ્મના નિર્માણ ક્ષેત્રે ઉતરશે

બોલિવુડની અભિનેત્રી કાજોલ હવે ફિલ્મ નિર્માણ ક્ષેત્રે નિયમિત રીતે ઉતરી જવા માટે તૈયાર છે. આના માટે તે કામગીરી શરૂ કરી ચુકી છે. તે કેટલાક ફિલ્મના પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. કાજોલ હવે મુખ્ય અભિનેત્રી તરીકે રોલ કરે તેવી શક્યતા ઓછી છે. સાથે સાથે તેને ફિલ્મો પણ હવે લીડરોળવાળી મળે તેવી શક્યતા ઓછી છે. બોલિવુડમાં નવી નવી અભિનેત્રીઓ અને સ્ટાર કિડ્સની બોલબાલા છે. આવી સ્થિતીમાં સ્થાપિત અભિનેત્રીઓને હાલમાં રોલ મળે તેવી શક્યતા ઓછી દેખાઇ રહી છે. કાજોલ પણ આમાં સામેલ છે. કાજોલ હવે પતિ અજય દેવગનની સાથે જ રહીને પૂર્ણ રીતે નિર્માણના ક્ષેત્રમાં ભાગ્ય અજમાવવા માટે તૈયાર છે. તે કેટલીક ફિલ્મો બનાવી ચુકી છે. જો કે તેમાં સહાયક તરીકે અજય રહે છે. પોતાના હોમ પ્રોડક્શન અંગે વાત કરતા કાજોલે કહ્યુ છે કે તે હવે હોમ પ્રોડક્શન શરૂ કરવા જઇ રહી છે. તેનુ કહેવુ છે કે ફિલ્મ પ્રોડક્શન હાઉસને લઇને તે આશાવાદી છે. જો કે કાજોલે વાત કરતા કહ્યુ છે કે તેનો આગામી પ્રોજેક્ટ શુ રહેશે તેને લઇને તે કોઇ નિર્ણય પર હજુ સુધી પહોંચી શકી નથી. કાજોલે ૨૦ વર્ષના લાંબા ગાળા બાદ તમિલ સિનેમામાં વાપસી કરી રહી છે. તેનુ કહેવુ છે ક વાપસીને લઇને ચાહકો કેવો પ્રતિસાદ આપે છે તે બાબતને લઇને તે ટેન્શનમાં છે. કાજોલે કહ્યુ છે કે દક્ષિણ ભારતની ફિલ્મોમાં તમામ લોકો તેનુ સ્વાગત કરી રહ્યા છે. દક્ષિણ ભારતના કલાકારો તેના પ્રત્યે હકારાત્મક વલણ અપનાવી રહ્યા છે. દક્ષિણ ભારતની ફિલ્મો હિન્દી ફિલ્મો કરતા જુદા પ્રકારની ફિલ્મો હોય છે. કાજોલે વિતેલા વર્ષોમાં હિન્દી ફિલ્મોમાં ભારે લોકપ્રિયતા મેળવી હતી.



## ભગવાન 3 હજાર કરોડના સોનાના માલિક છે

# કોરોનાથી બચવા તિરુપતિને સાડા ત્રણ કિલો સોનું ચઢાવ્યું

તિરુમાલા : આંધ્રપ્રદેશના તિરુમાલાનું ફેમસ તિરુપતિ બાલાજી મંદિરમાં એક ભક્તે પોતાની માનતા પુરી થઈ તો ૨ કરોડ રૂપિયાના સોનાના શંખચક્ર ચઢાવ્યા હતા. માનવામાં આવી રહ્યું છે કે તમિલનાડુના થેનીમાં રહેનારા એક ભક્તે બાલાજીથી માનતા માની હતી કે કોરોના કારણે તેની તબિયત ખુબ જ ખરાબ હતી. ભગવાનની કૃપાથી તે સાજા થયા હતા. ત્યારબાદ આ વ્યક્તિએ બે કરોડ રૂપિયાના શંખ અને ચક્રને મંદિરમાં ભેટ કર્યા હતા. મંદિરના અધિકારીઓ પ્રમાણે સોનાના આ શંખ અને ચક્રનું વજન સાડા ત્રણ કિલોગ્રામ છે.



ઉલ્લેખનયી છે કે તિરુપતિ મંદિર ભારતના સૌથી અમિર મંદિરોમાં ગણવામાં આવે છે. સાથે જ બાલાજીને ભારતના સૌથી અમીર દેવાત હોવાનું તખ્ખલુશ પણ મળ્યું છે. બે કરોડના શંખ-ચક્રના ચઢાવા બાદ એકવાર ફરીથી તિરુપતિ બાલાજી ચર્ચામાં છે. અધિકારીઓએ જણાવ્યું કે મંદિરના મુખ્ય દેવતાને આ ઘરેણા પહેરવામાં આવશે. આવું પહેલીવાર નથી બન્યુ કે મંદિરના દેવાતાને સોનું ચઢાવવામાં આવ્યું હોય. છાસવારે મંદિરમાં સોનું દાન કરવામાં આવે છે. તિરુપતિને દુનિયાનું સૌથી અમિર મંદિરોમાં ગણવામાં આવે છે.

ભગવાન વિષ્ણુ બિરાજે છે. લોકો અહીં પોતાની મનોકામના લઈને આવે છે જ્યારે તે પુરી થાય છે. ત્યારે અહીં દાન કરે છે. આ કારણે આ મંદિરની દાન પેટી હંમેશા ભરાયેલી રહે છે. કેશ ઉપરાંત અહી ભક્તો સોનું ચઢાવે છે. એક અનુમાન પ્રમાણે મંદિરના ખજાનામાં આઠ ટન આભુષણો છે. આ સાથે જ અલગ અલગ બેંકોમાં મંદિરના નામ ઉપર ૩ હજાર કિલો સોનું છે. મંદિર એટલું ધનવાન છે કે અનેક બેંકોમાં મંદિરના નામથી ૧ હજાર કરોડ રૂપિયાની એફડીઓ પણ છે. એક રિપોર્ટ પ્રમાણે બાલાજીની વાર્ષીક કમાણી ૬૫૦ કરોડ રૂપિયા છે. તિરુપતિ બાલાજીના દર્શન માટે દરરોજ લાખો શ્રદ્ધાળુઓ આવે છે. આ મંદિરની કુલ સંપત્તી ૫૦ હજાર કરોડથી વધારે છે. માત્ર નવરાત્રીના સમયમાં આ મંદિરમાં ૧૨થી ૧૫ કરોડનો ચઢાવો આવે છે.

## કોરોનામાં વિશ્વની મહાસત્તાની આર્થિક સ્થિતિ કથળી

# દરેક અમેરિકન ઉપર ૫૨ લાખ રુપિયાથી વધુનું દેવું

નવી દિલ્હી : કોરોના વાઈરસની વૈશ્વિક અર્થવ્યવસ્થા પર ગંભીર અસર પડી રહી છે. એશિયા ઉપરાંત યુરોપ તથા અમેરિકાના અર્થતંત્રને કોરોના વાઈરસને લીધે પારાવર નુકસાન થઈ રહ્યું છે. અમેરિકન અર્થતંત્ર ભારત કરતા લગભગ ૭ ગણું મોટું છે અને તેનું મૂલ્ય ૨૧ ટ્રિલિયન ડોલર છે. એક અહેવાલ મુજબ, વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા પર દેવાનો બોજ ૨૯ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયો છે. આ ભારતીય અર્થતંત્ર કરતા ૧૦ ગણા વધારે છે. અમેરિકાએ ભારત પાસેથી ૨૧૬ અબજ ડોલર (લગભગ ૧૫ લાખ કરોડ રૂપિયા) ની લોન પણ લીધી છે. ૨૦૨૦ માં યુ.એસ. પર રાષ્ટ્રીય દેવું ૨૩.૪ ટ્રિલિયન ડોલર હતું. આ મુજબ, દરેક અમેરિકન ૭૨,૩૦૯ ડોલર (૫૨ લાખથી વધુ) હતું. યુએસ કોંગ્રેસ એલેક્સ મૂનીએ કહ્યું છે કે અમેરિકાએ ચીન અને જાપાન પાસેથી મહત્તમ લોન લીધી છે, જે તેના મિત્ર પણ નથી. મૂનીએ કહ્યું કે ચીન હંમેશાં અમેરિકા માટે એક સ્પર્ધા રહ્યું છે. તેણે ચીન અને જાપાન બંને પાસેથી ૧-૧ ટ્રિલિયન ડોલરની લોન લીધી છે. દેવાના વધતા બોજને ધ્યાનમાં રાખીને, કોંગ્રેસ મૂનીએ ૧.૯ ટ્રિલિયન ડોલરના નવા રાહત પેકેજનો વિરોધ કર્યો છે. બ્રાઝિલનું પણ યુએસ પર ૨૫૮ અબજ ડોલરનું દેવું છે. ૨૦૦૦માં, યુ.એસ. પર ૬ ટ્રિલિયન ડોલરનું દેવું હતું, જે ઓબામા શાસન દરમિયાન બમણું થયું હતું. કોંગ્રેસ મૂનીએ કહ્યું કે ઓબામા આઠ વર્ષ સુધી દેશના રાષ્ટ્રપતિ હતા અને તેમના શાસનકાળ દરમિયાન દેવાના બોજ ખૂબ ઝડપથી વધ્યો હતો. કોંગ્રેસ મુનીએ અન્ય સાંસદોને પણ નવા રાહત પેકેજને મંજૂરી આપતા પહેલા તેનો વિચાર કરવાની અપીલ કરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે કોંગ્રેસના બજેટ કચેરીનો અંદાજ છે કે ૨૦૫૦ સુધીમાં યુ.એસ. ૧૦૪ ટ્રિલિયન ડોલર વધુ ઉધાર લેશે. આ એક ખૂબ જ ભયાવહ આંકડો છે. ભારતની વાત કરીએ તો, સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે આ બજેટમાં બજારમાંથી ૧૨ લાખ કરોડની લોન લેવાનો નિર્ણય કર્યો છે. હાલમાં સરકાર પર કુલ દેવું ૧૪૭ લાખ કરોડ છે. નવા નાણાકીય વર્ષમાં લોન લેવાની ઘોષણા પછી આ આંકડો ૧૫૯ લાખ કરોડ થઈ જાય છે. ચાલુ નાણાકીય વર્ષમાં અર્થવ્યવસ્થામાં ૩.૩ ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે. વર્તમાન નાણાકીય વર્ષ એટલે કે ૨૦૨૦-૨૧ માટે સરકારે રાજકોષીય ખાધ જીડીપીના ૯.૫ ટકા હોવાનો અંદાજ લગાવ્યો છે. આ ખાધનો અંદાજ આગામી નાણાકીય વર્ષ એટલે કે ૨૦૨૧-૨૨ માટે જીડીપીના ૬.૮ ટકા રાખવામાં આવ્યો છે.

# શું નવી ગાઇડલાઇન બાદ ભારતમાં વોટ્સએપ બેન થશે?

નવી દિલ્હી : સોશિયલ મીડિયાને લઈને ટેલિકોમ મંત્રી રવિશંકર પ્રસાદે નવી ગાઈડલાઈન બહાર પાડી છે. આ ગાઈડલાઈન અનુસાર સોશિયલ મીડિયા કંપનીઓ પાસેથી જરૂરિયાત અનુસાર કોઇ પણ પોસ્ટ-મેસેજના ઓરિજનલ ડેટા માંગી શકાય છે. ટેલિકોમ મિનિસ્ટર રવિશંકર પ્રસાદે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સોશિયલ મીડિયા કંપનીઓ માટે ગાઈડલાઈન જારી કરી છે. ખરેખરમાં આ સોશિયલ મીડિયા પર રેગ્યૂલેશન લાવવા વિશે છે. મંત્રીએ ઘણા મુદ્દાઓ જણાવ્યા છે, જેમાંથી એક એ છે કે જો કોઈ સોશિયલ મીડિયા પર છેતરપિંડી કરે છે, તો કંપનીએ તેના ઓરિજનલ સોર્સને શોધી કાઢે. પરંતુ વોટ્સએપનું કહેવું છે કે, તે આ કરી શકતા નથી. વોટ્સએપ ઘણા સમય પહેલા જ કહ્યું હતું કે, અમે એન્ડ ટૂ એન્ડ ઇંક્રિપ્શનના કારણે તે કરી શકતા નથી.

પરંતુ આ વખતે તે માંગ નથી, પંરતુ ગાઇડલાઈન છે. જો વોટ્સએપ આ ગાઇડલાઈનને ફોલો કરવાની ના પાડી દે છે તો એવામાં શું થશે? વોટ્સએપ પર પ્રતિબંધ લગાવવામાં આવશે? વોટ્સએપને લઈને પહેલા જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, વોટ્સએપ પર આ જાણકારી મેળવી શકતી નથી કે, કોઇપણ મેસેજનો ઓરિજનલ ડેટા ક્યા છે. એવામાં શું હવે વોટ્સએપ ગાઇડલાઇન ના માને તો શું થશે? શું ભારતમાં બેન કરવામાં આવશે?

# ઉંટડીનું દૂધ ઘણી બિમારીથી રાહત આપી શકે છે : રિપોર્ટ

નવી દિલ્હી : ઉંટડીનું દૂધ પચવામાં સરળ રહે છે. વળી તેમાં ગાયના દૂધ કરતા અનેક ગણા વધારે પોષક તત્વો રહેલા હોય છે. તેમાં ગાયના દૂધ કરતા વધુ માત્રામાં આર્યન, ઝિંક, પોટેશિયમ, કોપર, સોડિયમ અને મેગ્નેશિયમ હોય છે. ઉંટડીના દૂધમાં ગાયના દૂધ કરતા વિટામિન લેવલ્સ વધારે હોય છે. તેમાં પ્રોટીન પણ વધુ માત્રામાં હોય છે. ઉંટડીના દૂધમાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ મળી આવે છે, જેના સેવનથી હાડકાઓ મજબૂત થાય છે, તેમાં મળતું લેક્ટોફેરિન નામનું તત્વ કેન્સર સામે લડવામાં પણ મદદરૂપ થાય છે. આ દૂધને પીવાથી લોહીની ટોક્સિન્સ પણ દૂર થાય છે અને લિવર પણ સાફ થાય છે. જે લોકોને કોલેસ્ટ્રોલની તકલીફ હોય તેમને સામાન્ય રીતે દૂધ પીવાની ના પાડવામાં આવે છે.

તમને જાણીને નવાઇ થશે કે ઉંટડીના દૂધમાં કોલેસ્ટ્રોલ લેવલ નીચુ હોય છે. તેમાં રહેલા પ્રોટીન અને કાસેઈન્સને કારણે તે શરીરમાં હીલીંગ માટે જરૂરી તમામ પોષકતત્વો પૂરા પાડે છે. ઉંટડીનુ દૂધ ડાયાબિટીઝના રોગીઓ માટે રામબાણ ઇલાજ છે. ઉંટડીના ૧ લિટર દૂધમાં ૫૨ યૂનિટ ઇન્સુલિન મળી આવે છે, જે અન્ય પશુઓના દૂધમાં મળતી ઇન્સૂલિન કરતા વધારે છે. ઇન્સુલિન શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધારે છે, જેના સેવનથી વર્ષોનો ડાયાબિટીઝ મહિનાઓમાં ઠીક થઇ જાય છે. જે બાળકોને અમુક પ્રકારના ખાદ્યપદાર્થોથી એલર્જી રહેતી હોય તેમના માટે ઉંટડીનું દૂધ અક્સીર ઇલાજ છે.

વૈજ્ઞાનિક સંશોધન મુજબ ઉંટડીનુ દૂધ કોઇ પણ સાઇડઇફેક્ટ વગર એલર્જી સામે શરીરને લડવાની ક્ષમતા આપે છે. તે શરીરની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. શરીરને હાનિ પહોંચાડનારા તત્વો અને રોગ ફેલવાનારા તત્વો સામે શરીરને લડવાની ક્ષમતા આપે છે ઊંટડીનું દૂધ પીતા લોકો લાંબો સમય સુધી જવાન દેખાય છે. તેમાં આલ્ફા હાઈડ્રોક્સિલ એસિડ રહેલું હોય છે જે ત્વચા પરની કરચલી દૂર કરે છે અને ઉંમર વધતી અટકાવે છે. ગાય-ભેંસના દૂધની સરખામણીએ ઊંટડીનું દૂધ લો ફેટ છે. તેને કારણે શરીરમાં ફેટ વધતી નથી આથી કોલેસ્ટ્રોલ સમસ્યા પણ નથી થતી અને વજન પણ ઘટવા માંડે છે. તેમાં ઇન્સ્યૂલિન હોય છે અને શરીર માટે જરૂરી મોટાભાગના પોષકતત્વો હોય છે.

## રાજાના પુત્રએ માત્ર એક યુરોમાં મહેલ વેચી દીધો

# જર્મનીના રાજાના પુત્રએ મહેલ સરકારને વેચી દીધો

જર્મની : એ વાત ખુબ જ સાચી છે કે કોઈનો પણ સમય કોઈ પણ સમયે બદલાઈ શકે છે. રાજા ગમે ત્યારે રંક બની શકે છે અને રંક ગમે ત્યારે રાજા બની શકે છે. આજ સુધી તમે ફિલ્મોમાં રાજાઓનો વિનાશ જોયો હશે. પરંતુ તાજેતરમાં જર્મનીમાં એક એવી ઘટના સામે આવી છે,જેનાથી બધાને આશ્ચર્ય થયું છે. જર્મનીમાં હનોવર શહેરના રાજા અર્નસ્ટ ઓગસ્ટનું જીવન સંપૂર્ણ પણે બદલાઈ ગયું છે. રોટી, કપડા અને મકાનની જરૂરિયાતો પછી માણસ જીવનના અન્ય ખર્ચાઓ પર ફોકસ કરે છે.

દરેક જણ પોતાનું ઘર રાખવા માગે છે, જ્યાં તેઓ શાંતિથી જીવી શકે. જર્મનીના કિંગ અર્નસ્ટ ઓગસ્ટ તેમના મહેલમાં વૈભવી જીવન જીવી રહ્યાં હતા. પછી વર્ષ ૨૦૦૦માં, તેમણે તેમના પૂર્વજોનો મહેલ મેરીનબર્ગ કેસલને તેમના પુત્ર અર્નસ્ટ ઓગસ્ટ જુનિયરને સોંપ્યો. તમારી જાણકારી માટે, અર્નસ્ટ ઓગસ્ટ બ્રિટિશ ક્વીન એલિઝાબેથના દૂરના સંબંધી ભાઈ છે.

અર્નસ્ટ ઓગસ્ટના પુત્રએ ત્યાંની સરકારને ૧૩૫ રૂમનો અને અરબોનો મહેલ ફક્ત ૧ યુરોમાં વેચી દિધો. પુત્રના આ ગાંડપણના કારણે પિતા બીજા દેશના એક લોજમાં ભાડા પર રહેવા મજબૂર થયા છે. અર્નસ્ટ ઓગસ્ટે વિચાર્યુ હતું કે તેના પછી તેનો પુત્ર આ મહેલની દેખરેખ રાખશે. પરંતુ તેવું થયું નહીં. આ સમાચારથી અર્નસ્ટ ઓગસ્ટ ગભરાઈ ગયો અને હવે તેના પુત્ર સામે કેસ કર્યો છે.